بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફયુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧/જાન્યુઆરી/૨૦૧૭**

રબીઉલ અવ્વલ – જમાદિઉલ અવ્વલ

હિજરી સન : ૧૪૩૮

વર્ષ : ૧૪, અંક : ૦૧, સળંગ અંક : ૧૫૭

સ્થાપક અને પ્રકાશક

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયુઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## અનુક્રમણિકા


01 દુઆમાં અંબિયાએ કિરામની સુન્નત અપનાવો ! 02

02 જુનેદ જમશેદ તથા તારીક જમીલની ગુસ્તાખીઓ 03

03 કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન 09

04 (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત 12

05 હદાઈકે બખ્શિશ 15

06 સીરતે રસૂલે મુખ્તાર صلی اللہ علیہ وسلم 17

07 હુઝૂર ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہની દા'વતી ખિદમતોની એક ઝલક 20

08 ઈસ્લામનું તલાક઼ વિશે બંધારણ કુર્આન હદીષની... 24

09 મુસલમાનો ! એક સાથે ત્રણ તલાક઼ કદાપિ ન આપશો ! 30

10 હઝરત દાતા ગંજબખ્શ ફયઝે આલમ رحمۃ اللہ علیہ 33

11 ઈરાકની તબાહી હલાકૂથી બુશ સુધી 37

12 હઝરત શાહ સૈયદ તુરાબુલ હક્ક઼ ક઼ાદરી رحمۃ اللہ علیہ 41

13 બરકાતે ખ્વાજાની ટપાલ 45


### સરકારે ગૌષે આ'ઝમ નઝરે કરમ رضی اللہ عنہ

સરકારે ગ઼ૌષે આ'ઝમ નઝરે કરમ ખુદારા
મેરા ખાલી કાસા ભર દો મૈં ફકીર હૂં તુમ્હારા
સબકા કોઈ ન કોઈ દુન્યામેં આસરા હૈ
મેરા બજુઝ તુમ્હારે કોઈ નહીં સહારા
ઝોલીકો મેરી ભર દો વરના કહેગી દુન્યા
ઐસે સખીકા મંગતા ફિરતા હૈ મારા મારા
યે અદા–એ–દસ્તગીરી કોઈ મેરે દિલસે પૂછે
વહી આ ગયે મદદકો મૈંને જબ જહાં પુકારા
સિદ્દીક઼ ઉમરકા સદક઼ા ઉષ્માં અલી કા સદક઼ા
મેરી લાજ રખ લો યા ગ઼ૌષ મૈં ફક઼ીર હૂં તુમ્હારા
ખ્વાજા પીયાકા સદક઼ા ગંજે શકરકા સદક઼ા
દાતા પીયાકા સદક઼ા અહમદ રઝાકા સદક઼ા
મખ્દૂમ અશરફકા સદક઼ા કલીયર પીયાકા સદક઼ા
મેરી લાજ રખ લો યા ગ઼ૌષે મૈં ફક઼ીર હૂં તુમ્હારા
યે તેરા કરમ હૈ યા ગ઼ૌષ કે બના લિયા હૈ અપના
કહાં મુઝસા યે કમીના કહા સિલસિલા તુમ્હારા

# દુઆમાં અંબિયાએ કિરામની સુન્નત અપનાવો !

અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

પયગામે નૂરી

દુઆ માગવામાં આજીજી તથા નિયાઝમંદીના પ્રદર્શન સાથે એ પણ જરૂરી છે કે દુઆ માગનાર પર ખૌફ તથા ઉમ્મીદની કેફિયત છવાયેલી હોય.

બારગાહે સમદિયતમાં માણસોની દુઆનો મકામ અલગ અલગ છે. મા બાપની દુઆ ઔલાદના હક્કમાં, ઉસ્તાદની દુઆ શાર્ગિદના હક્કમાં, મુર્શિદે કામિલની દુઆ મુરીદના હક્કમાં, એ જ પ્રમાણે મુસાફિરની દુઆ હાજીની દુઆ, બીમારની દુઆ તથા મો'મિનની બીજા મો'મિનના હક્કમાં દુઆ. એ જ કારણે આપણે રોજ બરોજની જિંદગીમાં મુસીબતના માર્યાઓને નેક લોકો તથા બુઝુર્ગોથી દુઆ કરાવતા જોઈએ છીએ. એટલા માટે કે લોકોની દિલી માન્યતા છે કે દુઆથી કામ બની જાય છે. બલ્કે કહેનારે સાચુ કહ્યું છે કે જે કામ મહેનત તથા તકલીફ કરવાથી નથી બનતુ તે કેટલીકવાર દુઆથી બની જાય છે. એ જ પ્રમાણે જે કામ દુશ્મનોના કારણે નથી બગડતુ તે ઘણીવાર બદદુઆથી બગડી જાય છે.

જો આપણે કુર્આને મુકદ્દસની તિલાવત કરીએ તો એમાં ઠેક ઠેકાણે મહાન પયગંબરો عَلَيْهِمُ السَّلَام ની દુઆઓ મળશે. તેમના દુઆના શબ્દો તથા દુઆના અંદાઝથી આપણને માગવાનો તરીકો મળશે. હઝરત આદમ علیہ السلام એ બારગાહે સમદિયતમાં આજીજી તથા ઈન્કેસારીનું એવું અઝીમુશ્શાન પ્રદર્શન કર્યું કે મૌલા તઆલાની રહમતને પ્યાર આવી ગયો. અર્ઝ કરે છે :–

رَبَّنَا ظَلَمْنَا اَنْفُسَنَا وَ اِنْ لَّمْ تَغْفِرْ لَنَا وَ تَرْحَمْنَا لَنَكُوْنَنَّ مِنَ الْخٰسِرِيْنَ

"હે અમારા રબ ! અમે અમારા માટે બુરુ કર્યું, જો તું અમને ન બખ્શે અને અમારા પર રહમ ન કરે તો અમે જરૂર નુકસાનવાળાઓમાં થયા."

*(સૂ. અઅ્રાફ–૨૩)*

સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن એ નબી કરીમ صلی اللہ علیہ وسلم ની ખિદમત કરીને આપની દુઆ લીધી. એ જ પ્રમાણે આજ્ઞાંક્તિ પુત્ર, મુરીદ તથા શાર્ગિદ વગેરેમાં જે હઝરાત પણ પાત્રતા તથા લાયકાતવાળા મળશે તો તેમની કામયાબી તથા કામરાનીમાં કોઈ ન કોઈની દુઆની અસર જરૂર જોવા મળશે. યાદ રાખો ! દુઆઓ ખિદમતથી મળ્યા કરે છે, વાતોથી નહીં. બુઝુર્ગોને દીનની સીરત તથા જીવન ચરિત્ર એના માટે સાક્ષી છે.

હઝરત યૂનુસ علیہ السلام એ માછલીના પેટમાં દુઆ કરી તો આ પ્રમાણે અર્ઝ કર્યું :–

لَا اِلٰهَ اِلَّا اَنْتَ سُبْحَانَكَ اِنِّىْ كُنْتُ مِنَ الظّٰلِمِيْنَ

"કોઈ મઅબૂદ નથી સિવાય તારા, પાકી છે તને, મારાથી અયોગ્ય થયું." *(સૂ. અંબિયા–૮૭)*

હઝરત ઐયૂબ علیہ السلام એ દુઆ કરી તો આ પ્રમાણે ગુઝારિશ કરી :–

اِنِّىْ مَسَّنِىَ الضُّرُّ وَاَنْتَ اَرْحَمُ الرّٰحِمِيْنَ

મને તકલીફ પહોંચી, અને સર્વ મહેરવાળાઓથી વધીને મહેરવાળો છે. *(સૂ. અંબિયા–૮૩)*

આકાએ કરીમ صلی اللہ علیہ وسلم એ દુઆને ઈબાદતનું મગ્ઝ (મૂળ) ઠરાવ્યું છે. اَلدُّعَآءُ مُخُّ الْعِبَادَةِ અને આપણા નબીએ દુઆ કરી : رَبِّ زِدْنِىْ عِلْمًا "હે મારા રબ ! મને અધિક ઈલ્મ આપ !" *(સૂ. તાહા–૧૧૪)*

હદીષના ભંડારમાં પણ હુઝૂર صلی اللہ علیہ وسلم ની દુઆઓ મૌજૂદ છે જે વિવિધ પ્રસંગોએ આપે કરી. અંબિયાએ કિરામ તથા ઔલિયાએ કિરામની જે પણ દુઆઓ પઢશો એમાં આજીજી તથા ઈન્કેસારી (પોતાને તુચ્છ પ્રદર્શિત કરવું) સ્પષ્ટપણે જોવા મળશે, અને આ જ બંદગીની શાન પણ છે. વધુ પેજ નં. ૧૯ પર

## પાકિસ્તાનમાં દેવબંદી તબ્લીગી જમાતના બે ફિત્ના

# જુનેદ જમશેદ તથા તારીક જમીલની ગુસ્તાખીઓ

ફિલ્મી લાઈનમાંથી નીકળીને પાકિસ્તાનમાં દેવબંદી તબ્લીગી જમાતનો પ્રચારક બનેલ પોતાની ફિલ્મી ઢબની ધોકાબાઝીઓથી સાદી ભોળી મુસ્લિમ ઉમ્મતને ગુમરાહિયત દેવબંદિયત તરફ બોલાવનાર, ફિલ્મી ગવૈયામાંથી જાહિલ ખતીબ બનનાર, નઅતો પઢીને સુન્ની ભોળી અવામને બહેકાવનાર કે જેણે થોડાક સમય પહેલાં અલલ એલાન ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاની શાનમાં તૌહીન કરી હતી તેમજ સહાબાએ કિરામની શાનમાં તૌહીન કરી હતી, તેમજ પોતે પ્રખર વહાબી દેવબંદી અકીદા ધરાવનાર "જુનેદ જમશેદ" તા. ૭–૧૨–૨૦૧૬ના રોજ પ્લેન ક્રેશમાં મૃત્યુ પામ્યો અને આગમાં રાખ બની ગયો. તો એના મૃત્યુ પર દેવબંદી તબ્લીગી જમાતના ગુસ્તાખ મોલ્વી તારીક જમીલે જૂઠા ખ્વાબના સહારે તેને જન્નતી ઠરાવી દીધો. આવો ! વિગતે ચર્ચા જોઈ લો !

**શું તારીક જમીલનું આ દેખીતુ નાટક નથી ?!**

પાક.TV પર વસીમ બદામીના પ્રોગ્રામમાં દેવબંદી મોલ્વી તારીક જમીલે કહ્યું કે, "મેરે દોસ્તને કૉલ કરકે મુઝે બતાયા કે ઈસે હુઝૂર ﷺ ખ્વાબમેં આયે ઔર બતાયા કે તારીક જમીલ કો કહ દો, તુમ્હારા દોસ્ત જુનેદ જમશેદ મેરે પાસ આ ગયા ઔર અલ્લાહને ઉસે બખ્શ દિયા." પછી તારીક જમીલ કહે છે કે, **"મુઝે યહ સુનકર બહુત હી ખુશી હુઈ !"** (you tube)

હવે ઠંડા દિલે વિચારો કે વહાબી દેવબંદીઓનો અકીદો છે કે "નબી પાક ﷺ માટે ઈલ્મે ગયબ હોવાનું માનવું શિર્ક છે." પણ અહીં આ મોલ્વી તારીક જમીલ દેવબંદીના શબ્દો "મુઝે યહ સુનકર બહુત હી ખુશી હુઈ !" એ દર્શાવે છે કે તેમણે આ ખ્વાબને ૧૦૦ ટકા સાચો માન્યો. અમારો સવાલ મોલ્વી તારીક જમીલ તથા સર્વ દેવબંદી વિચારસરણીવાળાઓથી છે કે તમારા મોટા મોટા ગુરૂઓએ તો એવું કહ્યું કે, "હુઝૂર ﷺને દીવાલ પાછળનો પણ ઈલ્મ નથી, ન ઝાતી તૌર પર ન અતાઈ રીતે." (તક્વિયતુલ ઈમાન) તો પછી હુઝૂર ﷺને કઈ રીતે ઈલ્મ થઈ ગયો કે : (૧) જુનેદ જમશેદ એ તારીક જમીલનો દોસ્ત છે. (૨) તેનો ઈન્તેકાલ થઈ ગયો છે. (૩) અલ્લાહે એને બખ્શી આપ્યો છે. કેમ કે **આ ત્રણેવ વાતો ઈલ્મે ગયબથી છે !**

હવે ક્યાં તો એવો ઈકરાર કરે કે આ ખ્વાબ જૂઠો છે જે તેમણે વર્ણવ્યો. અને જો તે એ ખ્વાબને સાચો માને છે તો પછી નબી કરીમ ﷺના ઈલ્મે ગયબનો સ્વીકારી કરી લે અને જાહેર કરી આપે કે દેવબંદી મકતબે ફિકની માન્યતા કે, "હુઝૂરને માટે ઈલ્મે ગયબ માનવું શિર્ક છે" એ માન્યતા જૂઠી તથા કમજોર તેહકીક પર આધારિત છે, અને દેવબંદિયતથી તૌબા કરીને જાહેર કરી આપે કે દેવબંદી પેશવાઓ જે થઈ ગયા અને હાલ

જેઓ તેમના માર્ગે ચાલે છે તેઓ સૌ ગુમરાહ છે, બેદીન છે કે અલ્લાહના નબી પાક ﷺના ઈલ્મે ગયબને માનવાને શિર્ક કહે છે.

હે ભોળા સુન્ની ભાઈઓ ! આવા ધોકાબાઝ એક્ટર જેવી એક્ટીંગ કરનારા મોલ્વીઓથી ક્યાં સુધી તમે છેતરાશો ?! જેને પોતે શિર્ક સમજે છે પણ જરૂરત પડે તેનાથી જ કામ ચલાવી લીધું ! સમજો અને એમની ધોકાબાજીઓથી બચો ! તેમના બયાનો સાંભળી પોતે પણ ગુમરાહીમાં ન પડો.

**શું આવો બદબખ્ત ગુસ્તાખ જન્નતી થઈ શકે !**

એક બયાનમાં આ જાહિલ જમશેદ સૂરએ ફતહની આયત اِنَّا فَتَحْنَا لَكَ فَتْحًا مُّبِيْنًاની તસ્રીહ કરતાં જણાવે છે કે, "અલ્લાહે ખુશ થઈને ફર્માવ્યું કે હે મારા નબી ! **"મૈં તમારા નાના મોટા, આગલા પાછલા સર્વ ગુનાહો માફ કરી આપ્યા..."** (*youtube/ciAkysrydhi*)

સર્વ અંબિયા માસૂમ છે, તેમનાથી ગુનોહ થવો અશક્ય, મુહાલ છે. એ ઈસ્લામનો માન્યવર અક઼ીદો છે. તો પછી આ જાહિલ જમશેદ હુઝૂર ﷺને ગુનેહગાર દર્શાવીને હુઝૂરની પ્રશંસા કરી રહ્યો છે કે તૌહીન કરી રહ્યો છે ?!

**મા આઈશા رضی اللہ عنہاની શાનમાં બેઅદબી**

ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہاની શાનમાં કેટલી મહાન ગુસ્તાખી કરે છે તે જુઓ ! કહે છે, "માં આઈશા એટેન્શન માંગતી થીં હુઝૂર ﷺકા. અકષર બીમાર હો કે લેટ જાતી થીં. (આ કેટલો મહાન જૂઠો આક્ષેપ તથા તૌહીન છે ?! આગળ કહે છે) અલ્લાહકે નબી આતે થે પૂછતે થે, ક્યા હુવા ?! તીમારદારી કરતે થે, પૂછતે થે. એક દિન ઐસે હી અપને સરકો લપેટકર સો ગઈ. આહ ! આહ ! કરને લગીં. અલ્લાહકે નબી આયે. પૂછા, ક્યા હુવા આઈશા ?! કહા, સર ફટ રહા હૈ, બહોત બીમાર હું ! (નબીને) કહા, હાય આઈશા ! ઈસી બીમારીમેં અગર તેરા ઈન્તક઼ાલ હો ગયા તો અલ્લાહકે નબી તેરી નમાઝે જનાઝા પઢેંગે ! તૂં કિતની ખુશનસીબ હોગી ?!" (જમશેદનું આ બયાન સાંભળીને મજમો જોર જોરથી હસવા લાગ્યો, જાણે મીમિક્રીની હસાહસની મેહફિલ હોય એ પ્રમાણે ! પછી આગળ કહ્યું) "યહ હોતા અકષર ! (ઔર માં આઈશાને કહા) "આપ તો ચાહતે હી યહી હૈં કે મૈં મર જાઉં ઔર આપ દુસરીયોંકે પાસ પહુંચ જાએં ! (આગળ કહે છે) : **તો યહ ઈસ બાતકા ષબૂત હૈ કે નબી કી સોહબત મિલકે ભી ઔરત નહીં બદલ સકતી !** ભઈ ! ઈસકો બદલનેકી કોશિશ ન કરના ! યહ ટેઢી પસલીકી પૈદાવાર હૈ, ઈસકો જોર લગાઓગે તો ક્રેક હો જાએગા. (*youtube/jflVDHDuy6u*)

**હે ન્યાય પ્રિય વાંચકો ! હે સુન્ની ભાઈઓ !** આ વાત કરવાનો અંદાજ કેટલો હલકો તથા તૌહીન આમેઝ છે ! કોઈ પોતાની મા વિશે સાચી વાત પણ આ રીતે રજૂ ન કરે ! તેને પણ બેઅદબી સમજે. તો પછી અલ્લાહના નબી ﷺની ચહીતી બીવી, તમામ ઉમ્મતીઓની મા વિશે આ રજૂઆત ! અને ન કોઈ હદીષનો હવાલો ન કોઈ કિતાબનો હવાલો ! જાણે ડ્રામો કરી રહ્યો હોય તેમ જુનેદ જમશેદ બકવાસ કરી રહ્યો છે, જાણે કોઈ આમ જાહિલ સ્ત્રી વિશે વર્ણન કરી રહ્યો છે ! ફરીથી વાંચો અને મેહસૂસ કરો કે કેટલા હલકા અંદાઝમાં રજૂઆત કરી છે.

જ્યારે કે કુર્આનમાં છે કે, "હે નબીની બીવીઓ ! તમો આમ સ્ત્રીઓ જેવી નથી." અલ્લાહ કુર્આનમાં જેમની પાકીનું, જેમની ખૂબીઓનું વર્ણન કરે છે તેમના વિશે આવી વાતો ?! અને હદ તો એ કે કહ્યું, **"નબીની સોહબત પામીને પણ મા આઈશા ન બદલાયાં !"** "(મઆઝલ્લાહ !) આ બદબખ્તે શું સીરત પઢી છે ઉમ્મહાતુલ મો'મિનાતની કે આવો બકવાસ કરી રહ્યો છે ?! હઝરત આઈશા رضی اللہ عنہا તો તે છે કે નબી ﷺની સોહબતમાં એવાં મોહદ્દિષા બની ગયાં હતાં કે જ્યારે સહાબા કોઈ મસ્અલામાં જરૂર પડતી તો મા આઈશા પાસે રુજૂઅ કરતા તો મસ્અલો હલ થઈ જતો. અને આ બદબખ્ત આવી તૌહીન કરે છે ! પછી જગતભરમાંથી ફિટકાર તથા માર પણ પડે છે ! તો તૌબાનો ડ્રામો કરી લે છે. તેમાંય ન તો તજદીદે ઈમાન કરે છે ન નિકાહ દોહરાવાય છે. કહે છે, હું જાહિલ છું ! તો પછી મોઢાનું ઠોકીને બયાનો શા માટે કરે છે અને લોકોને શા માટે ગુમરાહ કરે છે ?!

## સહાબાની શાનમાં બેઅદબી

એ જ ગુમરાહ દેવબંદી તબ્લીગી જમાતના મુબલ્લિગ અને કેટલાય વર્ષોથી લોકોને તબ્લીગી જમાત તરફ બોલાવનાર જુનેદ જમશેદે ૨૫ ઓક્ટો. શમા ચેનલમાં નદીમ મલેકના પ્રોગ્રામમાં પોતાના અંદાજ તથા શબ્દો વડે સહાબાની બેઅદબી કરી. સાંભળો ! કહે છે, "એક વાત મારે તમોને ખાસ બતાવવી છે કે આપણે જે હઝરત ઉમર, હઝરત ઉમર, હઝરત ઉમર.....કહેતા રહીએ અને દરેક વખતે એમની તારીફો કર્યા કરીએ છીએ. અમ્મા આઈશા ફર્માવ્યા કરતાં હતાં કે "ઉમરનો ઝિક્ર તમારી મજલિસમાં કર્યા કરો, ઉમરના તો ઝિક્રથી જ અદબ ફેલાય છે. (આગળ કહે છે) નદીમભાઈ ! **આ જે લોકોએ (હઝરત ઉમર વગેરે સહાબાએ) જંગો લડી છે ઈસ્લામના માટે, એઓ પોતાના પૂરાણા સમયના સૌથી મહાન ચોર તથા ડાકૂ હતા ! એઓ લૂટારા હતા ! એઓ કાફલા લૂટયા કરતા હતા !**

વિચારો ! જેમના માટે કુર્આને ફર્માવી આપ્યું, رَضِیَ اللّٰہُ عَنۡہُمۡ وَ رَضُوۡا عَنۡہُ "અલ્લાહ તેના મહબૂબના સહાબીઓથી રાજી છે અને મહબૂબના સહાબીઓ અલ્લાહથી રાજી છે." *(સૂ. માઈદા, આ–૧૧૯)* એક અન્ય ઠેકાણે ફર્માવ્યું : وَ کُلًّا وَّعَدَ اللّٰہُ الۡحُسۡنٰی "અલ્લાહ તઆલાએ મહબૂબના તમામ સહાબા માટે જન્નતનો વાયદો કરી લીધો છે." *(સૂ. નિસાઅ, આ–૯૫)* વળી કુર્આને એ પણ ફર્માવ્યું કે, فَاِنۡ اٰمَنُوۡا بِمِثۡلِ مَاۤ اٰمَنۡتُمۡ بِہٖ فَقَدِ اہۡتَدَوۡا "કયામત સુધી એનું જ ઈમાન અલ્લાહ તઆલાની બારગાહમાં કબૂલ થશે, જે મારા મહબૂબના સહાબાની જેમ ઈમાન લાવશે." *(સૂ. બકરહ, આ. ૧૩૭)*

હવે જુઓ કે કુર્આનમાં અલ્લાહ જેમની તારીફમાં ફર્માવે છે કે : (૧) અલ્લાહ સહાબાથી રાજી થયો અને એ અલ્લાહથી રાજી થયા. (૨) અલ્લાહે સહાબાથી જન્નતનો વાયદો કરી લીધો. (૩) કયામત સુધી એનું જ ઈમાન અલ્લાહ સ્વીકારશે જે સહાબા જેવું ઈમાન લાવશે. ઉપરાંત અનેક આયતો, હદીષોમાં સહાબાની તારીફ છે. તો પછી આ જાહિલ જમશેદ તેમને ચોર, ડાકૂ, લૂટારા.......કહીને શું કહેવા માગે છે ? કોઈ કહે કે, અરે ભાઈ ! એ તો તેમના કુફ્રના સમયની વાત કરે છે ! તો અમે કહીએ છીએ કે એને કુર્આન હદીષની પ્રશંસાઓ રજૂ કરવાનું ન સૂઝયૂં કે અબૂબક્ર, ઉમર, ઉષ્માન, અલી વગેરે رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن જેવા મહાન સહાબા (જે બધા એવા ન હતા) વિશે આવી રજૂઆત કરે છે ?! શું આ ગુસ્તાખી નથી ?! અને માનો કે એવા હતા તો પણ જ્યારે નબી ﷺના હાથ પર કલ્મો પઢી સહાબી બની ગયા તેમની આ રીતે

ઓળખ કરાવવાની શું જરૂર હતી જ્યારે કે કુર્આન તેમની તારીફ કરી રહ્યું છે ?! સહાબા પોતાની વાત જાતે પોતે રજૂ કરે એ જુદી વાત છે અને કોઈ કહેવાતો મુસલમાન તેમને સમયના મહાન ચોર, ડાકૂ, લૂટારા.....કહે તે અલગ વાત છે ! શું નબી ﷺએ એવી તાલીમ આપી છે કે મારા સહાબાને એ રીતે યાદ કરો ?! સાંભળો !

હદીષે પાકનો ખુલાસો કે, આકા કરીમ ﷺ ફર્માવે છે કે જ્યારે તમે મારા સહાબાનો ઝિક્ર (ઉલ્લેખ) કરો તો ખૈર (ભલાઈ, સારી વાત)ની સાથે કર્યા કરો. **જ્યારે તમે મારા સહાબાની વાત કરો તો એ રીતે મારા સહાબાને યાદ કરો કે જેમાં ખૈર જાહેર થઈ રહ્યું હોય, મારા સહાબાની અઝમત (મહાનતા) તથા મર્તબો જાહેર થઈ રહ્યો હોય.**

વળી તિર્મિઝી શરીફની હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, " હે લોકો ! મારા સહાબાના બારામાં અલ્લાહથી ડરો ! હે લોકો ! મારા સહાબાના બારામાં અલ્લાહથી ડરો ! મારા બાદ મારા સહાબાને નિશાન ન બનાવશો ! જેણે મારા સહાબાથી મહોબ્બત કરી, હકીકતમાં એણે મારા લીધે મારા સહાબાથી મહોબ્બત કરી. અને જેણે મારા સહાબાથી દુશ્મની કરી, હકીકતમાં તેણે મારી દુશ્મનીના કારણે મારા સહાબાથી દુશ્મની કરી. **જેણે મારા સહાબાને તકલીફ આપી, તેણે મને તકલીફ આપી અને જેણે મને તકલીફ આપી તેણે હકીકતમાં અલ્લાહને તકલીફ આપી ! અને જે બદબખ્ત અલ્લાહ તઆલાને તકલીફ પહોંચાડે છે તેને નજીકમાં જ અલ્લાહ તઆલા પોતાના અઝાબમાં સપડાવે છે.** *(તિર્મિઝી શરીફ)* જેમ કે જુનેદ જમશેદના હાલ થયા અને હજી આખેરતમાં થશે.

હવે વિચારો કે શું જાહિલ જમશેદના અપમાનજનક અંદાજમાં એવું કહેવાથી કે આ ઈસ્લામી જંગો લડનારા (સહાબા) જેઓ પોતાના પૂરાણા **સમયના "સૌથી મહાન ચોર તથા ડાકૂ હતા ! એઓ લૂટારા હતા ! એઓ કાફલા લૂટયા કરતા હતા !" ઉપરથી શરૂઆતમાં સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે આપણે જે હઝરત ઉમર ! હઝરત ઉમર ! હઝરત ઉમર ! કરતા રહીએ છીએ ! ..........** સારાંશ કે હદીષમાં છે કે, **"મારા બાદ કોઈ નબી હોત તો ઉમર હોત !"** તથા ઉમર رضی اللہ عنہને જોઈને શૈતાન રસ્તો બદલીને નાસી જાય છે. તેમજ અન્ય અનેક ફઝીલતો હઝરત ઉમર رضی اللہ عنہની છે તેમના જ તરફ નિર્દેશ પણ કર્યો છે ! વળી અબૂબક્ર, ઉમર, ઉષ્માન, અલી વગેરે મહાન સહાબામાં માજીમાં પણ કોઈ એવા ન હતા, છતાં આ મહાન સહાબાને ચોર, લૂટારા, ડાકૂ કહે છે મઆઝલ્લાહ ! **તો શું આવો ગુસ્તાખ જહન્નમી ન થાય તો જન્નતી થશે ?!** તો મુસલમાનો ! ઠંડા દિલે વિચારો અને આવા બદબખ્તોથી, તેમનાં બયાનો સાંભળવાથી દૂર રહો, નહીં તો ક્યાંક તમો પણ તેમની સાથે કોઈ ગુસ્તાખીની લપેટમાં એની બેહૂદા વાણી સાંભળીને ફસાય ન જાવ કે જે તમારી આખેરતને બર્બાદ કરી નાખે.

**તારીક જમીલની અસલિયત જાણો !**

હવે આવો ! ભોળા ભાળા મુસલમાનોને બહેકાવવા માટે દેવબંદી મોલ્વી તારીક જમીલ બનાવટી ખ્વાબ રજૂ કરીને ગુસ્તાખ જુનેદ જમશેદને જન્નતી ઠરાવવા જાય છે ! તો એ દેવબંદી મોલ્વી તારીક જમીલ ખુદ અલ્લાહ તથા રસૂલની શાનમાં શું ગુસ્તાખીઓ કરી ચૂક્યો છે તેને જાણવા વાંચો તંત્રી લેખ બરકાતે ખ્વાજા મંથલી, જાન્યુ.—૨૦૧૫ અને youtube પર "તારીક જમીલકી ગુસ્તાખિયાં" લખો તો જોવા સાંભળવા પણ મળશે કે આ બદબખ્ત કેવી નાટકી ઢબે ગુસ્તાખીઓ કરે છે. અત્રે અમુક નમૂના હાજર છે જુઓ !

કોઈ માનવીને આમંત્રણ આપતો હોય તેમ મોલ્વી તારીક જમીલ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ﷻને સંબોધીને કહે છે :–

*"આ જા ! આ જા ! બળી દેર હો ગઈ ! નહીં આના હૈ ફિર ભી આ જા ! એક દફા કહ દે મૈં આ રહા હૂં ...!" ........."તૂ એલાન કર દે કે મૈં આ રહા હૂં... તૂ કહ દે કે મૈં આ રહા હૂં...! તૂ હમારે સામને હોતા તો હમ તેરે પાઉં પકળ લેતે ! હમ તુઝસે ચિમટ જાતે ! ... તેરે આગે પીછે યા અલ્લાહ ! હમ શોર મચાતે ! .... તૂ આજ ભી ન આયા તો તૂ કબ આયેગા ?!"*

તૌબા ! અસ્તગફિરુલ્લાહ ! અલ્લાહની શાનમાં આ શબ્દો કેટલી મહાન ગુસ્તાખી છે ?! અને છતાં આ ગુસ્તાખનાં બયાનો કે વાતોને તમે કઈ રીતે સાંભળી શકો છો ?! તમારી ઈમાની ગૈરત ક્યાં ગઈ ?

**નબી કરીમ ﷺની શાનમાં તારીક જમીલની ગુસ્તાખી !**

અલ્લાહની શાનમાં બેઅદબી કરનાર આ મોલ્વી તારીક જમીલ અલ્લાહના પ્યારા મહબૂબ ﷺને માટે કેવા બેઅદબીભર્યા શબ્દો વાપરે છે તે જુઓ ! ખુદ જણાવે છે :–

*"અલ્લાહે પોતાના **"નબી ﷺની જિંદગીની કક્ષા"** દુનિયવી લેહાઝથી **એટલી નીચી રાખી, એટલી નીચી રાખી** કે કોઈ ફક઼ીર અલ્લાહને શિકવો નથી કરી શકતો. મરીથી અમારી (તબ્લીગી) જમાઅત આવી રહી હતી. ત્યાં મજૂરો ભેગા થયા હતા. હજાર દોઢ હજાર મજૂરો સમક્ષ મેં બયાન કર્યું. માટી જ માટી તેમના શરીર પર હતી, હાથો પર માટી, સર્વ કપડાં મેલાંઘેલાં હતાં. મેં કહ્યું, ભાઈ ! કોઈ એવો ફક઼ીર છે જેના ઘરમાં ત્રણ દિવસ ચુલો ન સળગતો હોય ? કોઈ એવો તમારામાં ફક઼ીર છે ? સૌએ કહ્યું કે નહીં ! કોઈ નથી ! મેં કહ્યું, **મારો તમારો નબી એવો ફક઼ીર હતો!**........" (માસિક: અદઅવતુ ઈલલ્લાહ, ૭–૧–૨૦૦૭, લાહોર, પેજ : ૨૩, બયાન : મૌલાના તારીક઼ જમીલ, જુઓ : youtube પર Tarik jamilki Gushtakhi)*

સુન્નીઓ ! વિચારો ! નબી ﷺને સદા તુંકારમાં સંબોધનાર તથા નબી કરીમ ﷺને "ફક઼ીર" કહેનાર ગુસ્તાખે નબી તારીક જમીલને મિશ્કાત શરીફની આ હદીષ ન યાદ આવી કે, "મારી પાસે જમીનના ખજાનાઓની કૂંચીઓ લાવવામાં આવી અને મને સોંપવામાં આવી." તેમજ ફર્માવ્યું : "જો હું ચાહું તો મારી સાથે સોનાના પહાડ ચાલ્યા કરે." તેમજ કુર્આનમાં રબ તઆલાએ રસૂલુલ્લાહ ﷺને પોતે "ગની" જ નહીં પણ અન્યોને "ગની" (માલદાર) કરનારા દર્શાવ્યા છે. એ ઉપરાંત આપના ઈખ્તિયારો દર્શાવતી અસંખ્ય આયતો હદીષો મૌજૂદ છે તે ન સૂઝયું તો સામાન્યથી અતિ સામાન્ય ફક઼ીર હુઝૂર ﷺને દર્શાવ્યા ?! એ તંગીની સ્થિતિ તો ઈખ્તિયારી હતી, કાંઈ સામાન્ય માણસો જેમ આવી પડેલી આફત કે ગરીબાઈ કે ફક઼ીરી કે ભૂખમરો ન હતો. છતાં તારીક જમીલ કેવા શબ્દ વડે નબી ﷺને સંબોધે છે !

ફતાવા ક઼ાઝીખાનમાં છે કે, **"જે શખ્સ નબીને કોઈ પ્રકારનો એબ લગાડે તે કાફિર છે."** તો હુઝૂર ﷺની જિંદગીની કક્ષાને નીચી, ખૂબ નીચી કહેનાર તથા આપને "બધાથી વધુ ફક઼ીર" કહેનાર આ તારીક જમીલે હુઝૂર પર અયબ લગાડયો કે નહીં ?!

**અન્ય નબીઓની તથા અહલે બયતની શાનમાં ગુસ્તાખી !**

આમ પણ આ દેવબંદી જમાતનો મોલ્વી તારીક જમીલ પોતે મોલ્વી અશરફ અલી થાનવી, મોલ્વી રશીદ અહમદ ગંગોહી, મોલ્વી કાસિમ નાતોન્વી વગેરેને જેઓ નબીની ગુસ્તાખીમાં પડી કુફ્ર કરી ચૂક્યા છે તેમને પોતાના પેશવા સ્વીકારીને પોતે પણ કુફ્રમાં પડેલો છે જ ! અને તેના પેશવાઓના પગલે ચાલી સહાબા તથા નબી કરીમ ﷺ તેમજ અન્ય અંબિયાની શાનમાં તેમજ અહલે બયતની શાનમાં અધિક ગુસ્તાખીઓ કરી રહેલ છે જેની સંક્ષિપ્ત વિગત જુઓ : એક ઠેકાણે કહે છે :–

*"તૌરાત અલ્લાહની કિતાબ નથી, ઝબૂર અલ્લાહની કિતાબ નથી, ઈન્જીલ અલ્લાહની કિતાબ નથી, કુર્આન અલ્લાહની કિતાબ છે."*

વિચારો ! શું અલ્લાહની કિતાબોનો સ્પષ્ટ ઈન્કાર કરનાર તારીક જમીલ ઈસ્લામમાં રહી શકે છે ?!

એક જગાએ કહે છે :– *"ઈમામે હસન રમતા રમતા આવ્યા. જોયું કે રસૂલુલ્લાહ ﷺ સૂતેલા છે અને આપની નાફ (ડૂંટી)નું કાણુ નજર આવ્યું તો તેમણે ત્યાંથી પેશાબની ધાર મારી ! "* આ શું બકવાસ થઈ રહ્યો છે ?! એક જગાએ કહે છે :–

*".........ઉન્હોંને (વહાબિયોં)ને કહા : યહ સબ્ઝ ગુંબદ તોળ દિયા જાએ, કબ્ર પર ગુંબદ બનાના મના હૈ. પછી પોતે કહે છે : ઔર યહ બિલકુલ સહીહ બાત હૈ કબ્ર પર ગુંબદ બનાના મના હૈ, ઉસે તોળ દિયા જાએ."*

એક તકરીરમાં *અલ્લાહના ખલીલ હઝરત ઈબ્રાહીમ عليه السلام ને બુઢ્ઢા કહ્યા, હઝરત મૂસા عليه السلام ને માટે કહ્યું, મૂસા ભાગા ! હઝરત ઈમામ હુસૈન رضي الله عنه ને પાગલ કહ્યા, હઝરત ઉમર માટે કહ્યું કે, "હઝરત ઉમર ભીગી બિલ્લી (ડરી ગયેલી બિલાડી)ની માફક બની ગયા !" (બયાને જમીલ, ૨/૮૩)*

હવે જે દેવબંદી મોલ્વી તારીક જમીલ પોતે જ ખુદા વ રસૂલની ગુસ્તાખીઓ કરીને ઈસ્લામથી ખારિજ છે તે જુનેદ જમશેદ જન્નતી થવાની ખબરો જૂઠા ખ્વાબો વડે ફેલાવે તેનો એતબાર ક્યાં તો પાગલ જ કરશે ક્યાં તો એનો સમઅકીદા ગુસ્તાખ જ કરશે. જેથી આવા પ્રપંચી બદ્અકીદા મોલ્વીઓથી બચો અને તેમનાં બયાનો સાંભળવાથી દૂર રહો, નહીં તો ક્યાંક તમો જ ગુમરાહ તથા જહન્નમી થઈ જશો.

વળી કોઈ કહે કે જુનેદ જમશેદ નઅતો પણ પઢતો હતો ! તો અમે કહીએ છીએ કે ઘણા બધા ગૈર મુસ્લિમોએ નઅતો લખી પણ છે અને પઢી પણ છે પણ ઈમાન નથી લાવ્યા, તો શું એઓ બખ્શાય જશે ?! હરગિઝ નહીં ! **બખ્શિશ માટે ઈમાન શર્ત છે.** અને **એ જુનેદ જમશેદ હોય કે તારીક જમીલ કે અન્ય કોઈ જેમના અકીદા જ વહાબી દેવબંદી ફિર્કાના છે કે જેમના પર અલ્લાહ વ રસૂલની તૌહીનના કારણે કુફ્રના હુકમો છે, તેઓ કાફિર ઠર્યા છે, પછી હવામાં વાતોનાં હવાતિયાં મારીને કોઈ એમને જન્નતી ઠરાવી શકતું નથી.** ૨૦ વરસ સુધી દેવબંદી તબ્લીગી જમાતનો પ્રચારક રહીને, એવા જ અકીદા પર રહીને મૃત્યુ પામનાર જુનેદ જમશેદની બખ્શિશની વાત કરનાર મોલ્વી તારીક જમીલ પણ લોકોને ગુમરાહ કરી રહેલ છે, એવી વાતોને ગણકારવી જોઈએ નહીં.

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈરફાન

:: અઝ ::

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::

મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

**સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકૂઅ છે.**

اَلَمْ تَرَ اِلَى الَّذِیْ حَآجَّ اِبْرٰهٖمَ فِیْ
رَبِّهٖۤ اَنْ اٰتٰىهُ اللّٰهُ الْمُلْكَ ۘ اِذْ قَالَ اِبْرٰهٖمُ رَبِّیَ
الَّذِیْ یُحْیٖ وَ یُمِیْتُ ۙ قَالَ اَنَا اُحْیٖ وَ اُمِیْتُ ؕ
قَالَ اِبْرٰهٖمُ فَاِنَّ اللّٰهَ یَاْتِیْ بِالشَّمْسِ مِنَ الْمَشْرِقِ
فَاْتِ بِهَا مِنَ الْمَغْرِبِ فَبُهِتَ الَّذِیْ كَفَرَ ؕ
وَ اللّٰهُ لَا یَهْدِی الْقَوْمَ الظّٰلِمِیْنَ ﴿۲۵۸﴾ اَوْ كَالَّذِیْ مَرَّ
عَلٰى قَرْیَةٍ وَّ هِیَ خَاوِیَةٌ عَلٰى عُرُوْشِهَا ۚ قَالَ اَنّٰى
یُحْیٖ هٰذِهِ اللّٰهُ بَعْدَ مَوْتِهَا ۚ فَاَمَاتَهُ اللّٰهُ مِائَةَ
عَامٍ ثُمَّ بَعَثَهٗ ؕ قَالَ كَمْ لَبِثْتَ ؕ قَالَ لَبِثْتُ یَوْمًا
اَوْ بَعْضَ یَوْمٍ ؕ قَالَ بَلْ لَّبِثْتَ مِائَةَ عَامٍ فَانْظُرْ
اِلٰى طَعَامِكَ وَ شَرَابِكَ لَمْ یَتَسَنَّهْ ۚ وَ انْظُرْ اِلٰى
حِمَارِكَ وَ لِنَجْعَلَكَ اٰیَةً لِّلنَّاسِ وَ انْظُرْ اِلَى
الْعِظَامِ كَیْفَ نُنْشِزُهَا ثُمَّ نَكْسُوْهَا لَحْمًا ؕ فَلَمَّا
تَبَیَّنَ لَهٗ ۙ قَالَ اَعْلَمُ اَنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَیْءٍ
قَدِیْرٌ ﴿۲۵۹﴾

## સૂરએ બક઼રહની તફસીર

અય મહબૂબ ! શું તમે ન જોયો હતો તેને જે ઈબ્રાહીમ સાથે એના રબ વિશે ઝઘડયો, એ (ઘમંડ) પર[૨૩] કે અલ્લાહે તેને બાદશાહી આપી,[૨૪] જ્યારે ઈબ્રાહીમે કહ્યું, મારો રબ તે છે કે (જે) જીવાડે અને મારે છે[૨૫] બોલ્યો, હું (પણ) જીવાડું અને મારું છું [૨૬] ઈબ્રાહીમે ફર્માવ્યું, તો અલ્લાહ સૂર્યને પૂર્વથી લાવે છે તું એને પશ્ચિમથી લઈ આવ[૨૭] તો કાફિરના હોશ ઉડી ગયા, અને અલ્લાહ જાલિમોને રસ્તો દેખાડતો નથી (૨૫૮) અથવા તેની જેમ જે એક ગામ પર (થઈને) ગુજર્યો[૨૮] અને તે ઊંધુ દબાયું હતું પોતાના છાપરાઓ પર[૨૯] બોલ્યો : અલ્લાહ આને એના મૃત્યુ પછી કેમ કરી જીવાડશે ? તો અલ્લાહે તેને મારેલો રાખ્યો, સો વર્ષ (સુધી) પછી સજીવન કર્યો. ફર્માવ્યું, તું અહીં કેટલું રોકાયો ? વિનંતી કરી, એક દિવસ રોકાયો હોઈશ અથવા થોડુ ઓછું. ફર્માવ્યું, નહીં! તને (તો) સો વર્ષો વહી ગયાં, અને પોતાના જમણ અને પાણીને જો કે હજી સુધી દુર્ગંધ નથી પામ્યું અને પોતાના ગધેડાને જો (કે જેનાં હાડકાં સુદ્ધાં સલામત રહ્યાં નથી) અને આ એટલા માટે કે તને અમે લોકો માટે નિશાની બનાવીએ. અને પેલાં હાડકાંને જો કેવી રીતે અમે તેને ઉભાં કરીને તે પછી તે ઉપર માંસ પહેરાવીએ છીએ, જ્યારે આ મામલો તેના પર જાહેર થઈ ગયો (ત્યારે) બોલ્યો, હું ખૂબ જાણુ કે અલ્લાહ સર્વ કંઈ કરી શકે છે (૨૫૯)

**સમજૂતી :** ૨૩. ઘમંડ અને તકબ્બુરથી.

**૨૪.** અને તેને તમામ જમીનનું રાજ્ય આપ્યું, ત્યારે તેને તાબેદારી અને આભાર માનવાને બદલે ઘમંડ કર્યો, અને પોતે ખુદા હોવાનો દાવો કરવા માંડયો. તેનું નામ નમરૂદ બિન કિનઆમ હતું, સર્વ પ્રથમ માથા પર તાજ રાખનારો એ પોતે જ હતો. જયારે હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ તેને ખુદાની ઈબાદત કરવાનું નિમંત્રણ આપ્યું, આગમાં નાખતાં પહેલાં હોય કે પછી, ત્યારે પૂછવા માંડયો, કે તમારો પરવરદિગાર કોણ છે જેના તરફ તમે અમને બોલાવો છો ?

**૨૫.** એટલે કે શરીરોમાં મૃત્યુ અને જીવન જન્માવે છે, અલ્લાહને ઓળખનાર કોઈ વ્યક્તિ માટે આ વાતમાં શ્રેષ્ઠ માર્ગદર્શન હતું, અને એમાં બતાવવામાં આવ્યું હતું કે તારું જીવન પોતે જ તેના અસ્તિત્વનું સાક્ષી છે, કે તું એક નિર્જીવ ટીપું હતો. તેણે તને મનુષ્યની શિકલ આપી, અને જીવન આપ્યું, તે જ પરવરદિગાર છે, અને એ જ પાછો જીવંત શરીરોને મૃત્યુ આપે છે, તેની કુદરતનું પ્રતીક ખુદ તારા જીવન મૃત્યુમાં જ દેખાય છે, તેના અસ્તિત્વથી અજાણ રહેવું હદ દરજ્જાની અજ્ઞાનતા, મૂર્ખતા અને અભાગીપણુ છે. આ દલીલ એટલી જબરદસ્ત હતી કે નમરૂદથી એનો જવાબ ન બની શકયો, અને લોકોની સમક્ષ તેને લાજવાબ થવું પડશે એ બ્હીકે તેણે ચર્ચા અવળે માર્ગે ચઢાવી.

**૨૬.** નમરૂદે બે માણસોને બોલાવ્યા તેમાંથી એકને કત્લ કર્યો બીજાને છોડી દીધો, અને કહેવા લાગ્યો કે હું પણ જીવાડું મારું છું, એટલે કે કોઈને લઈને છોડી દેવો એ તેને જીવાડવું છે, આ તેની મૂર્ખતા હતી. ક્યાં પકડવું અને છોડવું અને ક્યાં જીવન અને મૃત્યુ પેદા કરવું. કત્લ થયેલા માણસને જીવંત કરવાથી આજિઝ રહેવું, અને એના બદલે પકડેલા માણસને છોડી દઈ તેને જીવતા કરવા સમાન સમજવું એ જ તેની બેઈજ્જતી કરવા માટે પૂરતું હતું. બુદ્ધિથી પણ એ પુરવાર થયું કે જે દલીલ હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ રજૂ કરી હતી તે સામા પક્ષની વાતને કાપી નાખનાર હતી અને એનો જવાબ શક્ય જ નથી, પણ નમરૂદના આ કૃત્યથી એના દાવામાં એક ડગલુ આગળ વધવા જેવું લાગવાથી હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ તેના પર મુનાઝિરા (વાદ વિવાદ)ની પદ્ધતિ મુજબ પકડ કરી, કે મૃત્યુ અને જીવન પેદા કરવું એ તો તારા અધિકારમાં નથી જ, પણ અય ખુદા હોવાનો જૂઠો દાવો કરનાર ! એનાથી પણ સહેલું કામ કરી દેખાડ, કે એક ગતિમાન વસ્તુની ગતિની દિશા ફેરવી બનાવ.

**૨૭.** જો આટલુ પણ ન કરી શકતો હોય તો પછી ખુદાઈનો દાવો ક્યા મોઢે કરે છે ?

**મસ્અલો :** આ આયતથી ઈલ્મે કલામમાં મુનાઝિરો કરવાનું સુબૂત મળે છે.

**૨૮.** મોટાભાગના લોકોના મંતવ્ય અનુસાર આ બનાવ હઝરત ઉઝૈર علیہ السلامનો છે. અને તે ગામ બયતુલ મુક્દસ હતું. જ્યારે બુખ્ત નશર બાદશાહે બયતુલ મુક્દસને વેરાન કરી નાખ્યું અને બની ઈસરાઈલને કત્લ કર્યા, કેદ પકડયા, નાશ કર્યો, ત્યાર પછી હઝરત ઉઝેર علیہ السلام ત્યાં થઈને પસાર થયા, આપની પાસે એક વાસણમાં ખજૂર, એક પ્યાલામાં દ્રાક્ષનો રસ હતો અને આપ એક ગધેડા પર સવાર થયેલા હતા, આખા ગામમાં ફર્યા પણ કોઈ માણસ મળ્યું નહીં, ગામની ઈમારતોને પડી ગયેલી સ્થિતિમાં નિહાળી. આપે આશ્ચર્યમય બની જઈને કહ્યું, "અલ્લાહ આને એના મૃત્યુ પછી કેમ કરી જીવાડશે ?" પછી આપે પોતાના ગધેડાને ત્યાં બાંધી દીધું અને આરામ કરવા લાગ્યા, અને એ જ હાલતમાં એમની રૂહ કાઢી લેવામાં આવી, અને ગધેડુ પણ મરી ગયું, આ બનાવ સવારના સમયે બન્યો હતો, ૭૦ વરસ પછી ઈરાનના બાદશાહોમાંથી એકને અલ્લાહ તઆલાએ શક્તિ આપી, તે પોતાના સૈન્યો લઈને બયતુલ મુકદસ ગયો, અને તેને પહેલાંથી પણ વધારે સારી ઢબથી વસાવ્યું, અને બની ઈસરાઈલમાંથી જે લોકો બચી ગયા હતા તેમને અલ્લાહ પાક ફરી અહીં

લાવ્યો, અને તેઓએ બયતુલ મુક઼દ્દસ અને એની આજુબાજુ વસવાટ કર્યો. અને એમની સંખ્યા વધતી રહી, તે સમય દરમ્યાન અલ્લાહ તઆલાએ હઝરત ઉઝૈર علیہ السلامને લોકોની નજરોથી છુપાવી રાખ્યા અને કોઈ આપને જોઈ ન શક્યું, જ્યારે આપના ગુજરી જવાને ૧૦૦ વરસ પૂરાં થયાં ત્યારે અલ્લાહે આપને સજીવન કર્યા, પ્રથમ આંખોમાં જીવ આપ્યો, હજુ બીજું શરીર મૃત હતું, તે આપની નજરે નિહાળતાં જીવતું કર્યું, આ સજીવન થવાનો બનાવ સાંજે સૂર્યાસ્ત સમયે બન્યો, અલ્લાહ પાકે પૂછયું તમે અહીં કેટલું રોકાયા ? આપે અંદાજે કહ્યું કે એક દિવસ યા એનાથી થોડુ ઓછુ, આપનો ખયાલ એવો હતો કે આ એ જ દિવસની સાંજ છે જેની સવારે સૂતા હતા. ત્યારે અલ્લાહ પાકે ફર્માવ્યું, નહીં બલ્કે તમે ૧૦૦ વરસ અહીં રહ્યા, પોતાની જમણની ચીજો, પાણી, ખજૂર અને દ્રાક્ષના રસને જુઓ કે તેવું ને તેવું જ છે, તેમાં ગંધ સુદ્ધાં આવી નથી, અને પોતાના ગધેડાને જુઓ. જોયું તો તે મરેલું પડયું હતું, તેનાં અવયવો પણ છૂટાં પડી ગયાં હતાં, સફેદ હાડકાં ચમકી રહ્યાં હતાં. હવે આપની નજર સમક્ષ તેના ભાગો એકઠા થયા, અવયવો પોતપોતાની જગ્યાએ બેઠા, હાડકાઓ પર માંસ આવ્યું, માંસ પર ચામડું લાગ્યું, વાળ પણ ઉગ્યા, પછી તેમાં રૂહ ફૂંકવામાં આવી, તે તરત ઉઠી ગયું અને અવાજ કરવા માંડયું, પોતાના પરવરદિગારની કુદરતને આંખે દેખીને તેઓ બોલ્યા, હું સારી રીતે જાણું છું કે અલ્લાહ તઆલા દરેક બાબત પર કુદરત ધરાવે છે. પછી આપ પોતાની સવારી પર બેસીને પોતાના મોહલ્લામાં પધાર્યા, માથા તથા દાઢી મુબારકના વાળ સફેદ થઈ ચૂક્યા હતા, ઉમર તે જ ૪૦ વરસની હતી, કોઈ આપને ઓળખતું ન હતું, ક઼યાસ કરીને પોતાના ઘેર આવ્યા, એક વૃદ્ધા મળી, જેના પગ બેકાર થઈ ગયા હતા, જે અંધ થઈ ગઈ હતી, તેણી આપના ઘરની લોંડી હતી, અને તેણીએ આપને જોયેલા હતા. આપે તેણીને જ પૂછયું, આ ઉઝૈરનું ઘર છે ? તેણીએ કહ્યું, હા ! પણ ઉઝૈર ક્યાં છે ? તેઓને તો ગુમ થવાને ૧૦૦ વરસ વિતી ગયાં, આટલું બોલીને ખૂબ રડવા લાગી. આપે ફર્માવ્યું, હું ઉઝૈર છું ! પેલીએ કહ્યું, સુબ્હાનલ્લાહ ! આવું કેમ કરી બની શકે ? આપે ફર્માવ્યું કે અલ્લાહ પાકે મને ૧૦૦ વરસ મરેલો રાખી પછી જીવંત કર્યો. પેલી સ્ત્રીએ કહ્યું કે હઝરત ઉઝૈર તો મુસ્તજાબુદ્દઅવાત હતા, જે દુઆ કરતા હતા તે ક઼બૂલ થઈ જતી હતી, તમે દુઆ કરો કે હું દેખતી થઈ જાઉં ! આપે દુઆ ફર્માવી તે દેખતી બની ગઈ. આપે તેના હાથ પકડીને કહ્યું કે ખુદાના હુકમથી ઉભી થા, આ કહેતાંની સાથે જ તેના પગો પણ ઠીક થઈ ગયા. તેણીએ આપને જોઈને ઓળખ્યા, અને કહ્યું કે હું સાક્ષી આપુ છું કે બેશક ! આપ હઝરત ઉઝૈર છો ! તે આપને બની ઈસરાઈલના મહોલ્લામાં લઈ ગઈ, ત્યાં એક ટોળામાં આપના સુપુત્ર હતા જેમની ઉમર ૧૧૮ વરસની હતી, અને આપના પૌત્રો પણ હતા. જે વૃદ્ધ થઈ ચૂક્યા હતા, પેલી વૃદ્ધાએ જોરથી કહ્યું, હઝરત ઉઝૈર પધાર્યા છે ! લોકોએ તેણીને જૂઠલાવી ત્યારે તેણીએ કહ્યું કે મને જુઓ આપની દુઆથી હું સારી બની ગઈ છું. લોકો આપની સેવામાં હાજર થયા, આપના પુત્રે કહ્યું કે મારા વાલિદ સાહેબના ખભાઓની વચમાં કાળા વાળોનું એક ચંદ્રકારક વર્તુળ હતું. શરીર મુબારક ખોલીને બતાવ્યું તો તે મૌજૂદ હતું. તે સમયમાં તવરાતની એક પણ પ્રત બચી ન હતી, કોઈ તેને જાણનારૂં પણ ન હતું. આપે આખી તવરાત મોઢે બતાવી. એક માણસે કહ્યું, મને મારા પિતા પાસેથી જાણવા મળ્યું હતું કે બુખ્ત નસરના અત્યાચારો પછી પકડાઈ જતી વખતે મારા દાદાએ તવરાતને એક જગ્યાએ દફન કરી દીધી હતી, તે જગ્યાની નિશાની મને યાદ છે, પછી તે જગ્યાએથી તવરાત કાઢવામાં આવી, હઝરત ઉઝૈર علیہ السلامએ પોતાની યાદશક્તિથી જે તવરાત લખાવી હતી, તેમાં અને આમા એક અક્ષરનો પણ ફેર હતો નહીં. (જુમલ)

**૨૯.** પહેલાં છાપરાઓ પડયાં, પછી તેના પર ભીંતો પડી.

**અઝ** : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

*કાર્યાલય*

**હદીષ : હૈઝ (માસિક સ્ત્રાવ)નું વર્ણન[૧] (પ્રથમ વિભાગ) :** *હઝરત અનસ ઈબ્ને માલિક رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે યહૂદી[૨] જ્યારે એમનામાં સ્ત્રીઓ હાઈઝા (માસિકની સ્થિતિમાં) હોતી તો ન તેમની સાથે ખાતા અને ન તેણીઓને ઘરોમાં સાથે રાખતા[3]. હુઝૂરે અકરમ صلى الله عليه وسلم ના સહાબાએ આ મસ્અલો હુઝૂર عليه الصلوة والسلام થી પૂછયો તો અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી, "લોકો આપને હૈઝના વિશે પૂછે છે..... છેવટ સુધી." હુઝૂરે અન્વર صلى الله عليه وسلم એ ફર્માવ્યું કે, સોહબતના સિવાય સર્વ કાંઈ કરી શકો છો[૪]. આ ખબર યહૂદીને પહોંચી તો બોલ્યા કે આ સાહબ અમારા દીની કામોમાંથી કોઈ વિરોધ વિના નથી છોડતા[૫]. પછી હઝરત ઉસૈદ ઈબ્ને હુઝૈર[૬] અને અબ્બાદ ઈબ્ને બિશ્ર[૭] હાજર થયા અને બોલ્યા, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم યહૂદી આવું આવું કહે છે, તો શું અમે હૈઝવાળી સાથે સોહબત પણ ન કર્યા કરીએ ?![૮] તો હુઝૂર عليه الصلوة والسلام એ ચેહરાએ અન્વર બદલી નાખ્યો, ત્યાં સુધી કે અમે સમજ્યા કે આપ એમના પર નારાજ થઈ ગયા[૯]. તે બંનેવ ચાલ્યા ગયા, તેમની પાછળ હુઝૂરની બારગાહમાં દૂધનો હદિયો આવ્યો તો હુઝૂરે તેમની પાછળ માણસ મોકલ્યો (બોલાવવા માટે) પછી તેમને દૂધ પીવડાવ્યું, ત્યારે સમજ્યા કે હુઝૂર એમના પર નારાજ નથી થયા. (મુસ્લિમ)*

*હઝરત આઈશા رضي الله عنها થી રિવાયત છે. ફર્માવે છે કે હું તથા હુઝૂર એક જ વાસણ વડે ગુસ્લ કરતાં હતાં, જો કે અમે બંનેવ જુનુબી હોતાં. આપ મને હુકમ આપતા, હું તેહબંદ બાંધી લેતી તો મારું શરીર સ્પર્શ કરતા જો કે હું હાઈઝા હોતી[૧૦]. અને પોતાનું સર મુબારક એ'તેકાફની હાલતમાં મારા તરફ ઝુકાવી દેતા તેને હું ધોતી, જો કે હું હાઈઝા હોતી[૧૧]. (મુસ્લિમ, બુખારી)*

*એમનાથી જ રિવાયત છે કે હું હૈઝની હાલતમાં પીતી પછી હુઝૂર عليه الصلوة والسلام ને તે જ વાસણ આપી દેતી, તો આપ પોતાનું મુખ મુબારક મારા મોઢાવાળી જગા પર રાખીને પીતા, અને હું હૈઝની હાલતમાં હાડકુ ચૂંસતી, પછી આપને આપી દેતી તો આપ પોતાનું મુંહ મુબારક મારા મોંઢાવાળી જગાએ રાખતા[૧૨]. (મુસ્લિમ)*

## :: સમજૂતી ::

**૧.** મસ્નૂન (સુન્નત મુજબનાં) ગુસ્લો બાદ ફર્ઝ ગુસ્લોનો ઉલ્લેખ કરી રહ્યા છે. હૈઝ તથા હૌઝનો શાબ્દિક અર્થ વહેવું છે. શરીઅતમાં સ્ત્રીઓના માસિક થતા રક્ત સ્ત્રાવને જે ગર્ભમાંથી આવે છે એને "હૈઝ" (માસિક) કહે છે. બાળજન્મ બાદ આવનારા લોહીને "નિફાસ" કહેવામાં આવે છે, બીમારીમાં આવતા લોહીને "ઈસ્તેહાઝા" કહે છે. હૈઝની મુદત ઓછામાં ઓછી ત્રણ દિવસ ત્રણ રાત (૭૨ કલાક) અને વધુમાં વધુ દસ દિવસ તથા રાત. નિફાસની ઓછામાં ઓછી મુદત એક પળ, અને વધુમાં વધુ મુદત ૪૦ દિવસ છે. ઈસ્તેહાઝાની કોઈ મુદત નથી. હૈઝ તથા નિફાસના

હુકમો જનાબતની જેમ છે કે એમાં નમાઝ, રોઝા, કુર્આન શરીફ પઢવું, સ્પર્શવું, મસ્જિદમાં જવું સર્વ હરામ છે.

**૨.** યાકૂબ علیہ السلامની ઔલાદ યહૂદી કહેવાય છે, એટલા માટે કે એમના મોટા પુત્રનું નામ યહૂદા હતું. અથવા એટલા માટે કે તેમણે વાછરડાની પૂજાથી ઉચ્ચ કક્ષાની તૌબા કરી. કુર્આને કરીમમાં છે : اِنَّا هُدْنَا اِلَيْكَ સારાંશ તેમની નિસ્બત ક્યાં તો પોતાના જદ્દે કરીમ (દાદા)ની તરફ છે અથવા એ નેક અમલની તરફ છે.

**૩.** જેમ કે આજે પણ મોટાભાગના હિંદુ ઘરોમાં આ રિવાજ આજે પણ છે, પણ આ અમલ મોટાભાગે ઘણો તકલીફદાયક હોય છે.

**૪.** એટલે કે માસિકવાળી (પત્ની) સાથે રહેવું, તેના હાથની ચીજ ખાવી, તેની સાથે સૂવુ, બેસવું, બલ્કે ગળે મળવું વગેરે સૌ હલાલ છે. હા ! તેણી સાથે સંભોગ કતઈ હરામ છે, જેનો ઈન્કાર કરનાર કાફિર છે.

**૫.** એટલે કે એમના દીનનો આધાર અમારા વિરોધ પર છે કે જેને અમે બુરુ જાણીએ તેને એ જાઈઝ કહી આપે છે. યહૂદીઓની આ બકવાસ ઈસ્લામ અને પયગંબરે ઈસ્લામ પર આક્ષેપના રૂપે હતી. ઈસ્લામે કોઈના પણ વિરોધમાં સારી ચીજને બુરી કે બુરી ચીજને સારી નથી કહી.

**૬.** આપ અન્સારી છે. અવસી છે. કબીલા બની અબ્દુલ અશહલથી છે. હુઝૂર علیہ الصلوٰۃ والسلامની હિજરતથી પહેલાં મુસ્અબના હાથ પર ઈમાન લાવ્યા. સર્વ ગઝવાઓમાં હુઝૂર ﷺની સાથે રહ્યા.

**૭.** જેથી કરીને યહૂદીઓનો પૂર્ણપણે વિરોધ થઈ જાય. એનાથી જાણવા મળ્યું કે સહાબાએ કિરામના દિલોમાં કાફિરોથી નફરત કમાલ દરજાની હતી. અને આ નફરત ઈમાનના કમાલની નિશાની છે.

**૮.** હુઝૂર علیہ الصلوٰۃ والسلامનું આ ગુસ્સો પ્રદર્શિત કરવું ઘણી જ મસ્લેહત પર અવલંબિત હતું. તે એ કે **નસ (કુર્આની દલીલ)થી સાબિત હુકમો કોઈ કૌમના વિરોધથી નથી બદલી શકાતા.** જુઓ, દાઢી રાખવી અને મૂછો કપાવવી ઈસ્લામનો હુકમ છે પરંતુ હવે શીખોના વિરુદ્ધમાં દાઢી મૂંડાવવામાં નહીં આવે. એનાથી એ પણ જાણવા મળ્યું કે અમુક હુકમો સ્પષ્ટપણે આપવામાં આવે છે, અમુક ઈશારાથી આપવામાં આવે છે.

**૯.** એનાથી જાણવા મળ્યું કે હૈઝવાળી સાથે સ્પર્શ કરવું જાઈઝ છે, પણ એ તેના માટે છે જે પોતાના નફ્સ પર કાબૂ ધરાવતો હોય. જો સંભોગ કરી નાખવાનો અંદેશો હોય તો ન કરે. જેવી રીતે રોઝાદારનું પત્નીને ચુંબન કરવું, કે યુવાનના માટે મકરૂહ અને વૃદ્ધના માટે જાઈઝ. પોતાનો બનાવ એટલા માટે વર્ણન કર્યો કે જેથી જાણ થઈ જાય કે હું સુની સુનાઈ વાત નથી કહી રહી, બલ્કે અનુભવથી કહી રહી છું, મારો પોતાનો આ અમલ રહ્યો. આ એક પ્રકારની તબ્લીગ છે, અસભ્યતા નથી. આજે ડોકટરો તિબ્બી (મેડિકલને લગતા) મસાઈલ સ્પષ્ટપણે ઓપનલી વર્ણવે છે. કુર્આને કરીમ ફર્માવે છે : لِفُرُوْجِهِمْ حٰفِظُوْنَ એને અસભ્યપણુ કહેવું મૂર્ખાઈ છે.

**૧૦.** કેમ કે હુઝૂર ﷺના હુજરાનો દરવાજો મસ્જિદમાં હતો. એનાથી જાણવા મળ્યું કે એ'તેકાફવાળો મસ્જિદથી નીકળી નથી શકતો, પણ અમુક અંગો કાઢી શકે છે અને હૈઝવાળી પોતાના પતિની ખિદમત કરી શકે છે. તેના શરીરને સ્પર્શી શકે છે.

**૧૧.** આ હદીષથી અમુક મસ્અલા જાણવા મળ્યા. એક એ કે પોતાની પત્નીનું એઠુ ખાવું પીવું જાઈઝ છે, બલ્કે સુન્નતથી સાબિત છે. ફકીહો જે

પુરૂષને સ્ત્રીનું એઠુ ખાવાનુ મના કરે છે એનાથી અજનબી સ્ત્રી મુરાદ છે. જેથી એ મસ્અલો આ હદીષ વિરુદ્ધ નથી. બીજુ એ કે હુઝૂર ﷺની મુબારક જિંદગી ખૂબ જ પ્રમાણમાં સાદગીભરી, ઠાઠ માઠ વિનાની (બેતકલ્લુફ) હતી. જેથી ઉમ્મતે સાદગી અપનાવવી જોઈએ. ત્રીજુ એ કે હાડકુ મોં વડે ચૂંસવું સુન્નત છે, કાંટા વડે ખાવું નસારા (ઈસાઈ)ઓનો તરીકો છે. ચોથુ એ કે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا તે ખુશનસીબ પત્ની છે કે ઘણીવાર એમનું થૂક હુઝૂર علیہ الصلوٰۃ والسلامના થૂક મુબારક સાથે ભેગુ થયું. ખાસ કરીને વફાત શરીફના સમયે મિસ્વાકમાં. હુઝૂર ﷺનું હાડકુ ચૂંસવું ગોશ્ત છોડાવવા માટે ન હતું, તે તો પહેલાં જ છૂટી ચૂકેલો હતો, બલ્કે મહબૂબિયત જાહેર કરવા માટે હતું.

**૧૨.** જાણવા મળ્યું કે હૈઝવાળી સ્ત્રીની જાંગો કે ખોળામાં માથુ રાખીને કુર્આન પઢવું જાઈઝ છે, કેમ કે હૈઝવાળીની નાપાકી હુકમી છે હકીકી નથી. **મુડદુ ગુસ્લ આપતા પહેલાં હકીકી રીતે પણ નજીસ (નાપાક) હોય છે એટલા માટે ગુસ્લ પહેલાં તેની પાસે ઢાંકયા વિના કુર્આન શરીફ પઢવું મના છે.** જેથી આ હદીષ એ મસ્અલાની વિરુદ્ધ નથી. યાદ રાખશો કે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاની ગોદ કુર્આન તથા કુર્આનવાળા મહબૂબની રહલ બની, એ વખતે પણ હુઝૂર ﷺની વફાતના સમયે પણ, કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامનો વિસાલ આપની ગોદમાં થયો, અને આપનો હુજરો (ઓરડો) હુઝૂર ﷺની અંતિમ આરામગાહ બન્યો, જેથી આપની ગોદ તથા આપનો હુજરો અર્શે અઝીમથી વધીને છે. અલ્લાહ એ દામનમાં મારા જેવા નાલાયક ગુનેહગારને જગા આપે. (આમીન)

**ઉન્કે પેહલુ હૈં નબી કી આરામગાહ**
**ઉન્કે હુજરેમેં કયામત તક નબી હૈં જા ગઝીં**


## ચાલો ભાવનગર ! ચાલો ભાવનગર ! ચાલો ભાવનગર !

**ભાવનગરમાં સુન્ની દા'વતે ઈસ્લામીનો બે દિવસીય સુન્ની ઈજતેમા**

**હઝરત મૌલાના સૈયદ મો'મિન અકબર બાપુની સદારતમાં**

| | |
|---|---|
| અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી<br>હઝરત મુહમ્મદશાકિર નૂરી રઝવી સાહબ | હઝરત મૌલાના સૈયદ અમીનઅલી સાહબ<br>કાદરી (નિગરા : SDI માલેગાંવ) |
| બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી<br>રિઝવાનખાન સાહબ (મુંબઈ) | મશ્હૂર નઅતખાં જનાબ કારી<br>રિયાઝુદ્દીન અશરફી સાહબ (મુંબઈ) |

કબ ? **તા. ૨૮-૧-૨૦૧૭ શનિવાર** (બહેનો માટે) (ઝહોરથી ઈશા સુધી)

કબ ? **તા. ૨૯-૧-૨૦૧૭ રવિવાર** (ભાઈઓ માટે સવારના ૧૨ થી રાતના ૧૦ સુધી)

કહાં ? **એ.વી. સ્કૂલ ગ્રાઉન્ડ ક્રિસન્ટ સર્કલ, ભાવનગર**

**અદ્દાઈ ? : સુન્ની દા'વતે ઈસ્લામી ભાવનગર શાખા (ભાવનગર)**, મો. ૯૮૭૯૩૪૦૦૭૩, ૯૪૨૭૪૩૧૪૪૩, ૯૧૭૩૦૫૦૨૯

# હ઼દાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**અલ્લાહ અલ્લાહકે નબી સે-ફર્યાદ હૈ નફ઼્સકી બદીસે**

**અર્થાત** : ફરિયાદ છે, દુહાઈ છે અલ્લાહની બારગાહમાં, અને તેના પ્યારા મહબૂબ ﷺની બારગાહમાં નફસ (નફસે અમ્માર –બુરાઈ તથા લઈ જનાર)ની શરારત તથા બુરાઈથી, કેમ કે **ان النفس لا مارۃ بالسوء** નફસ તો સરવાળે બુરાઈની તરફ જ આકર્ષે છે. મૌલાના રૂમ عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ ફર્માવે છે :

*દિન ભર ખેલોંમે ખાક ઉળાઈ– લાજ આઈ ન ઝર્રોં કી હંસીકી*

હે જાલિમ નફસ ! તને શરમ ન આવી કે આખો દિવસ તો તું ખેલ કૂદમાં મશગૂલ રહીને સમયને વેડફતો રહ્યો અને રેતીનાં રજકણો સુધ્ધાં તારી મજાક ઉડાડતાં રહ્યાં. (આગલા શેઅરને મિલાવીને પઢો)

**શબભર સોને હી સે ગર્ઝ થી–તારોંને હઝાર દાંત પીસે**

**અર્થાત** : અને જ્યારે રાત્રે અલ્લાહના નેક બંદાઓ ઉઠીને ઈબાદતમાં વ્યસ્ત થાય છે, એ સમયે પણ તું ગફલતની ઊંઘમાં સૂતેલો રહ્યો ! સૂવા સિવાય તારે કોઈ કામ જ નથી. તારી આ ગફલત પર આસ્માનના સિતારાઓ તારા પર દાંત પીસતા રહ્યા. (અને તારા પર લઅનત તિરસ્કાર કરતા રહ્યા)

**ઈમાનપે મૌત બેહતર ઔર નફસ–તેરી નાપાક ઝિંદગીસે**

**અર્થાત** : હે કમીના તથા ઝલીલ નફસ ! તું પોતે પોતાને શું સમજે છે ?! તારા આવા જીવન કરતાં ઈમાન પર મરી જવું હજાર દરજા બેહતર છે.

**ઓ શહદનુમાએ ઝહર દર જામ–ગુમ જાઉં કિધર તેરી બદીસે**

*(શહદનુમાએ ઝહેર = જે ઝહેરને મધ બનાવીને પેશ કરવામાં આવે)*

**અર્થાત** : અરે ધોકાબાઝ નફસ ! તું એવો ચક્કરબાઝ તથા ફ્રોડી છે કે ઝહેરને મધ બનાવીને પેશ કરે છે. **وزین لهم الشیطان اعمالهم زین للناس حب الشهوات** હાય ! હું તારી બદીથી બચીને ક્યાંક ગાયબ થઈ ગયો હોત. કહે છે, અલ્લાહે નફસને પેદા કર્યો અને પૂછયું કે બતાવ હું કોણ છું ? તો તેણે સામે જવાબ આપ્યો કે તું બતાવ ! હું કોણ છું ? આ પ્રમાણે ત્રણ વાર હજાર હજાર વરસ ભૂખ્યો રાખીને સવાલ કરવામાં આવતો રહ્યો. ત્રીજી વાર પૂછયું તો કહેવા લાગ્યો, **انت ربی** તું મારો રબ છે. જેથી નફસને ભૂખ્યો તરસ્યો રાખીને જ તેનો ઈલાજ કરવામાં આવી શકે છે, એટલા માટે અલ્લાહવાળાઓ રિયાઝતો તથા તકલીફો ઉઠાવતા હોય છે, ખાસ કરીને કમ બોલવું, કમ ખાવુ, કમ પીવું એના પર કાર્યરત રહે છે, અને નફસની પ્રિય ચીજો તથા દુનિયવી લિજ્જતોથી શક્ય ત્યાં સુધી પરહેઝ કરે છે, કેમ કે જેટલો નફસ કમજોર થશે એટલી જ રૂહ શક્તિવાન થશે.

### ગહરે પ્યારે, પુરાને, દિલ સોઝ-ગુઝરા મૈં તેરી દોસ્તીસે

**અર્થાત** : હે ઝલીલ નફસ ! મેં તારી દોસ્તીની સર્વ આંટી ઘૂંટીઓ અને ચડતી પડતી જોયેલ છે, એ સર્વ તારો ધોકો તથા ફ્રોડ છે. જોવામાં તો તું ઘણો ગાઢ દોસ્ત જણાય છે, પણ તારાથી વધીને મક્કાર (પ્રપંચી) તથા ધોકાબાઝ કોઈ નથી. તું ઘઉંના નામે જવ વેચનાર છે, તેં મોટા મોટાઓને પોતાની જાળમાં ફસાવ્યા છે તો હું શું ચીજ છું ?!

### તુઝસે જો ઉઠાએ મૈંને સદમે-ઐસે ન મિલે કભી કિસીસે

**અર્થાત** : હે મરદૂદ ! તું એવો દોસ્ત છે કે તારી મૌજૂદગીમાં કોઈ દુશ્મનની શું જરૂરત છે ?! તારા થકી મેં જે સદમા વેઠયા છે, તેને તો હું જ જાણું છું તથા મારો રબ જાણે છે. અલ્લાહ કોઈ દુશ્મનને પણ તારા હવાલે ન કરે, તારા સિવાય આવાં દુ:ખ કોણ પહોંચાડી શકે છે ?!

### ઉફ રે ! ખૂદ કામ બે મુરવ્વત-પળતા હૈ કામ આદમી સે

**અર્થાત** : હે કમીના ! દુનિયામાં એકબીજા સાથે લોકોને કામ પડતાં જ રહે છે, પણ તું એટલો બેમુરવ્વત બદ્ લિહાઝ છે કે જાણે તને કોઈનાથી વાસ્તો જ નહીં પડે. રજમાત્ર પણ કોઈનો લેહાઝ કે કોઈની દરકાર નથી કરતો, ખુદા તને ગારત કરે !

### તૂને હી કિયા ખુદાસે નાદિમ-તૂને હી કિયા ખજલ નબીસે *(ખજલ = શર્મિંદો)*

**અર્થાત** : હે જાલિમ ! કમીના ! તેં અમને ખુદાની સામે પણ (તેની નાફર્માનીઓ કરાવીને) શર્મિંદા કર્યા અને તેના પ્યારા મહબૂબ ﷺને પણ અમે મોં બતાવવાને પાત્ર ન રહ્યા ! આ સર્વ તારું કારસ્તાન છે.

### કૈસે આક઼ા કા હુકમ ટાલા-હમ મર મિટે તેરી ખૂદ સરી સે *(ખૂદ સરી = હઠ, ઘમંડ)*

**અર્થાત** : અરે ખબીષ (ગંદા) નફસ ! કાંઈ તો ખયાલ કરત ! જો અમારા કરીમ આક઼ા ﷺ ઉમ્મત પર કેટલા અંશે મહેરબાન છે ! તારા ઘમંડ અને ઉતાવળે તો અમને પણ નાફર્માન બનાવી દીધા. અરે જાલિમ ! કાંઈ તો શરમ કર ! જોતો નથી અમારાથી કોની નાફર્માની કરાવે છે ?!

પોતાના નફસને સંબોધીને પોતે પોતાને ભલુબુરુ કહેવું એ અવલિયાએ કિરામનો તરીક઼ો રહ્યો છે, બલ્કે અંબિયાએ કિરામમાંથી હઝરત યૂસુફ علیہ السلامનું ફર્માન તો કુર્આન મજીદમાં છે :
**وما ابرئ نفسی ان النفس لا مارة بالسوء الاما رحم ربی**

એક બુઝુર્ગના બારામાં આવે છે કે જંગલમાં બેસીને એવી રીતે ઝઘડી રહ્યા હતા જાણે કોઈની સાથે ઝઘડો કરી રહ્યા હોય, જ્યારે કે એકલા બેઠા હતા. કોઈકે પૂછયું, શું વાત છે ? તો ફર્માવ્યું, હું મારા નફસની શરારતો પર એને ધમકાવી રહ્યો છું ! હવે એ મારી પાસે ઠંડુ પાણી માગી રહ્યો છે, મેં એને કહ્યું કે જ્યાં સુધી એક હજાર નફલ અને આખુ કુર્આન પઢીશ નહીં ત્યાં સુધી તને ઠંડુ પાણી તો શું પણ સાદુ પાણી પણ નહીં મળે !

ક઼સીદા બુર્દા શરીફમાં અનેક શેઅરો ઈમામ બુસૈરી رحمۃ اللہ علیہએ આ વિષયે લખ્યા છે જેમાંથી કેવળ બે શેઅર રજૂ કરીએ છીએ : **والنفس کا لطفل ان تهمله شب علی۔ حب الرضاع وان تفطمه ینفطم** **અર્થાત** : નફસની દૂધ પીતા બાળક જેવી આદતો છે, ત્યાં સુધી પીતુ રહેશે જ્યાં સુધી આપણે છોડાવીશું નહીં.

**وراعها وهی فی الا عمال سائمة۔ وان هی استحلت المرعیٰ فلاتسم** **અર્થાત** : સારા અમલોને વાહ વાહી તથા ખ્યાતિની લિજ્જતથી દૂર રાખ ! આ હવસની ચરાગાહથી તારો ક઼દમ દૂર રાખ !





❑ લેખક ❑
મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી
❑ અનુવાદક ❑
હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી
(મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર)


(પ્રકરણ : ૬)

## શક્કે સદ્ર (સીનાને ચીરવું)

જે દિવસોમાં આપણા નબી ﷺ હઝરત હલીમા સઅ્દિયાના ત્યાં પાલનપોષણમાં હતા તે સમયનો બનાવ છે કે એક દિવસ આપે હલીમા સઅ્દિયાને કહ્યું કે મને ભાઈઓ સાથે જંગલમાં જવા દો જેથી સૈર (ફરવું) પણ કરું અને બકરીઓ પણ ચરાવું. હઝરત હલીમાએ પરવાનગી આપી દીધી. આપ ﷺ ભાઈઓ સાથે જંગલમાં જતા રહ્યા. બપોરના સમયે હલીમાનો એક પુત્ર રડતો રડતો અમ્મી જાન ! અમ્મી જાન ! કહેતાં કહેતાં આવ્યો અને કહ્યું, ત્રણ સફેદ કપડાવાળા આવ્યા અને મુહમ્મદને સૂવડાવી પેટ ચીરી નાખ્યું, પછી શું થયું તેની મને કાંઈ ખબર નથી ! આ ખબર સાંભળતાંની સાથે જ હઝરત હલીમા અને તેમના પતિ હતપ્રભ થઈ ગયાં અને દોડતાં જંગલમાં પહોંચ્યાં. જોયું કે મુહમ્મદે અરબી ﷺ બેઠેલા છે, પરંતુ ચહેરા પર ડર અનુભવાયો જેથી હઝરત હલીમાએ મહોબ્બતભર્યા સ્વરે પૂછયું, બેટા શું વાત છે ? આપ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ત્રણ વ્યક્તિઓ સફેદ અને સ્વચ્છ કપડાં પહેરેલા આવ્યા, મને સીધો સૂવડાવી મારું પેટ ચીરી નાખ્યું અને તેમાંથી કોઈ વસ્તુ કાઢી ફેંકી દીધી અને કોઈ વસ્તુ મારા પેટમાં નાખી સીવી દીધું. પરંતુ મને જરાય તકલીફ નથી અનુભવાઈ. આ બનાવ સાંભળી બંનેવ ગભરાયાં તેમના પતિ હારિષે કહ્યું કે મને એવું લાગે છે કે એમના પર આસેબ (જિન અથવા ભૂત)નો અસર લાગે છે, એટલા માટે જલ્દી તેમને તેમની માતા પાસે પહોંચાડી દો. હઝરત હલીમાએ આપને હઝરત આમિના رضی اللہ عنہا પાસે પહોંચાડી દીધા. હઝરત આમિના رضی اللہ عنہاએ પૂછયું, હલીમા ! એટલી પણ શું ઉતાવળ હતી ? તેમણે પૂરો વાકૃયો બયાન કર્યો અને પછી ભૂતપ્રેત હોવાનો શક જાહેર કર્યો. હઝરત આમિનાએ કહ્યું, બિલકુલ નહીં ! ખુદાની કસમ ! મારા પુત્ર પર ક્યારેય કોઈ જિન અને શયતાનનો હમલો થઈ જ નથી શક્તો, મારો પુત્ર બહુ ઊંચી શાનવાળો છે.

યાદ રાખો ! આપણા નબી ﷺના શરીર મુબારકને ચાર વખત ચીરવામાં આવ્યું અને તેમાં નૂર તથા હિક્મતનો ખજાનો ભરવામાં આવ્યો.

પ્રથમ વખતે હલીમા સઅ્દિયાના ઘરે જેવું કે તમે વાંચ્યું, બીજી વખત દસ વર્ષની વયે, ત્રીજી વખત ગારે હિરામાં જ્યાં હુઝૂર ﷺ મોટે ભાગે ઈબાદતે ઈલાહીમાં લાગેલ રહેતા અને ચોથી વખતે શબે મેઅરાજમાં.

(પ્રકરણ : ૭)

## શામ (સીરીયા)નો પહેલો સફર

**બુહૈરા રાહિબથી મુલાકાત :** કુરૈશ વેપાર ધંધાવાળા હતા. તેઓ વર્ષમાં બે વખત વેપાર માટે સફર કરતા. ઠંડીમાં યમનનો અને ગરમીઓમાં

શામનો પ્રવાસ કરતા. આપણા નબી ﷺના કાકા અબૂ તાલિબનો પણ તે જ વ્યવસાય હતો. હુઝૂર ﷺની ઉમર ૧૨ વર્ષની હતી. અબૂ તાલિબે શામના સફરની તૈયારી શરૂ કરી દીધી. આ જોઈ રસૂલે કરીમ ﷺ તત્પર થઈ ગયા અને સાથે જવાનો શોખ જાહેર કર્યો. અબૂ તાલિબનું દિલ ભરાઈ ગયું અને કહ્યું, કસમ ખુદાની ! જરૂર તમને પોતાની સાથે લઈ જશે. અબૂ તાલિબ આપને પોતાની સાથે લઈ ગયા. કાફલો શામની જમીનમાં એક જગ્યા "બુસ્રા" પહોંચ્યો ત્યાં એક ગિર્જાઘર હતું. જેમાં એક રાહિબ (પાદરી) રહેતો હતો. જેનું નામ "જર્જિસ" હતુ અને "બુહયૂરા"ના નામથી મશહૂર હતો. તેણે તાજદારે અંબિયા ﷺને જોતાં જ ઓળખી લીધા કે આ જ આખરી નબી છે. કેમ કે તેણે આસમાની કિતાબોમાં આખરી નબીની નિશાનીઓ પઢી હતી. આપનો હાથ પકડી તેણે કહ્યું, આ બંને જહાના સરદાર છે. અલ્લાહ તબારક વ તઆલાએ આપને બધા જહાનો માટે રહ્મત બનાવીને મોકલ્યા છે. લોકોએ પૂછયું, તમને કઈ રીતે ખબર ?! તેણે કહ્યું, જ્યારે તમે એમને લઈ ઘાટ પરથી ઉતરી રહ્યા હતા તો મેં જોયું કે બધા જ ઝાડો અને પથ્થરો તેમને સજદો કરી રહ્યાં છે અને વાદળે તેમના પર છાંયડો કરેલ છે, અને એમના બંને ખભાઓ વચ્ચે મોહરે નબુવ્વત છે જે ઈંડાના આકારનું છે. ત્યાર બાદ રાહિબે બધા જ મુસાફરોની દા'વત કરી અને અબૂ તાલિબને પૂછયું કે આ બાળક સાથે તમારો શું સંબંધ છે ? અબૂ તાલિબે કહ્યું, આ મારો પુત્ર છે. તેણે કહ્યું, એ નથી થઈ શક્તુ. ત્યાર બાદ અબૂ તાલિબે કહ્યું, આ મારા ભાઈની દિકરો છે. રાહિબે પૂછયું, તેના બાપનો શો હાલ છે ?! અબૂ તાલિબે કહ્યું, મૃત્યુ પામી ગયા છે. ત્યારે રાહિબે કહ્યું, તમે સાચુ કહો છો આ જ આખરી નબીની નિશાની છે. યહૂદીઓ તેમના દુશ્મન છે એટલા માટે સારું એ છે કે તમે એમને લઈ પાછા ચાલ્યા જાવ અને શામના યહૂદીઓથી તેમની રક્ષા કરો. જો તેઓ નિશાનીઓથી તેમને ઓળખી લેશે તો તેમને શહીદ કરી નાખશે.

રાહિબના કહેવાથી અબૂ તાબિલને ડર છવાય ગયો અને તેમણે ત્યાં જ વેપારનો સામાન વેચ્યો અને એકદમ જલ્દી આપણા નબી ﷺને લઈ મક્કા આવી ગયા. પાછા ફરતી વખતે રાહિબે સફરનો સામાન પણ પેશ કર્યો.

## શામનો બીજો સફર

**નસ્તુરા રાહિબથી મુલાકાત :** જ્યારે તાજદારે મદીના ﷺ કારોબારને લાયક થઈ ગયા તો આપે પણ વેપારનો વ્યવસાય અપનાવ્યો. આપ علیہ الصلوٰۃ والسلام નાનપણમાં કાકા અબૂ તાલિબ સાથે વેપાર માટે સફર કરી ચૂક્યા હતા એટલા માટે થોડાક જ દિવસોમાં આપના વેપારમાં દઢતા આવી ગઈ. અને જ્યારે આપે નિશ્ચિત વેપાર કરવાનો શરૂ કરી દીધો તો આપ ﷺની દયાનતદારીનો ચર્ચો થવા લાગ્યો, જેના લીધે આપ એલાને નબુવ્વત પહેલાં જ "અમીન" અને "સાદિક઼"ના લકબથી ઓળખવા લાગ્યા.

હઝરત ખદીજા બિન્તે ખોવૈલદ અરબની માલદાર સ્ત્રી હતાં. તેમને એક એવા અનુભવી અને અમાનતદાર વ્યક્તિની શોધ હતી જે તેમનો વેપારનો માલ વેચે. આપણા નબી ﷺથી શ્રેષ્ઠ અમીન તથા સાદિક઼ તેમને કોણ મળતુ ?! તેમણે આપ ﷺને બોલાવી વેપારનો માલ સોંપ્યો અને કહ્યું કે જે મહેનતાણુ હું બીજાઓને આપુ છું આપને તેનાથી બે ગણુ મહેનતાણુ આપીશ. રસૂલે કરીમ ﷺએ કબૂલ ફર્માવી લીધું અને વેપારનો માલ લઈ

એક વેપારીઓના કાફલા સાથે મુલ્કે શામ જવા રવાના થયા. તે સમયે આપની વય ૨૫ વર્ષ હતી. બીબી ખદીજા رضی اللہ عنہا એ આપની ખિદમત માટે સાથે પોતાના ગુલામ "મયસરા"ને પણ મોકલી આપ્યો. જ્યારે કાફલો મુલ્કે શામના બુસરા શહેરમાં પહોંચ્યો તો એ વખતે કાફલાએ "નસ્તુરા" રાહિબની ખાનકાહ નજીક પડાવ નાખ્યો. રાહિબે આપને જોઈ મયસરાને પૂછયું, તે કોણ છે જે પેલા ઝાડ નીચે બેઠા છે ? મયસરાએ જવાબ આપ્યો કે તે મક્કાના રહેવાસી છે, ખાનદાને બનૂ હાશિમના ચશ્મો ચિરાગ છે અને તેમનું નામ "મુહમ્મદ" છે. આ સાંભળી નસ્તુરા રાહિબે કહ્યું, આ ઝાડ નીચે નબી સિવાય કોઈ નથી ઉતર્યું. ઈસા علیہ السلام એ ફર્માવ્યું હતું કે, મારા બાદ આ ઝાડ નીચે નબીએ આખિરુઝ્ઝમાં ﷺ સિવાય કોઈ પણ નહીં રોકાય. ત્યાર બાદ ફરી પૂછયું, આ લાલશ તેમને આંખોમાં હમેશાં રહે છે ? તે મયસરાએ કહ્યું, હા ! હમેશાં રહે છે. આ સાંભળતાં જ નસ્તુરાએ કહ્યું, આ તે જ છે ! આ તે જ છે ! એટલે કે નબીએ આખિરુઝ્ઝમાં (ﷺ)

હે કાશ ! હું તેમના નબુવ્વતના જમાનામાં હોત તો તેમના પર ઈમાન લાવતો. ત્યાર બાદ રાહિબ હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયો અને માથુ અને કદમ ચૂમી અર્ઝ કરી, હું તમારા પર ઈમાન લાવ્યો અને હું ગવાહી આપુ છું કે આપ જ તે નબી છે જેમનો ઝિક્ર (ચર્ચો) આસમાની કિતાબોમાં છે. આપ علیہ الصلوٰۃ والسلام એ ત્યાં જ બુસરાના બજારમાં વેપારનો માલ વેચી બીજી વસ્તુઓ ખરીદી લીધી.

આ જ બજારનો બનાવ છે કે એક વ્યક્તિ સાથે ખરીદ વેચાણમાં મતભેદ થઈ ગયો. તે વ્યક્તિએ કહ્યું, લાત અને ઉઝ્ઝા (અરબની મશ્હૂર મૂર્તિઓ)ની કસમ ખાવ ! તો આપ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, મેં ક્યારેય તેમની કસમ નથી ખાધી ! આ વાત પર તે વ્યક્તિ ચૂપ થઈ ગયો અને મયસરાને એક તરફ લઈ જઈ કહેવા લાગ્યો કે આ નબી છે, કસમ ખુદાની આ તે જ છે જેમની નિશાનીઓ અમારી કિતાબોમાં બયાન થઈ છે.

કાફલાના બીજા લોકોએ પણ સામાન વેચ્યો અને પાછા ફર્યા. આપણા નબી ﷺને આ સફરમાં બે ગણો નફો થયો અને જે મહેનતાણુ નક્કી હતું હઝરત ખદીજા رضی اللہ عنہا એ તેનાથી પણ વધુ આપ્યું.

પેજ નં. ૦૨ નું ચાલુ...

પરિણામમાં અલ્લાહ કરીમના કરમની જે વર્ષા થઈ તેનો અંદાઝો લગાડવો મુશ્કેલ છે.

અફસોસ ! જેવી રીતે આપણે ઘણી બાબતોમાં નબીએ કૌનેન ﷺના નક્શે કદમને છોડી આપ્યો છે, એ જ પ્રમાણે દુઆ માગવાના તરીકામાં પણ નબી ﷺની સુન્નત તથા તેમના તરીકાને છોડી આપ્યો છે. અલ્લાહ પાક દરેક પોકારનારની પોકારને સાંભળે છે, પરંતું આપણા શબ્દોની સાથે સાથે આપણે અદઈય્યહ માષૂરા (દુઆએ માષૂરા)નો સહારો પણ લેવો જોઈએ. દુઆ માગવામાં આજીજી તથા નિયાઝમંદી સાથે રિયા તથા દેખાડાથી બચવાની સાથોસાથ એ પણ જરૂરી છે કે દુઆ માગવાવાળા પર ખૌફ તથા ઉમ્મીદ (રિજા)ની કૈફિયત છવાયેલી હોય. એક બાજુ તમને તમારી ખતાઓ તથા ખામીઓની ફિકર લાગેલી રહે, તો બીજી તરફ મુજીબુદ્દાઅવાત ખુદાની આમ તથા વિશાળ રહમત પર તમારી આશ તથા ઉમ્મીદ બંધાયેલી હોય. જે પણ અરબી દુઆઓ કરો તેનો અર્થ સમજીને કરો, દુઆના સમયે ગિર્યાઓ ઝારી (રૂદન) કરો, રબની બારગાહમાં પોતે મુજરિમ હોવાનો ખયાલ જમાવીને દુઆ કરો તો રબ તઆલા આપની દુઆઓને જરૂર કબૂલિયતનો શરફ અતા ફર્માવી આપશે.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, જાન્યુઆરી–૨૦૧૭)*

# હુઝૂર ગૌષે આ'ઝમની رحمۃ اللہ علیہ દા'વતી ખિદમતોની એક ઝલક

રજૂકર્તા : મૌલાના મુહમ્મદ રઉફ રઝવી-પાલેજ (મુદર્રિસ : દારુલ ઉલૂમ ફયઝાને નૂરી-ડભોઈ)

## હુઝૂર ગૌષે આ'ઝમની શખ્સિયત

સય્યેદુલ આરિફીન, હુજ્જતુલ વાસેલીન, નાઈબે રહમતુલ્લિલ આલમીન, કુત્બે રબ્બાની, મહબૂબે સુબ્હાની, શયખ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہના જીવન ચરિત્રનો અભ્યાસ કરવાથી એ નિર્ણય કરવો ખૂબ જ મુશ્કેલ હોય છે કે આપ ખૂબ જ મોટા કરામતવાળા બુઝુર્ગ છે અથવા ખૂબ જ મહાન આલિમ છે અથવા ખૂબ જ મોટા દાઈ અને મુબલ્લિગ છે. સાચુ એ છે કે આપ પોતાના સમયના ખૂબ જ મહાન આલિમ, મહાન સાહિબે કશ્ફ તથા કરામતવાળા બુઝુર્ગ અને ખૂબ જ મહાન દાઈ તથા મુબલ્લિગ પણ છે. આપનો મર્તબો અલ્લાહ ﷻની બારગાહમાં ખૂબ જ ઊંચો છે અને નિઃશંક ! આપ રૂએ જમીનના દરેક ઔલિયા અલ્લાહના સરદાર છે.

*મુહમ્મદ કા રસૂલોં મેં હૈ જૈસે મર્તબા આ'લા*
*હૈ અફઝલ ઔલિયામેં યૂંહી રૂત્બા ગૌષે આ'ઝમ કા*

## ગૌષે આ'ઝમની વિલાદત (જન્મ)

હઝરત ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ રમઝાનુલ મુબારક હિ.સ. ૪૭૦માં ગીલાનના નીફ ગામમાં પેદા થયા. આપનો પવિત્ર લકબ મોહ્યુદ્દીન અને નામ અબ્દુલ કાદિર છે. આપના પિતાનું નામ અબૂ સાલેહ મૂસા જંગી દોસ્ત અને વાલિદાનું નામ ઉમ્મુલ ખૈર હતું. આપની પૈદાઈશ પહેલાં અને પેદાઈશના સમયે અને પૈદાઈશ પછી અસંખ્ય કરામતો જાહેર થઈ. આપે દૂધ પીવાના જમાનામાં પણ રોઝાના સમયે માનુ દૂધ ક્યારેય ન પીધું.

*રહે પાબંદે એહકામે શરીઅત ઈબ્તિદા હી સે*
*ન છૂટા શીરખ્વારીમેં ભી રોઝા ગૌષે આ'ઝમ કા*

હુઝૂર શયખ મુહયુદ્દીન એ શૈખે કુલ, તાજુલ ઔલિયા તથા ગૌષુલ અગ્વાષ છે. દરેક સિલસિલાવાળો ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہના દરથી ફૈઝ હાંસલ કરી રહ્યો છે અને દુનિયાના ઔલિયાએ હુઝૂર ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہના કદમ મુબારકની સામે પોતપોતાની ગરદનો ઝુકાવેલી છે.

*જો ફર્માયા કે દોશે ઔલિયા પર હૈ કદમ મેરા*
*લિયા સરકો ઝુકાકર સબને તલ્વા ગૌષે આ'ઝમ કા*

ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે :-

*સર ભલા ક્યા કોઈ જાને કે હૈ કૈસા તેરા*
*અવલિયા મલતે હૈં આંખે વો હૈ તલ્વા તેરા*

## તા'લીમ તથા તર્બિયત

હઝરત ગૌષે આ'ઝમ હજી ખૂબ જ નાની વયના હતા કે માથા પરથી વાલિદનો સાયો ઉઠી ગયો. તા'લીમ અને તર્બિયતની સર્વ જવાબદારીઓ આપનાં વાલિદા મોહતરમા ફાતિમા رضی اللہ عنہاના હાથમાં આવી અને તેમણે પોતાના લખ્તે જિગરની તા'લીમ તથા તર્બિયતનો ફરીઝો સંપૂર્ણ રીતે પૂરો કર્યો. હઝરત શૈખ ૪૮૮ હિ.સ. પ્રમાણે, ૧૦૯૫ ઈ.સ.માં ૧૮ વર્ષની વયે જાહેરી ઈલ્મ હાંસલ કરવા માટે બગદાદ પહોંચ્યા અને વિદ્યાકળામાં પ્રખ્યાત નામાંકિતો પાસેથી ભરપૂર લાભ ઉઠાવ્યો. જેમાં અબુલ વફા અલી બિન અકીલ હંબલી, અબુલ ખિતાબ મહફૂઝ કલવઝાની હંબલી,

અબૂ ગાલિબ મુહમ્મદ બિન અલ–હસન બાક઼લાની, અબૂ સઈદ મુહમ્મદ બિન અબ્દુલ કરીમ, અબૂ ઝકરિયા યહ્યા બિન અલી તબરેઝી, આરિફ બિલ્લાહ હઝરત હમ્માદ બાસ رحمۃ اللہ علیہ અને ક઼ાઝી અબૂ સઈદ મુબારક મખ્ઝૂમી رحمۃ اللہ علیہم اجمعین ખાસ ઉલ્લેખનીય છે. એમનામાં અંતમાં વર્ણન કરેલ મખ્ઝૂમી رحمۃ اللہ علیہથી આપને ખૂબ જ અક઼ીદત હતી અને પછી એ જ આપના શૈખે તરીક઼ત બન્યા.

## હઝરત સઈદ મખઝૂમી ફ઼ર્માવે છે

"અબ્દુલ ક઼ાદિર જીલાનીએ મારાથી ખિર્ક઼ાએ ખિલાફ઼ત પહેર્યો અને મેં તેમનાથી પહેર્યો, અમારામાંથી દરેક એકબીજાથી બરકત હાંસલ કરશે." *(ક઼લાઈદુલ જવાહિર, પેજ નં–૪,૫)*

## રૂશ્દો હિદાયત (માર્ગદર્શા)નો આરંભ

હઝરત શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہ જ્યારે બગદાદમાં શરીઅત અને તરીક઼તનું ઈલ્મ હાંસલ કરી ચૂક્યા તો ખુદાની મખ્લૂક઼ને ફૈઝયાબ કરવાનો સમય આવી ગયો. માહે શવ્વાલ હિ.સ. ૫૧૨ પ્રમાણે, ૧૧૨૭ ઈ.સ.માં હલબા મહોલ્લામાં આપે વાઅઝ કરવાનું શરૂ કર્યું.

*–(બેહજતુલ અસ્રાર, પેજ–૯૦)*

બગદાદના બાબુઝ્ઝજ મોહલ્લામાં હઝરત શૈખ અબૂ સઈદ મખ્ઝૂમી رحمۃ اللہ علیہનો એક મદ્‌સો હતો જે તેમણે હઝરત શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہના સુર્પદ કરી આપ્યો. આપના બરકતવંત ક઼દમોથી તલ્બા એટલા પ્રમાણમાં આવવા લાગ્યા કે જૂની ઈમારત અપૂરતી થઈ ગઈ. તો બગદાદના ઈલ્મ દોસ્ત લોકોએ તેને વિસ્તારીને શાનદાર નવી ઈમારત તૈયાર કરાવી. હિ.સ. ૫૨૮ ઈ.સ. ૧૧૩૪માં આ મદ્‌સો સંપૂર્ણ રીતે તેયાર થઈ ગયો અને હઝરત શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાની رحمۃ اللہ علیہની નિસ્બતથી મદ્‌સએ ક઼ાદરિયહથી પ્રખ્યાત થઈ ગયો.

*–(કલાઈદુલ જવાહિર, પેજ–૫૦)*

આપે વાઅઝ તથા તબ્લીગનો સિલસિલો હિ.સ. ૫૨૧, ઈ.સ. ૧૧૬૬ સુધી ચાલુ રાખ્યો. આ રીતે આપે ૪૦ વર્ષ તબ્લીગ અને ૨૩ વર્ષ તદરીસ તથા ઈફતાની ફરજો અંજામ આપી. *(ઝુબ્દુલ આષાર, પેજ–૩૯)*

## ગૌષે આ'ઝમનો વાઅઝ

સૈયદના ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ અઠવાડિયામાં ત્રણ દિવસ ખિતાબ ફ઼ર્માવતા. જુમ્આના દિવસે સવારે, મંગળવારે રાત્રે અને રવિવારે સવારે. તરીક઼ો એ હતો કે સૌ પ્રથમ ક઼ારી સાહબ કુર્આને પાકની તિલાવત કરતા, ત્યાર બાદ હઝરત ખિતાબ ફ઼ર્માવતા. ક્યારેક સૈયદ મસઊદ હાશ્મી તિલાવત કરતા, ક્યારેક બીજા બે હઝરતો તિલાવત કરતા જે બન્ને ભાઈ હતા. તિલાવત સાદા અંદાઝમાં ભૂલ વગર થતી.

હઝરત ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ ફ઼ર્માવે છે કે પ્રારંભમાં મારા પર વાઅઝ અને તક઼રીરનો એ રીતે ગલ્બો થતો કે ખામોશ રહેવું મારી તાક઼તથી બહાર થઈ જતું. મારી મજલિસમાં બે કે ત્રણ આદમી સાંભળ વાવાળા રહેતા પરંતુ છતાં વાઅઝનો સિલસિલો ચાલુ રાખ્યો. પછી લોકોની ભીડ એ રીતે વધવા લાગી કે જગા ખૂટવા લાગી. પછી ઈદગાહમાં તક઼રીર શરૂ કરી તે જગા પણ અપૂરતી રહી, તો શહેરની બહાર ખુલ્લા મેદાનમાં ઈજતેમા થવા લાગ્યો. એક એક મજલિસમાં લગભગ સિત્તેર હજાર ૭૦૦૦૦ શ્રોતાજનો જમા થવા લાગ્યા. ચારસો લોકો ક઼લમ અને ખડીયો લઈને આપના મલફૂઝાત જમા કરતા હતા. *(સાલાનામા, એહલે સુન્નતકી આવાઝ–૨૦૦૮, પેજ– ૮૨, બહવાલા અખ્બારૂલ અખ્યાર ફારસી, પેજ–૧૨)*

મશાઈખથી નકલ થયેલ છે કે હઝરત શૈખ જીલાની જ્યારે વાઅઝના માટે મિમ્બર પર બેસીને "અલ્હમ્દુલિલ્લાહ !" કહેતા તો જમીન પર દરેક ગાઈબ તથા હાજર વલી ખામોશ થઈ જતો. જેથી આપ આ કલ્મો હમેશાં કહેતા અને એના દરમિયાન

થોડીવાર ચૂપ રહેતા. બસ ! અવલિયા અને ફરિશ્તાની આપની મજલિસમાં ભીડ થઈ જતી. જેટલા લોકો આપની મજલિસમાં નજર આવતા તેનાથી વધારે એવા હાજરીન હોતા જે નજર ન આવતા હતા. *(સાલાનામા, અહલે સુન્નતકી આવાઝ–૨૦૦૮, પેજ–૮૨, બહવાલા અખ્બારૂલ અખ્યાર ફારસી, પેજ–૨૯૪)*

હઝરત શૈખ અરબીમાં ખિતાબ ફર્માવતા પરંતુ અમુક વખતે ફારસીમાં પણ ખિતાબ ફર્માવતા, એટલે જ આપને ઝુલ બયાનયન વલ–લિસાનયન અને ઈમામુલ ફરીકૈન કહે છે. (અખબારૂલ અખ્યાર, પેજ–૨૦) આપની કરામત એ હતી કે દૂર અને નજદીકના લોકો એક સમાન આપનો અવાજ સાંભળતા હતા. *(ઝુબ્દતુલ આષાર, પેજ–૫૮) (ઝુબ્દતુલ આષાર, પેજ–૮૨)*

## વાઅઝનો અસર

આપની વાઅઝ ખૂબ જ અસરકારક થતી હતી. આપની ઝુબાન મુબારકમાં એવી રવાની અને તાકત હતી જાણે મઝામીન (વિષયો)નો વહેતો સમુદ્ર જે આપના મુખ મુબારકથી વહેતો જતો. તાષીર એવી કે પથ્થર દિલ પણ નરમ થઈ જતાં, સિયાહકાર તાઈબ થઈ જતા, કુફ્રની ગંદકીમાં ગંદા થયેલા લોકો ઈસ્લામના ઝરણા પાસે આવી સાફ થઈ જતા અને કેટલાક લોકો મુર્ગે બિસ્મિલની જેમ તડપવા લાગતા અને કેટલાક તો ત્યાં જ મૃત્યુ પામી જતા.

શૈખ ઉમર કયસાનીનું બયાન છે કે આપની કોઈ મજલિસ એવી ન હતી કે જેમાં કેટલાક યહૂદી તથા નસરાની ઈમાન ન કુબૂલ કરતા હોય ! ચોર, ડાકૂ અને બદમાશ લોકો પોતાના જુર્મો પર તૌબા ન કરતા હોય, અને રાફઝી વગેરે પોતાના ગલત અકાઈદથી તૌબા ન કરતા હોય. એક રિવાયતમાં એ પણ આવ્યું છે કે એક ઈસાઈ પાદરી આપની મજલિસમાં આવ્યો અને મુસલમાન થઈ ગયો. તેણે લોકોને બતાવ્યું કે હું યમનનો રહેવાસી છું. મારા દિલમાં ઈસ્લામ કબૂલ કરવાની ઈચ્છા પેદા થઈ, પરંતુ મેં અહદ કરી લીધું કે હું એ શખ્સના હાથ પર ઈસ્લામ કબૂલ કરીશ જે દુનિયાભરના મુસલમાનોથી અફઝલ હશે. જેથી હું ખૂબ જ ચિંતિત રહેતો હતો. એક દિવસ મેં ખ્વાબમાં જોયું કે હઝરત ઈસા علیہ السلام ફર્માવી રહ્યા છે કે તમે બગદાદની તરફ ચાલ્યા જાવ અને શૈખ અબ્દુલ કાદિર رحمۃ اللہ علیہના હાથ પર ઈસ્લામ કબૂલ કરી લો, કેમ કે તે આ જમાનામાં સૌથી અફઝલ છે.

હઝરત શૈખ અબ્દુલ કાદિર رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મારા હાથ પર પાંચ હજારથી વધારે યહૂદી તથા નસારા (ઈસાઈ) તૌબા કરીને મુસલમાન થયા. ડાકૂઓ તથા ફિસ્કો ફુજૂરમાં સપડાએલા લોકો જેઓએ મારા હાથ પર તૌબા કરી તેમની સંખ્યા એક લાખથી વધારે છે. આપની દરેક મજલિસમાં કોઈને કોઈ યહૂદી અથવા ઈસાઈ મુસલમાન થઈ જતો. ડાકૂ, કાતિલ અને બીજા અનેક જુર્મો કરનારા તથા બદઅકીદા લોકો તૌબા કરતા. *(કલાઈદુલ જવાહિર, પેજ–૧૮,૧૯)*

## ખિતાબતના પ્રકાર

સૈયદના ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ ખિતાબતમાં સામાન્ય રીતે સાદા અને સામાન્ય સમજવાળી વાતો ઈર્શાદ ફર્માવતા પરંતુ ક્યારેક આપના ઈલ્મનો દરિયો ઉત્તેજિત થતો તો આલિમાના તથા મોહક્કિકાના મુદ્દાઓ બયાન ફર્માવતા અને આયતોની એવી તફસીર સંભળાવતા કે મોટા મોટા આલિમો પણ આશ્ચર્યચકિત થઈ જતા ! આપ દીને મતીનની તાલીમાતને ખૂબ જ આકર્ષિત અને અસરકારક અંદાજમાં બયાન ફર્માવતા અને કેટલીક વખત સહાબાએ કિરામ અને ઔલિયાએ એઝામના ઈર્શાદાત પણ બયાન ફર્માવતા.

આપ પર બગદાદની સામાજિક તથા દીની જિંદગીની બગડતી પરિસ્થિતિ છુપી ન હતી. જુલ્મ અને સિતમ, જબરદસ્તી તથા બળપ્રયોગ, આરામ તલબી તથા એશમાં ડૂબેલી જિંદગીને હલાકતના

ભંવરથી બહાર લાવવી આપનો અસલ મક઼સદ હતો, અને એ માટે આપે બગદાદને પોતાની દઅવત તથા તબ્લીગનું મર્કઝ બનાવ્યું. મોટા મોટા લોકોને તેમની બુરાઈ પર બેધડક ટોકતા અને તેમની ઈસ્લાહની તરફ તવજ્જોહ ફર્માવતા હતા. અને આમ કેમ ન થતું કે આપ અલ્લાહની તરફથી એક દાઈ તથા મુબલ્લિગની હૈસિયતથી દુનિયામાં મોકલવામાં આવ્યા હતા.

## દા'વતના પ્રકાર અને કેટલાક નમૂના

આપે તે સમયના જાલિમો, આલિમો, સૂફીઓ, ફક઼ીહોથી ખિતાબ ફર્માવ્યો. તેમના ખિતાબનાં અમુક અવતરણો વાંચકો સમક્ષ રજૂ કરું છું :–

૧. હે લોકો ! તમે રમઝાનમાં પોતાના નફ્સને પાણી પીવાથી રોકો છો અને જ્યારે ઈફતારનો સમય થાય છે તો મુસલમાનોના ખૌફથી ઈફતાર કરો છો અને તેમના પર જુલ્મ કરીને જે માલ પ્રાપ્ત કર્યો છે તેને પેટમાં ઉતારો છો !

૨. હે લોકો ! અફસોસ ! કે તમે પેટ ભરીને ખાવ છો અને તમારા પડોસી ભૂખ્યા રહે છે, અને પછી દાવા એ કરો છો કે અમે મો'મિન છીએ ! તમારું ઈમાન સહી નથી ! જુઓ આપણા નબી علیہ الصلوٰۃ والسلام પોતાના હાથો વડે માગનારને આપતા હતા, પોતાની ઊંટણીને ચારો નાખતા હતા, તેનું દૂધ દોહતા હતા, અને જાતે પોતાની કમીસ સીવતા હતા. તમે તેમની તાબેદારીનો દાવો કઈ રીતે કરો છો ?! જ્યારે કે બોલવા ચાલવામાં તેમનાથી વિરુદ્ધ કરો છો !

આપે તે સમયના મોલ્વીઓ, ફક઼ીહો અને ઝાહિદોને સંબોધન કરીને ફર્માવ્યું :–

૩. હે મોલ્વીઓ ! ફક઼ીહો ! ઝાહિદો ! આબિદો ! હે સૂફીઓ ! તમારામાં કોઈ એવું નથી જે તૌબાનો હાજતમંદ ન હોય, અમારી પાસે તમારી મૌત અને જીવનની દરેક ખબર છે. સાચી મહોબ્બત જેમાં બદલાવ નથી આવી શક્તો તે મહોબ્બતે ઈલાહી છે, જેને તમે દિલની આંખોથી જુઓ છો અને એ જ મહોબ્બત રૂહાની સિદ્દીક઼ોની મહોબ્બત છે.

૪. હે ઈલાહી ! તું મુનાફિક઼ોની શૌકતને તોડી નાખ અને તેઓને ઝલીલ ફર્માવ. તેઓને તૌબાની તૌફીક઼ આપ, અને જાલિમોના જોરને તોડી નાખ. જમીનને તેઓથી પાક ફર્માવી દે અથવા તેમની ઈસ્લાહ ફર્માવ.

*–(ઈક઼તિબાસાત, અઝ : ફતહે રબ્બાની)*

## ગૌષે આ'ઝમનો તબ્લીગનો અંદાજ અને વર્તમાન જગત

આજે જેટલા પ્રમાણમાં ગૌષે આ'ઝમની કરામતોને બયાન કરવામાં આવે છે અને આપણા મુબલ્લિગો તથા ખતીબો પોતાના બયાનોમાં પેશ કરે છે એ બહું જ સારી વાત છે પરંતુ જો એ જ પ્રમાણે અવામની સામે આપની તે કોશિશો અને જિદ્દો જેહદોને જે દીનને બચાવવા માટે કરેલ છે તે રજૂ કરવામાં આવે તો તેનાથી બે ફાયદા થશે. પ્રથમ તો તે લોકો જેઓ માત્ર અને માત્ર આપને કરામત સુધી જ લિમિટેડ સમજે છે તેમની મા'લૂમાતમાં વધારો થશે. બીજુ આપણી અવામ અને ખવાસમાં તબ્લીગનો જઝબો પણ પેદા થશે, જેનાથી આજે પણ ગુમરાહ લોકોને રાહે હિદાયત નસીબ થઈ શકે છે. એ શર્ત સાથે કે આજના મુબલ્લિગો અને દાઈયાને ઈસ્લામની તબ્લીગનો તરીક઼ો સૈયદના ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ની તબ્લીગની જેમ હોય. હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہ એ શરીઅતના બેજાન શરીરમાં ફરીવાર જાન નાખી દીધી અને આપની દા'વત તથા તબ્લીગે હજારો ભટકેલા લોકોને મંઝિલે મક઼સૂદ સુધી પહોંચાડી આપ્યા, જેના કારણે રબ તરફથી આપનો લક઼બ ''મોહયુદ્દીન'' મશ્હૂર થઈ ગયો. આપના દા'વતો તબ્લીગ અને ખુત્બાના તરીક઼ાથી લોકો આજે પણ ફૈઝયાબ થઈ રહ્યા છે અને ક઼યામત સુધી ઈન્શાઅલ્લાહ ! થતા રહેશે.

*–(હવાલો : સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, જાન્યુ–૨૦૧૭)*

અતિશય હિકમતપૂર્ણ, પ્રાકૃતિક તથા ભલાઈથી ભરપૂર.....

# ઈસ્લામનું તલાક઼ વિશે બંધારણ

## કુર્આન હદીષની રોશનીમાં

અઝ : મુહક્કિ઼કે઼ મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફ્તી નિઝામુદ્દીન રઝવી

(સદર મુફ્તી : જામિઆ અશરફિયા–મુબારકપુર)

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)

હપ્તો છેલ્લો

કુર્આને પાકની સૂરએ બકરહ, સૂરત નં–૨, આયત નં–૨૨૯માં અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :

اَلطَّلَاقُ مَرَّتٰنِ فَاِمۡسَاکٌۢ بِمَعۡرُوۡفٍ اَوۡ تَسۡرِیۡحٌۢ بِاِحۡسَانٍ

"તલાક઼ બે વાર છે, પછી ભલાઈની સાથે (પોતાના પત્નીપણામાં) રોકી લેવું છે, અથવા ભલાઈની સાથે છોડી આપવું છે. "મતલબ એ છે કે એકવાર તથા બે વારના પછી રજૂઅ કરી (તલાક઼ પરત લઈ) શકે છે અને રજૂઅ કરીને પત્ની સાથે ખુશીપૂર્વક જીવન ગુજારે, અને એ મંઝૂર ન હોય તો ઈદ્દત સુધીનું રહેઠાણ તથા ભરણ પોષણ વગેરેની વ્યવસ્થા કરીને છોડી આપે જેથી તેણી પોતાની પસંદગીની જિંદગી ગુજારી શકે.

અને એ જ સૂરએ બક઼રહની આયત નં–૨૩માં ફર્માવવામાં આવી રહ્યું છે :–

فَاِنۡ طَلَّقَهَا فَلَا تَحِلُّ لَهٗ مِنۡۢ بَعۡدُ حَتّٰی تَنۡكِحَ زَوۡجًا غَيۡرَهٗ

"જો પતિએ ત્રીજી તલાક઼ પણ આપી દીધી તો પત્ની હવે હલાલ ન રહી, જ્યાં સુધી તેણી બીજા પતિ (સાથે નિકાહ કરીને) સાથે રહે. જાણવા મળ્યું કે **જો કોઈ ત્રણ તલાક઼ો આપી દે છે તો ત્રણેવ તલાક઼ો લાગુ થઈ જાય છે અને પત્ની માટે પતિ સાથે રહેવું હલાલ નથી રહી જતું.** અરબી ભાષામાં ف તરત જ કોઈ કામને થવાનુ દર્શાવે છે. એ જ સ્થિતિ فَاِنۡ طَلَّقَهَاની છે. જેથી આયત નં–૨૨૯ તથા ૨૩૦નો સાર એ નીકળ્યો કે જો પતિએ પોતાની પત્નીને કહ્યું, "તને તલાક઼" પછી કહ્યું, "તને તલાક઼" અને તેના બાદ તરત કહ્યું, "તને તલાક઼," તો **ત્રણેવ તલાક઼ો લાગુ પડી જશે.**

*બુખારી શરીફ* જે કિતાબુલ્લાહ (કુર્આન શરીફ) પછી પૃથ્વીના પટ પર સૌથી સહીહ કિતાબ છે એમાં આ હદીષ મૌજૂદ છે કે **હઝરત ઓવૈમર અજલાની رضی اللہ عنہએ પોતાની પત્નીને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની પાસે ત્રણેવ તલાક઼ો આપી દીધી અને સરકાર صلی اللہ علیہ وسلمએ ત્રણેવ તલાક઼ો લાગુ કરી આપી.** હદીષે પાકના શબ્દો છે :–

فطلّقها من غيرِ أن يأمره رسولُ اللّٰه صلى اللّٰه تعالٰى عليه وسلم

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના હુકમ વિના તેમણે પોતાની ત્રણેવ તલાક઼ો આપી દીધી. ઈમામ બુખારી رحمۃ اللہ علیہએ જે ટાઈટલ હેઠળ આ હદીષ નક઼લ કરી છે એનાથી સ્પષ્ટ જાહેર થાય છે કે ત્રણેવ તલાક઼ો લાગુ પડી ગઈ. અને *સુનને અબૂ દાઊદ શરીફ* ના શબ્દો છે :

فطلّقها ثلٰث تطليقات عن رسول اللّٰه صلى اللّٰه تعالٰى عليه وسلم، فأنفذه رسول اللّٰه صلى اللّٰه تعالٰى علكه وسلم

હઝરત ઓવૈમર અજલાની رضی اللہ عنہએ

રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં હાજર રહીને પોતાની પત્નીને ત્રણેવ તલાક઼ો આપી દીધી તો રસૂલુલ્લાહ ﷺએ ત્રણેવ તલાક઼ને લાગુ કરી આપી.

તો જાણવા મળ્યું કે **એક સાથે ત્રણેવ તલાક઼ો આપી દેવામાં આવે તો ત્રણેવ તલાક઼ો લાગુ પડી જાય છે એ વાતમાં કોઈ શંકાને સ્થાન નથી.** જેથી સાબિત થયું કે હદીષોથી પણ ત્રણેવ તલાક઼ો લાગુ પડે છે. અને એના પર સહાબાઓનો ઈજમાઅ (એકમતિ) છે.

આજે એક ગલત ફહમી મુસલમાનો વચ્ચે એ ફેલાવવામાં આવે છે કે તલાક઼નું આ બંધારણ આલિમોનું બનાવેલુ છે એટલા માટે એના પ્રતિધ્યાન આપવામાં ન આવે ! અને ક્યાંક ક્યાંક મુસલમાન પણ શંકા કુશંકામાં સપડાયા. હું આજે *અશરફી ચેનલ* ના થકી એ પયગામ આમ કરવા ચાહું છું કે **આ તલાક઼નું બંધારણ (નીતિ નિયમો) કુર્આને આપેલ છે, આ તલાક઼નું બંધારણ નબી પાક ﷺની હદીષોએ આપેલ છે, આ રસૂલુલ્લાહ ﷺનું ફર્માન છે, અને એ અલ્લાહ ﷻનું ફર્માન છે.** આ તેમનું ફર્માન છે કે જેમના બારામાં અમારું તથા દરેક મુસલમાન પુરૂષ સ્ત્રીનું ઈમાન છે અને એની સમક્ષ અમો સ્વીકારનું માથુ નમાવેલ છે.

**હૈ ક઼ૌલે મુહમ્મદ ક઼ૌલે ખુદા,**
**ફર્માન ન બદલા જાએગા**
**બદલેગા ઝમાના લાખ મગર,**
**કુર્આન ન બદલા જાએગા**

આ દલીલોને સાંભળીને કેટલાયે સ્થળોએ કેટલા બુધ્ધિવાદીઓએ એ પ્રશ્ન ઉઠાવ્યો કે, ભલે સારું ! કે ત્રણ તલાક઼ો આપવાથી ત્રણ લાગુ થઈ જાય છે અને એ બુધ્ધિના પ્રમાણે છે, કુર્આનના પ્રમાણે છે, હદીષના પ્રમાણે છે, અમે એને સ્વીકારીએ છીએ. પણ એ કેવી વાત છે કે જુર્મ પતિ કરે છે અને સજા પત્નીને આપવામાં આવે ?! મેં કહ્યું, જો તમો એને સજા સમજો છો તો એ પત્ની કરતાં વધીને પતિને સજા છે, કેમ કે **જે લોકો પુરૂષોની માનસિકતાથી માહિતગાર છે તેઓ સારી પેઠે જાણે છે કે તેની પત્ની બીજાની પાસે જાય એ તેની ઈજ્જતના માટે ઘણી જ મોટી ચેલેન્જ છે ! એક ગૈરતમંદ (શરમવાળા) પુરૂષની ગૈરત કેવી રીતે માન્ય કરી શકે છે કે જે પત્ની તેની સાથે રહી ચૂકી તે અન્ય પુરૂષની પાસે જઈને રાત ગુજારે ?! આ પતિની ગૈરત માટે ઘણી જ મોટી ચેલેન્જ છે.** અને સાચી વાત એ છે કે આ હક઼ીક઼તમાં સજા નથી.

સ્ત્રીઓ પણ ત્રણ પ્રકારની છે : અમુક તો તે સ્ત્રીઓને તલાક઼ થઈ જાય છે જેમની હજી વિદાયગીરી નથી થઈ. તો એમનો તો કોઈ પ્રશ્ન જ નથી. તેમના બીજા ઠેકાણે નિકાહ થઈ જાય છે પછી તે ચૈનથી જિંદગી ગુજારે છે. બીજી તે સ્ત્રીઓ છે જે વૃધ્ધ થઈ ચૂકી છે, જેમનાં બાળકો યુવાન થઈ ચૂક્યાં છે, શાદી વગેરે પણ થઈ ચૂકી છે. તેમને જો વૃધ્ધે કદી ગુસ્સામાં તલાક઼ આપી દીધી તો તેણી પોતાનાં બાળકો સાથે રહી લે છે. આપણા દારૂલ ઈફતા તેમને ઈજાઝત આપી દે છે કે પોતાનાં બાળકો સાથે રહીને જિંદગી પસાર કરે, તો તે પણ ચૈનથી જિંદગી પસાર કરે છે. તો અહીં પણ બાળકોથી વિખુટા થવાનુ નથી થતું અને સજા એટલે હલાલાનો કોઈ ખયાલ પણ નથી. તો બે પ્રકારની સ્ત્રીઓ સ્પષ્ટપણે એ સજાથી મેહફૂઝ છે જેને દુનિયા સજા સમજી રહી છે. રહી ગઈ ત્રીજા પ્રકારની સ્ત્રીઓ જેઓ હજી યુવાન છે અને જેની પાસે નાનાં નાનાં બાળકો છે અને તેને શાદીની જરૂરત છે, તે શાદી કરશે. તો અમો કહીએ છીએ કે તલાક઼ પછી કોઈ પણ સમાજમાં તથા આપણા સમાજમાં પણ નિકાહ કરીને ઈજ્જતભેર જિંદગી પસાર કરવી, તક઼્વો તથા પવિત્રતા અપનાવવી એ કોઈ સજા નથી, બલ્કે એ

તો સુન્નત છે આપણો સમાજ એ ઈજાઝત આપી દે છે, અને દરેક બુધ્ધિશાળી વર્ગનો સમાજ પણ ઈજાઝત આપે છે કે યુવાન સ્ત્રીની શાદી કરાવી દેવામાં આવે એમાં તેણીના માટે પણ ભલાઈ છે અને સમાજના માટે પણ ભલાઈ છે, એનાથી પૂરો સમાજમાં નજરની પવિત્રતા અને સ્વભાવની પવિત્રતા અને સચરિત્રતા અને ઈજ્જતવાળો માહોલ રચાય જાય છે. જો શાદી કરવી અને પતિ સાથે રહેવું કોઈ સજા છે તો પ્રથમ પતિની સાથે શાદીને પણ કહી આપો કે એ સજા છે. અરે ! સ્ત્રી આજના આઝાદ વાતાવરણમાં કોઈના હાકિમપણા (પતિના સાયા) વિના અને વિના શાદીએ રહે, એ જ સૌથી સારું સમજો છો તમે ?! પણ દુનિયાનો કોઈ પણ સભ્ય સમાજ એ ઈજાઝત નથી આપતો કે કોઈ સ્ત્રી શાદી વિના રહે. તો જ્યારે તમે શરૂમાં નિકાહની ઈજાઝત આપો છો અને કહો છો કે એ સજા નથી, તો પછી બીજીવાર નિકાહ કરવાની ઈજાઝત આપી દેવામાં આવી તો એ કેવી રીતે સજા છે ? તો હક઼ીક઼ત એ છે કે નિકાહ પ્રથમ હોય કે બીજા એ સજા નથી જ અને નથી, બલ્કે બોધ લેવાનો સબબ છે, કેમ કે એના થકી પુરૂષની ગૈરતને પણ ચેલેન્જ કરવામાં આવે છે અને સ્ત્રીની ગૈરતને પણ ચેલેન્જ કરવામાં આવે છે. અને એ જ કારણે જ્યારે પતિ પત્નીને જાણ થઈ જાય છે કે ત્રણ તલાક઼ના કારણે બીજા પુરૂષ સાથે નિકાહ અને રાત ગુજારવી પડશે, તો તેઓ કદી તલાક઼ની નજીક નથી જતાં.

હું આપને જણાવું કે ઈ.સ. ૧૯૭૬થી હું ફતવા લખવાનું કામ કરી રહ્યો છું, એના હિસાબે ૪૦ વરસનો અરસો ફતવા નવેશીમાં પસાર થયો. મેં સેંકડો સ્ત્રીઓને જેમની ત્રણ તલાક઼ થઈ ગઈ હતી તેમને બતાવ્યું કે તમારા માટે પ્રથમ પતિ પાસે પરત આવવાનો એ જ એક માર્ગ (હલાલાનો) છે. તો ચાલીસ વરસના ફતવાનવેશીના અરસામાં એક બનાવ પણ એવો મારી સામે નથી આવ્યો કે બીજી વાર સ્ત્રીના પરત થયા બાદ પતિએ કદી તલાક઼ આપી હોય, અને પત્નીએ કદી તલાક઼ની વાત કરી હોય. હું કહું છું કે આપણી દ્દષ્ટિમાં તો બોધપાઠનો દર્સ છે, પરંતુ જેમની નજરોમાં એ સજા છે તો તેઓ બતાવે કે **આખી દુનિયાએ મળીને પણ કોઈ જુર્મની એવી સજા તજવીઝ કરી આપી છે કે સજા પામ્યા બાદ મુજરિમ જિંદગીભરના માટે તે ગુનાહથી દૂર રહેતો થઈ જાય ? છે કોઈ દુનિયાની ગવર્નમેન્ટમાં એનું કોઈ દ્દષ્ટાંત ?!** શરાબી શરાબ પીએ છે તો પોલીસ સજા આપે છે, જેલમાં બંધ કરી આપે છે. પાછો આવે છે તો પોલીસની નજરોથી બચીને ફરી શરાબ પીવા માંડે છે. ચોર ચોરી કરે છે, ડાકૂ ડકૈતી કરે છે, લાંચીયો લાંચ લે છે અને પોતાના જુર્મની સજા પણ વેઠે છે, જેલમાં પણ જાય છે, પણ પાછો આવે છે તો ફરી પાછો તે લાંચ પણ લે છે, ડકૈતી પણ કરે છે.....સારાંશ કે દુનિયામાં જેટલા જુર્મો છે તેના માટે આપણી ગવર્નમેન્ટે તથા દુનિયાની ગવર્નમેન્ટોએ એ જુર્મોના માટે જે સજાઓ નિશ્ચિત કરી છે, તેમાં કોઈ સજા એવી નથી કે જેનાથી મુજરિમને હમેશાના માટે તે ગુનાહથી દૂર રાખ્યો હોય, પરંતુ જો એ બીજો નિકાહ સજા છે તો અમે કહીએ છીએ કે આ એવી સજા છે, અને અમારી દ્દષ્ટિમાં એવો બોધપાઠ છે કે એના પછી (પરત પતિ આવ્યા બાદ) ન તો સ્ત્રી તલાક઼ના માટે વિચારે છે અન ન તો પતિ તલાક઼ વિશે વિચારે છે. એ જ કારણે મારી ચાલીસ વરસની જિંદગીમાં એક બનાવ પણ એવો નથી આવી શક્યો કે ત્રણ તલાક઼ો પછી (હલાલા બાદ) બંનેવે ફરીથી નિકાહ કરીને નવી જિંદગીની શરૂઆત કર્યા બાદ તેમની વચ્ચે તલાક઼ની કોઈ ઘટના ઉપસ્થિત થઈ હોય. જો આપણી ગવર્નમેન્ટ મુસ્લિમ પર્સનલ લોમાં તબદીલી લાવવા ચાહે છે તો હું શા માટે વાંધો ઉઠાવું ?! ગવર્નમેન્ટના હાથ ઘણા મજબૂત છે,

તેની પાસે સત્તા છે, અલ્બત્ત ગવર્નમેન્ટથી કાંઈક ગુઝારિશ કરવાનો હક્ક અમને જરૂર છે કે આપણો દેશ સેક્યુલર (બિનસાંપ્રદાયિક) છે, સૌને વાણી સ્વાતંત્ર્ય અને ધર્મ પાલનની આઝાદીનો હક્ક આપણા કાનૂને આપ્યો છે.

એટલા માટે અમે ગવર્નમેન્ટથી ગુઝારિશ કરીએ છીએ કે ગવર્નમેન્ટ (તલાક઼ના કાનૂનમાં) ફેરફાર કરવા ચાહતી હોય તો કરે, મુસ્લિમ પર્સનલ લોમાં તબદીલી લાવવા ચાહે છે તો લાવે, પોતાની સત્તાનો ઉપયોગ કરે, પરંતુ એના પહેલાં અમને જણાવે કે તે કેવો કાનૂન લાવશે જે ઈસ્લામના કાનૂનથી પણ બેહતર હોય ?! **હું કહું છું કે એક આપણી ગવર્નમેન્ટ તો શું આખા જગતની ગવર્નમેન્ટ ભેગી મળીને ઈસ્લામના કાનૂનથી બેહતર કાનૂન લાવવાનો તો દૂરની વાત છે, પણ એના જેવો પણ કોઈ કાનૂન નથી લાવી શકતી.** અને જ્યારે એવો કાનૂન લાવી જ નથી શકાતો તો પછી એમાં ફેરફારના માટે, તબદીલીના માટે શાથી વિચારવામાં આવે છે ?! હું ઉમ્મીદ કરું છું કે આપણી ગવર્નમેન્ટ અમારી આ ગુઝારિશને ગંભીરપણે સાંભળી લેશે અને એના પર વિચારણા કરશે કે ખરેખર મામલો શું છે.

હું આપણી ગવર્નમેન્ટ તથા આપણા ભાઈઓ તથા બુદ્ધિજીવીઓ પર એ પણ સ્પષ્ટ કરી દેવા માગુ છું કે તલાક઼ના જે બનાવો બને છે તે એક તરફી નથી હોતા ! તે લોકો શું જાણે ! જેમની પાસે એ કેસ જતા જ નથી. હું તો દિન પ્રતિ દિન مَا يُفَرِّقُونَ بِهٖ بَيْنَ الْمَرْءِ وَزَوْجِهٖ ના હુકમો સંભળાવતો રહું છું. મારાં ચાલીસ વરસો એમાં વહી ચૂક્યાં છે. બહુ જ ઓછું એવું થાય છે કે કેવળ પતિનો વાંક હોય, અધિક્તર પતિ તથા પત્ની બંનેવનો કુસૂર હોય છે, બંને તરફથી ખામી હોય છે. થાય છે શું કે પતિ પત્નીમાં ઝઘડો થાય છે, પત્ની બોલ બોલ કરવાથી અટકતી નથી. પતિ કહે છે, "ઝબાન રોકી લે ! ચૂપ રહે !" તેણી કહે છે, "હું ચૂપ થવાની નથી !" પતિ કહે છે, "હવે ચૂપ નહીં થાય તો હું તલાક઼ આપી દઈશ !" તો એ તેણી પણ છાટી કાઢીને કહે છે, "આપીને જોઈ લો !" શું કારણે પત્ની આવું બોલે છે ?! કેમ કે સામાન્યતઃ બાળકો નથી હોતાં ત્યાં સુધી તલાક઼નો બનાવ નથી બનતો. તમો આખા દેશનો સર્વે કરીને જોઈ લો કે જ્યાં સુધી બાળકો નથી હોતાં તલાક઼નો બનાવ નથી બનતો. તલાક઼ ક્યારે થાય છે જ્યારે કે બાળકો થઈ જાય છે. તો પત્ની શા માટે કહે છે કે તલાક઼ આપીને જોઈ લો ! કેમ કે નાનાં નાનાં બાળકો છે ! અને તેણી જાણે છે નાનાં બાળકોના પેશાબ, જાજરૂને એ (પતિ) સાફ કરી શક્શે નહીં, એ કામ તો મારું (પત્નીનું) છે, એ બાળકોની દેખભાળ હું જ કરી શકુ છું, પતિ નહીં કરી શકે, એટલા માટે તલાક઼ આપી શક્શે નહીં. આમ સમજીને તેણી પતિને ચેલેંજ કરતી રહે છે કે, "આપીને જોઈ લો !" જો પતિ કાંઈ પણ ગંભીર પ્રકૃતિનો છે તો સબર કરી જાય છે અને ત્યાંથી ખસી જાય છે. પણ દરેક વ્યક્તિ ગંભીર તથા સંયમ જાળવનાર નથી હોતી, દરેક શખ્સ સબ્ર કરનાર નથી હોતો. જેથી જે નાદાન છે અને જેને શરીઅતના તે હુકમોનો ઈલ્મ નથી તેઓ ત્રણેવ તલાક઼ (એકી સાથે) આપી બેસે છે. બાદમાં જ્યારે ગુસ્સો ઠંડો પડે છે તો પત્ની પણ અમારી પાસે આવીને રડે છે અને પતિ પણ આવીને રડે છે કે મારી નિય્યત તલાક઼ આપવાની ન હતી, મેં તો ગુસ્સામાં આપી દીધી. અરે મિયાં ! કોઈ પ્યાર મહોબ્બતમાં પણ તલાક઼ આપે છે ?! તલાક઼ તો ગુસ્સામાં જ આપવામાં આવે છે, ઝઘડા દરમ્યાન જ આપવામાં આવે છે.

બતાવવા એ ચાહુ છું કે તલાક઼ તથા ત્રણ તલાક઼માં વાંક કેવળ પતિનો નથી, પત્નીનો પણ છે. બલ્કે સામાન્યતઃ સ્ત્રીનો વાંક અધિક હોય છે, પુરૂષનો ઓછો હોય છે. એટલા માટે જો કોઈ એવું કહે છે કે, "વાંક છે પતિનો અને સજા પત્નીને આપવામાં આવી રહી છે !" તો એવું કહેનાર ગલત કહે છે, કેમ કે તેની પાસે તલાક઼ના કેસો નથી જતા એટલા માટે એનું મંતવ્ય વજનવાળુ નથી હોઈ શકતું. જે મુફતીઓની

પાસે રોજ કેસ આવે છે, જેમણે સેંકડો કેસ પોતાની જિંદગીમાં જોયા છે, તેમને પૂછો કે હક઼ીક઼ત શું છે ? તેઓ યોગ્ય પરીક્ષણ કરીને અને યોગ્ય સર્વે કરીને બતાવશે. તમો ચાહો તો તમો પણ સર્વે કરી લો અને જોઈ લો, કે એક તો વાંક પતિનો નથી, બંનેવનો છે. **બીજું** વાંક છે અને આ સજા છે, તો **સ્ત્રી કરતાં પતિના માટે અધિક સજા છે.** અને સાચુ એ છે કે આ બોધપાઠ છે, અને આ એવો બોધપાઠ છે જે કાયમ માટે બંનેવને કન્ટ્રોલ કરી આપે છે. એના જ કારણે જ્યારે પતિ પત્નીને તેની ભયાનક્તાનો ઈલ્મ થઈ જાય છે તો પછી તે બીજીવાર તલાક઼નું નામ નથી લેતાં, બલ્કે તલાક઼ માટે વિચારતાં પણ નથી !

સારું ! તલાક઼નો બનાવ કેમ ઉપસ્થિત થઈ રહ્યો છે ? એનું જાહેર કારણ જેહાલત (અજ્ઞાનતા) છે. **લોકો શરીઅતના તલાક઼ના બંધારણથી માહિતગાર નથી, વાકેફ જ નથી ! અને એવું સમજે છે કે ત્રણ તલાક઼ો આપ્યા વિના તલાક઼ પડતી જ નથી !" આ નાદાનીના કારણે એઓ એકી સાથે ત્રણ તલાક઼ો આપી દે છે.** જો એમને ઈસ્લામનો તલાક઼ વિશેનો નિયમ જણાવી દેવામાં આવે કે કુર્આન આ પ્રમાણે કહે છે, રસૂલુલ્લાહ ﷺ આ પ્રમાણે ફર્માવે છે, અને ત્રણ તલાક઼નો આ હુકમ છે અને અંજામ એનો આ છે, તો કદાપિ ત્રણ તલાક઼નું નામ ન લેતા.

આપણો સમાજ ત્રણ વર્ગોમાં વહેંચાયેલો છે : **પ્રથમ વર્ગ** : સામાન્ય પબ્લિકનો કે જે અનપઢ છે અને તેમને ઈસ્લામના તલાક઼ વિશેના બંધારણ (નીતિ નિયમો)ના બારામાં કાંઈ પણ માલૂમ નથી. **બીજો વર્ગ** : કોલેજો તથા યુનિવર્સિટીના શિક્ષિત લોકોનો છે જે સભ્યતાવાળા લોકો છે. અને **ત્રીજો વર્ગ** : આલિમોનો છે, ફક઼ીહોનો છે, હાફિઝોનો છે, ક઼ારીઓનો છે અને એ લોકોનો છે જે આલિમ તથા ફક઼ીહોની સોહબતમાં રહે છે. તલાક઼ પહેલા વર્ગમાં થાય છે જે આમ પબ્લિકનો વર્ગ છે, જેઓ અનપઢ છે, જેમને તલાક઼ના બારામાં કાંઈ જ માલૂમાત નથી. અને જે યુનિવર્સિટીઓ તથા કોલેજોનો શિક્ષિત વર્ગ છે એમને ત્યાં તલાક઼નો પ્રસંગ બને છે, પણ બહું ઓછો. હજારોમાં કદી કદી એક કેસ આવી જાય છે. અને જે ત્રીજો વર્ગ છે, ઉલમાનો, ફક઼ીહોનો, હાફિઝો તથા ક઼ારીઓનો, તો આ વર્ગમાં દૂર દૂર સુધી તલાક઼નો કોઈ ખયાલ નથી જોવા મળતો. અને જો તમે પરીક્ષણ કરો, સર્વે કરો તો આપને જણાય જશે કે સમાજમાં સૌથી સારું દાંપત્ય જીવન (ગૃહ સંસાર) આલિમનું પસાર થાય છે, મુફતીઓનું પસાર થાય છે, હાફિઝોનું તથા ક઼ારીઓનું ગુજરે છે. કેમ કે તેમને ખબર છે કે ઈસ્લામનું તલાક઼ વિશે બંધારણ આ છે, એઓ જાણે છે કે ત્રણ તલાક઼ એક સાથે આપી દેવામાં આવશે તો તેની ભયાનક્તાઓ આ છે, એ ઘણો ખતરનાક મોડ હશે. એટલા માટે ઉલમાના વર્ગમાં કદાપિ એક સાથે ત્રણ તલાક઼ની કલ્પના જોવા પણ નથી મળતી. જે બીજો શિક્ષિત વર્ગ છે એમને ત્યાં તલાક઼નો બનાવ જોવા મળે છે પણ બહું જ થોડો, નામ પૂરતો. જે ત્રીજો વર્ગ છે જે અનપઢ છે, એમના ત્યાં જ તલાક઼ જોવા મળે છે, તે પણ એટલી અધિક નથી જેટલો શોર મચાવવામાં આવી રહ્યો છે. મુશ્કેલીથી બે ટકા કે એનાથી પણ ઓછા પ્રમાણમાં હશે.

તો આપણા સમાજની અસલ બીમારી જેહાલત (અજ્ઞાનતા) છે. અમે માનીએ છીએ કે એક સાથે પોતાની પત્નીને ત્રણ તલાક઼ો આપવી એક બીમારી છે જે આપણા સમાજમાં ઘર કરી ગઈ છે. પરંતુ આ બીમારીના ઈલાજ માટે જરૂરી છે કે તેના સબબની તપાસ કરી લેવામાં આવે કે સબબ શું છે ? તમને કોઈ બીમારી થઈ ગઈ. ડોકટર ઉલટ સુલટ દવા આપી શકે છે પણ પેથોલોજી (Pathology)માં જાંચ કરીને બીમારી નિશ્ચિત થઈ જાય તો એક જ ટેબ્લેટ લખી આપશે અને તબીઅત ઠીક થઈ જશે. નહીં તો શું થશે કે દર્દ થશે હૃદયમાં અને દવા નાખવામાં આવશે આંખમાં ! આ કોઈ ઈલાજ છે ? એ કોઈ ડોકટર છે કે હાર્ટમાં દર્દ થઈ રહ્યું છે, દિલમાં દર્દ થઈ રહ્યું છે અને દવા આંખમાં નાખી રહ્યો છે ! એ શા માટે નાખી

રહ્યો છે ? એટલા માટે કે એને બીમારીને નિશ્ચિત જ નથી કરી કે બીમારી ક્યાંથી છે અને શા માટે છે ? જો તેને નિશ્ચિત કરી લેત તો દવા આંખમાં ન નાખત, બલ્કે એન્જોઈનાનો ઈલાજ કરત.

એ જ પ્રમાણે ત્રણ તલાક઼ની બીમારી આપણા સમાજમાં કેમ આવી ? એ બમારીની નિશ્ચિતતાની જરૂરત છે અને એને નિશ્ચિત કરવા માટે જે પેથોલોજી છે તે દારુલ ઈફતા છે. આવી જાવ અમારા દારુલ ઈફતાના પેથેલોજીમાં ! અમારા દારુલ ઈફતા બતાવશે કે આ બીમારીનો મૂળ સબબ જેહાલત છે, તલાક઼ના બંધારણ (નીતિ નિયમો)થી અજાણતા છે. જો આપણી ગવર્નમેન્ટ આપણી સાથે હમદર્દીનો વર્તાવ કરે તો ઘણી સારી વાત છે, અમે એનું સ્વાગત કરીએ છીએ. અમે ચાહીએ છીએ કે આપણા સમાજમાં ઘરે ઘર ઈસ્લામના બંધારણની રોશની પહોંચી જાય. અમો એ રોશનીને પહોંચાડી રહ્યા છીએ. કદી દિલ્હી થકી પહોંચાડી રહ્યા છીએ, ક્યારેક અહમદાબાદ, લુણી શરીફની ખાનક઼ાહથી પહોંચાડી રહ્યા છીએ, કદી મુસ્લિમ યુનિવર્સિટી થકી પહોંચાડી રહ્યા છીએ, કદી અશરફી ચેનલ થકી પહોંચાડી રહ્યા છીએ, કદી ભરૂચના સુન્ની દા'વતે ઈસ્લામીના સુન્ની ઈજતેમા થકી પહોંચાડી રહ્યા છીએ, કદી મુંબઈના સુન્ની દા'વતે ઈસ્લામીના આલમી ઈજતેમા થકી પહોંચાડી રહ્યા છીએ. તો ગવર્નમેન્ટ અમારી મદદ કરે કે અમે ઈસ્લામના તલાક઼ના નીતિ નિયમોનો આ પયગામ ઘર ઘર પહોંચાડી દઈએ. અમારી ગવર્નમેન્ટ વિશ્વાસ રાખે કે જે દિવસે આ પયગામ અમારા અનપઢ વર્ગોમાં પહોંચી જશે તો આપો આપ ત્રણ તલાક઼ના દરવાજા પર એવું તાળુ લાગી જશે અને એ દરવાજો એવો બંધ થઈ જશે કે દુનિયા એક સાથે ત્રણ તલાક઼નું નામ સાંભળવાથી તરસી જશે. ગવર્નમેન્ટ યાદ રાખે કે જે દિવસે આ પયગામ દરેક ઘરમાં પહોંચી જશે તો દરેક ઘરમાં ત્રણ તલાક઼ના દરવાજા પર તાળુ જરૂરથી લાગી જશે.

એક વાત અમે અમારા મુસલમાન ભાઈઓને, ખાસ કરીને સામાન્ય વર્ગના લોકોને એ કહેવા ચાહીશું કે આજે ઈસ્લામના હુકમોથી નાવાકેફીના કારણે આપે ત્રણ તલાક઼નો દરવાજો ખોલ્યો, અને આજે જુઓ કે દીનના ઉલમાની સામે કેવી મુશ્કેલીઓ આવી ગઈ છે ?! ઈસ્લામના માટે કેટલી મોટી ચેલેંજ આવી ગઈ છે કે આજે મુસ્લિમ પર્સનલ લોમાં આપણી ગવર્નમેન્ટ હમદર્દીના નામ પર દખલગીરી કરવાનું વિચારી રહી છે ! અમે તમોને જણાવ્યું કે ત્રણ તલાક઼ એક સાથે આપવાથી આપણા રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام નારાજ થઈ ગયા, જે રહ્‌મતુલ્ લિલ્ આલમીન છે ! અને જ્યારે રસૂલુલ્લાહ ﷺ નારાજ થશે તો અલ્લાહ ﷻ નારાજ થશે. અને જે અમલથી અને જે ફેઅલથી રસૂલુલ્લાહ ﷺ નારાજ થાય, અલ્લાહ નારાજ થાય, દીનના મુફતીઓ નારાજ થાય, તેનાથી જો આપણી ગવર્નમેન્ટ નારાજ થઈ ગઈ તો એમાં શું આશ્ચર્ય છે ?! મુસલમાનો ! અમો "અશરફી ચેનલ" થકી આપના સુધી એ પયગામ પહોંચાડવા ચાહીએ છીએ કે આપ ત્રણ તલાક઼ના કુસૂરથી દૂર થઈ જાવ. ત્રણ તલાક઼ આપવાથી અલ્લાહની બારગાહમાં તૌબા કરી લો. રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં તૌબા કરી લો. તૌબા કરીને આપ અલ્લાહને રાજી કરી લો, રસૂલુલ્લાહ ﷺને રાજી કરી લો તો અમે ઈત્મિનાન અપાવીએ છીએ કે જે દિવસે આપે અલ્લાહને રાજી કરી લીધો, રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامને રાજી કરી લીધા તો અમો પણ અમારી કોશિશો વડે આપણી ગવર્નમેન્ટે મનાવી લઈશું અને આપણી ગવર્નમેન્ટ જે વિચારીને બેઠી છે એનાથી અટકી જશે. ખુદા કરે કે આપ અમારી આ વિનવણીઓ પર અમલ કરો. આમ તો અમે આપને એ ઈત્મિનાન અપાવવા માગીએ છીએ કે ઈસ્લામ તે ચમકતો સૂરજ છે અને તે ચિરાગ છે જેની રક્ષા કુદરતે ઈલાહી કરે છે, એટલા માટે આ ચિરાગ ન કાલે ઓલવાયો હતો ન આજે ઓલવાયો છે અને ન કદી ઓલવાશે.

**કુદરત સે અપની જિસકી હિફ઼ાઝત ખુદા કરે**
**વો શમ્અ ક્યા બુઝે જિસે રોશન ખુદા કરે**

*-(અશરફી ચેનલ-કરજણ, તા. ૫-નવે.-૨૦૧૬)*

### એક કે બે તલાક઼થી પણ પત્ની નિકાહથી નીકળી જશે જેથી

# મુસલમાનો ! એક સાથે ત્રણ તલાક઼ કદાપિ ન આપશો !

**અઝ : મુહક્ક઼િક઼ે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફ્તી નિઝામુદ્દીન રઝવી**
*(સદર મુફ્તી : જામિઆ અશરફિયા–મુબારકપુર)*

**:: અનુવાદક ::**
**પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

નિકાહ એક એવો પવિત્ર સંબંધ છે જેની કૂખેથી દુનિયાના સર્વ રિશ્તા (સગાઈઓ) અસ્તિત્વમાં આવે છે અને માનવ સમાજમાં બેહયાઈ તથા બિભત્સપણાથી મેહફૂઝ રહીને નફસની પવિત્રતા તથા નજરની પાકીઝગીનું વાતાવરણ સ્થાપિત થઈ જાય છે. એટલા માટે સરવરે કાયનાત ﷺએ હુકમ આપ્યો છે :–

**يَا مَعْشَرَ الشَّبَابِ مَنِ اسْتَطَاعَ مِنْكُمُ الْبَاءَةَ فَلْيَتَزَوَّجْ فَإِنَّه أَغَضُّ لِلْبَصَرِ وَأَحْصَنُ لِلْفَرْجِ**

''હે નવયુવાનોના ગિરોહ ! તમારામાંથી જે કોઈ નિકાહની શક્તિ ધરાવે કે પત્નીની મહેર તથા ભરણ પોષણ અદા કરી શકે, તો તે નિકાહ કરી લે કે એનાથી નિગાહ નીચી તથા શર્મગાહ મેહફૂઝ થઈ જશે. *(સહીહ બુખારી વ મુસ્લિમ, મિશ્કાત, પેજ–૨૬૭)*

તેમજ પતિ પત્નીના સંબંધો ક્યારેક એટલા પ્રમાણમાં તંગ તથા કડવાશભર્યા થઈ જાય છે કે એ વખતે બંનેવમાં જુદાઈ કરવા સિવાય ભલાઈનો કોઈ અન્ય માર્ગ જોવા નથી મળતો. આ જ જુદાઈ તથા અલગ કરવાને તલાક઼ કહે છે.

## તલાક઼ સંબંધી ઈસ્લામી ક઼ાનૂનની અમુક કલમો

**કલમ : (૧)** કુર્આને હકીમ સૂરએ બક઼રહ, આયત નં–૨૨૯માં છે :–

**اَلطَّلَاقُ مَرَّتٰنِ فَاِمْسَاكٌۢ بِمَعْرُوْفٍ اَوْ تَسْرِيْحٌۢ بِاِحْسَانٍ**

''તલાક઼ બે વાર છે, પછી ભલાઈની સાથે (પત્નીને પત્નીપણામાં) રોકી લેવું છે, અથવા ભલાઈની સાથે છોડી આપવું.''

એના પરથી જાણવા મળ્યું કે **પતિને બે તલાક઼ સુધી અધિકાર હોય છે કે ચાહે તો પત્નીને પોતાની પાસે રોકી લે અને ચાહે તો છોડી આપે** જેથી કરીને તેણી ઈદ્દત પસાર કરીને બીજા સાથે નિકાહ કરી લે.

એટલા માટે કે અહસન તરીક઼ો એ છે કે પતિ, પત્નીને પાકીના સમયમાં મિલાપ પહેલાં એક તલાક઼ આપે. એનાથી (ડરીને) સબક઼ લઈને જો બંનેવ સારી રીતે એકબીજા સાથે રહેવા સંમત થઈ જાય તો **પતિ તલાક઼ પાછી લઈ લે** અને બંનેવ સાથે રહે. અને જો નરમી ન આવે તો પતિ બીજા મહિને પત્નીની પાકીના સમયમાં મિલાપ કરવાથી પહેલાં બીજી તલાક઼ પણ આપી શકે છે. એ તલાક઼ પછી જો બંનેવ સુધરી જાય અને સંબંધના નિભાવનો માર્ગ નીકળી આવે **તો પતિ એ તલાક઼ પણ પાછી લઈ શકે છે.** તે પત્નીને કહી આપે કે મેં તને પરત લીધી. પછી સાથે હરીમળીને રહે. આ જ પરત લેવાને કુર્આનના શબ્દોમાં **اِمْسَاك** કહેવામાં આવેલ છે, એટલે કે પત્નીને પત્નીપણામાં રોકી લેવી.

જો હજી પણ કડવાશ યથાવત રહે અને નિભાવ તથા સમાધાનનો કોઈ માર્ગ ન નીકળી શકે તો એકબીજા પર લાગુ રહેવાથી બેહતર છે કે પતિ

તેણીને છોડી આપે જેથી કરીને તેણી ઈદ્દત પસાર કરીને પોતાની ખુશગવાર (ખુશીભરી) જિંદગી માટે કોઈ યોગ્ય આયોજન કરી શકે. કુર્આને પાકે એને કહ્યું છે : اَوْ تَسْرِيْحٌۢ بِاِحْسَانٍ "અથવા ભલાઈ સાથે છોડી આપવું."

**કલમ : (૨)** અલગતા તથા જુદાઈની અંતિમ તથા કતઈ સ્થિતિ "ત્રણ તલાક઼" છે, તેના પછી પરત થવાનો માર્ગ અશક્યતાની હદ સુધી બંધ તો નથી થતો, પરંતુ બહુ સરળ પણ નથી રહી જતો. કુર્આને કરીમની સૂરએ બક઼રહ આયત નં–૨૩૦માં આ ક઼લમનું વર્ણન આ શબ્દોમાં છે :–

فَاِنْ طَلَّقَهَا فَلَا تَحِلُّ لَهٗ مِنْۢ بَعْدُ حَتّٰى تَنْكِحَ زَوْجًا غَيْرَهٗ فَاِنْ طَلَّقَهَا فَلَا جُنَاحَ عَلَيْهِمَآ اَنْ يَّتَرَاجَعَآ اِنْ ظَنَّآ اَنْ يُّقِيْمَا حُدُوْدَ اللّٰهِ

**"પછી જો પતિએ ત્રીજી તલાક઼ આપી દીધી તો ત્યારબાદ તે સ્ત્રી તેના માટે હલાલ થશે નહીં જ્યાં સુધી તે બીજા પતિની પાસે ન રહે. પછી જો (તેના) બીજા પતિએ પણ તલાક઼ આપી દીધી તો તે બંનેવ પર કોઈ ગુનોહ નથી કે બંનેવ આપસમાં (ફરીથી) નિકાહ કરી લે."**

સહીહ બુખારી શરીફ (ભાગ–૨) અને સુનને અબૂ દાઊદ શરીફમાં છે કે સહાબીએ રસૂલ હઝરત ઓવૈમર رضی اللہ عنہએ રસૂલુલ્લાહ ﷺની મૌજૂદગીમાં પોતાની પત્નીને ત્રણ તલાક઼ આપી દીધી તો રસૂલુલ્લાહ ﷺએ ત્રણેવ તલાક઼ો લાગુ કરી આપી. સહીહ બુખારીના શબ્દો આ પ્રમાણે છે :– فَطَلَّقَهَا ثَلَاثًا قَبْلَ أَنْ يَّأْمُرَهٗ رَسُوْلُ اللّٰهِ ﷺ "પછી ઓવૈમરે રસૂલુલ્લાહ ﷺના હુકમથી પહેલાં જ પોતાની પત્નીને ત્રણ તલાક઼ો આપી દીધી." *(સહીહ બુખારી, ભાગ–૨, પેજ–૭૯૧, કિતાબુત્તલાક઼)*

સુનને અબૂ દાઊદના શબ્દો છે :–

فَطَلَّقَهَا ثَلَاثَ تَطْلِيْقَاتٍ عِنْدَ رَسُوْلِ اللّٰهِ ﷺ فَأَنْفَذَهٗ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَسَلَّمَ

"હઝરત ઓવૈમરે રસૂલુલ્લાહ ﷺની પાસે પોતાની પત્નીને ત્રણ તલાક઼ો આપી દીધી, તો રસૂલુલ્લાહ ﷺએ તે તલાક઼ો લાગુ કરી આપી." *(સુનને અબૂ દાઊદ, કિતાબુત્તલાક઼, પેજ–૨૫૫, બાબુલ્ લિઆન)*

સિહાહ સિત્તહની મશહૂર કિતાબ સુનને ઈબ્ને માજહમાં છે કે હઝરત ફાતિમા બિન્તે કૈસે વર્ણવ્યું :

طَلَّقَنِىْ زَوْجِىْ ثَلٰثًا وَهُوَ خَارِجٌ إِلَى الْيَمَنِ فَأَجَازَ ذٰلِكَ رَسُوْلُ اللّٰهِ ﷺ

"મારા પતિએ યમનના માટે ઘરેથી નીકળતી વખતે મને ત્રણ તલાક઼ો આપી દીધી, તો રસૂલુલ્લાહ ﷺએ ત્રણેવ લાગુ કરી આપી." *(સુનને ઈબ્ને માજહ, પેજ–૧૪૫, ૧૪૬, કિતાબુત્તલાક઼ مَنْ طَلَّقَ ثَلٰثًا فِى مَجْلِسٍ وَّاحِدٍ)*

અમે અલ્લાહ ﷻ અને રસૂલુલ્લાહ ﷺનું ઘણુ જ ઉઘાડુ ફર્માન આપના સમક્ષ રજૂ કર્યું છે **જેનાથી સાબિત થાય છે કે પતિ પોતાની પત્નીને ત્રણ તલાક઼ો આપી દે તો ત્રણેવ લાગુ થઈ જશે.**

**કલમ : (3)** પત્નીને, પતિ મંઝૂર ન હોય તો અમુક માલ આપીને કે મહેરના બદલામાં પતિથી તલાક઼ લઈ શકે છે. (જેને ખુલઅ કહે છે) આ કલમનું વર્ણન કુર્આન હકીમની સૂરએ બક઼રહ, આયત નં–૨૨૯માં છે :–

فَاِنْ خِفْتُمْ اَلَّا يُقِيْمَا حُدُوْدَ اللّٰهِ فَلَا جُنَاحَ عَلَيْهِمَا فِيْمَا افْتَدَتْ بِهٖ

"પછી જો તમને અંદેશો હોય કે પતિ પત્ની અલ્લાહની હદો ક઼ાયમ રાખી શકશે નહીં તો એમના પર એ બારામાં કાંઈ ગુનોહ નથી કે પત્ની

બદલો આપીને મુક્તિ મેળવી લે. (માલ આપીને તલાક઼ લઈ લે)

ઈસ્લામી ક઼ાનૂનની આ ક઼લમો કુર્આન તથા હદીષમાં ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં મૌજૂદ છે એટલા માટે મુસલમાન ભાઈઓ પર એ વાત જાહેર રહે કે **આ (મુસ્લિમ પર્સનલ લો) આલિમોનો બનાવેલો ક઼ાનૂન નથી બલ્કે કુર્આન હદીષનો લાગુ કરેલો ક઼ાનૂન છે જેની સમક્ષ દરેક મુસલમાન સ્ત્રી તથા પુરૂષનું મસ્તક નમેલુ છે અને દરેકનું આ ઈમાન છે.**

*હૈ ક઼ૌલે મુહમ્મદ ક઼ૌલે ખુદા, ફર્માન ન બદલા જાએગા*
*બદલેગા ઝમાના લાખ મગર, કુર્આન ન બદલા જાએગા*

આજે આપણા અવામી ભાઈઓમાં કુર્આન તથા હદીષથી અજ્ઞાનતા એટલા પ્રમાણમાં વધી ગઈ છે કે **તેઓ ત્રણ તલાક઼થી ઓછાને તલાક઼ જ સમજતા નથી !** જ્યારે કે હમણા આપણે સાંભળ્યું કે તલાક઼ એકવાર પણ છે, બેવાર પણ અને ત્રણવાર પણ.

હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :–

**أَبْغَضُ الْحَلَالِ إِلَى اللهِ تَعَالَى الطَّلَاقُ** "તમામ હલાલ ચીજોમાં ખુદાની નજીક અધિક નાપસંદીદા તલાક઼ છે." *(સુનને અબૂ દાઊદ, કિતાબુત્તલાક઼, બાબુ કરાહતિત્તલાક઼)*

**એટલા માટે જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી તલાક઼થી બચો અને પતિ પત્નીના સંબંધને નિભાવતા રહો, અને ત્રણ તલાક઼ો (એક સામટી) તો રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامની નારાઝગીનો પણ સબબ છે.** હઝરત મહમૂદ બિન લબીદનું બયાન છે કે :–

**أُخْبِرَ رَسُوْلُ اللّٰهِ ﷺ عَنْ رَجُلٍ طَلَّقَ امْرَأَتَهُ ثَلَاثَ تَطْلِيقَاتٍ جَمِيعًا، فَقَامَ غَضْبَانًا ثُمَّ قَالَ : أَيُلْعَبُ بِكِتَابِ اللهِ وَأَنَا بَيْنَ أَظْهُرِكُمْ**

"રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامને એ ખબર પહોંચી કે એક શખ્સે પોતાની પત્નીને એક સામટી ત્રણ તલાક઼ો આપી દીધી. એને સાંભળીને હુઝૂર ગુસ્સામાં ઉભા થઈ ગયા અને ફર્માવ્યું કે અલ્લાહની કિતાબ સાથે ખેલ કરે છે ! જ્યારે કે હું તમારી અંદર હજી મૌજૂદ છું !" *(સુનને નિસાઈ, કિતાબુત્તલાક઼)*

મારા ભાઈઓ ! આજે જેટલી નીડરતાની સાથે આપણા સમાજમાં ત્રણ તલાક઼નો રિવાજ ઘુસી આવ્યો છે તે ચોક્કસ રસૂલુલ્લાહ ﷺની નારાઝગીનો સબબ છે, એટલા માટે આપ ખુદાથી ડરો ! રસૂલુલ્લાહ ﷺથી શરમ કરો ! અને **કદાપિ ત્રણ તલાક઼ો એક સાથે ન આપો ! ન લેખિત ત્રણ તલાક઼ લખો ન મૌખિક ત્રણ તલાક઼ એક સાથે આપો.** તમો વિચારો કે આપના કરતૂતે ઈસ્લામ તથા મુસલમાનોને આજે મુશ્કેલીઓની ચુંગાલમાં લાવીને ઉભા કરી દીધા છે ?! તમો આજે જ ત્રણ તલાક઼થી તૌબા કરો અને નિશ્ચિય કરો કે હવે કદાપિ રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامની નારાઝગીવાળુ કામ નહીં કરીએ, તો ઉમ્મીદ છે કે આપણી ગવર્નમેન્ટ આપણા મુસ્લિમ પર્સનલોમાં દખલગીરીથી દૂર થઈ જશે. અલ્હમ્દુલિલ્લાહ !

**અભી ઈસ્લામ ઝિંદા હૈ, અભી કુર્આન બાક઼ી હૈ**

*–(હવાલો : કન્ઝુલ ઈમાન મંથલી–દિલ્હી, ડિસે.–૨૦૧૬)*


## :: સાધલીમાં સુન્ની ઈજતેમા થશે ::

**સાધલી** : (જિ. વડોદરા) મુક઼ામે તા. ૧–૨–૨૦૧૭ બુધવારે ઈશા બાદ સુન્ની દા'વતે ઈસ્લામીનો અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા થશે. જેમાં દાઈએ કબીર, અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી તથા ઔલાદે ગૌષે આ'ઝમ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (નિગરા : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ) તથા ક઼ારી રિયાઝુદ્દીન અશરફી નઅતખ્વાં તશરીફ લાવશે.

ઉર્સ શરીફ : ૧૮ સફરૂલ મુઝફફર

# હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ ફયઝે આલમ

હપ્તો : ૨



**ફરિશ્તા હાથ બાંધીને ઉભા છે ! :** દેવબંદીઓના હકીમુલ મોલ્વી અશ્રફ અલી થાનવી, દાતા સાહબના મઝાર પર હાજર થાય છે, કેવી રીતે હાજર થાય છે અને શું મન્ઝર જુએ છે અને કેવી રીતે એ મન્ઝરને વર્ણન કરે છે, એ સર્વ વિશે દેવબંદીઓના જ હકીમુલ ઈસ્લામ કારી તૈયબ લખે છે :

"હ. થાનવી....વફાતના લગભગ બે વરસ પહેલાં દાંત ઠીક કરાવવા માટે લાહોર તશરીફ લઈ ગયા તો પરત થવાના એક દિવસ પહેલાં લાહોરના કૃબ્રસ્તાનની ઝિયારતના માટે પણ નીકળ્યા. સુલ્તાનોની કૃબરો પર પણ ગયા અને મિસ્કીનોની કૃબરો પણ જોઈ. ફાતિહાખ્વાની પઢી, ઈસાલે સવાબ કર્યો. આ ક્રમમાં "હઝરત અલી હિજવૈરી જે દાતા ગંજ બખ્શ رحمۃ اللہ علیہથી પ્રખ્યાત છે તેમના **મઝાર પર પહોંચીને મોડે સુધી મુરાકૃબો કર્યો."**

વસ્લ સાહબ બેલગ્રામી સાથે હતા અને તેમણે જ મને આ બનાવ થાનાભુવનમાં વર્ણવ્યો હતો કે દાતા ગંજ બખ્શ رحمۃ اللہ علیہના મઝારથી પરત થતાં ફર્માવ્યું કે, "કોઈ ઘણા જ મહાન શખ્સ માલૂમ પડે છે ! મેં હજારો ફરિશ્તાઓને તેમની સાથે સફ બાંધલા જોયા !" *(આલમે બરઝખ, પેજ–૨૪, લાહોર)*

મકૃબૂલ હુસૈન વસ્લ બેલગ્રામી કે જે થાનવીની સાથે, તેમણે પોતે પણ આ બનાવને લખ્યો. જુઓ ! કિતાબમાં હેડિંગ છે : "ખાનકાહે હઝરત દાતા ગંજ બખ્શમાં" આ હેડિંગ હેઠળ લખે છે : સોમવાર રબીઉલ અવ્વલ હિ. ૧૩૫૭, અં. તા. ૨–૫–૧૯૩૮ સવારે ફરી ડોક્ટર સાહબે તફરીહ (હરવા ફરવા) માટે કહ્યું. મોટર આવી મોલ્વી થાનવી સવાર થઈ ગયા ખાનકાહે હઝરત દાતા ગંજ બખ્શ رحمۃ اللہ علیہ તશરીફ લઈ ગયા. ...... ત્યાંથી રવાના થતાં ફર્માવ્યું કે **ઘણા જ મહાન શખ્સ (હસ્તી) છે ! અજબનો રોઅબ છે ! વફાત બાદ સલ્તનત કરી રહ્યા છે"** *(સફરનામા લાહોર–લખનૌ, પેજ–૪૯,૫૦,૬૩–લાહોર)*

**ફાયદાઓ :** **૧.** ફરિશ્તાઓ સફબંધી કરીને ઉભા છે, છતાં કોઈ વાંધો નથી, પણ જો આપણે સુન્ની લોકો સફબંધી કરીને ઉભા થઈ જઈએ તો દેવબંદીઓની નજરમાં બિદઅતી તથા મુશ્રિક ઠરીએ !

**૨.** "મૃત્યુ બાદ સલ્તનત કરી રહ્યા છે !" થાનવીએ દર્શાવ્યું ! અમો દેવબંદીઓને પૂછીએ છીએ કે શું મુડદાં પણ સલ્તનત તથા બાદશાહી કરે છે ?! આ તમારા જ પેશવા એવું કહી રહ્યા છે !

જ્યારે દેવબંદીઓના પેશવા મોલ્વી થાનવીના કહ્યાનુસાર 'સલ્તનત કરી રહ્યા છે" તો જાણવા મળ્યું કે હઝરત દાતા ગંજ બખ્શ رحمۃ اللہ علیہ પોતાના કૃબ્રસ્તાન મુબારકમાં ઝિંદા છે, સ્વીકારવું પડશે !

**સરકારે મદીના ﷺકી ઉલ્ફતમેં જો મરતે હૈં**
**અલ્લાહ કે વો બંદે ઝિંદા હૈં મઝારો મેં**

**૩.** વસ્લ બેલગ્રામી દેવબંદી, કારી તૈયબ

દેવબંદી, મુન્શી અબ્દુર્રહમાન દેવબંદી એ સૌએ ''દાતા ગંજ બખ્શ'' લખ્યુ છે.

થાનવી સાહબનો કશ્ફ ગલત (ફેંક) હતો કે અહમદ અલી લાહોરીનો ? કે પછી ફરિશ્તા ખાલી જગાએ આવીને ઉભા થઈ ગયા, કદાચ (નઊઝુ બિલ્લાહ !) ખબર નહીં પડી હોય કે શાહી કિલ્લા જવાનું હતું, પણ અહીં આવીને ઉભા થઈ ગયા. **યાદ રાખશો કે ફરિશ્તા જે કાંઈ કરે છે તે રબના હુકમથી જ કરે છે.**

દેવબંદીઓને ઉપરોક્ત લખાણ વિશે પૂછો કે હવે આ તમારા પેશવાઓ મુશ્રિક ન થયા ?!

**મોલ્વી અલ્લાહ યાર ! હાઝિરે દરબાર !** : શયખ હબીબુર્રહમાન સિદ્દીકી દેવબંદી લખે છે : ''એકવાર હઝરતજી (મોલ્વી અલ્લાહ યારખાં) આવ્યા તો હઝરત અલી હિજવૈરી (એટલે દાતા ગંજબખ્શ)એ એક સાથી થકી પૈગામ મોકલ્યો કે મારી પાસે તશરીફ લાવે. જેથી હઝરતજી આપના મઝાર પર ખિદમતમાં હાજર થયા તો રાઝો ન્યાઝની (ભેદોની) વાતો પછી અધિક રૂહાની તરક્કીની ખ્વાહિશ પ્રદર્શિત કરી. જેથી ઈમામુલ અવલિયા (મોલ્વી અલ્લાહ યાર)એ તવજ્જોહ ફર્માવી તો અલ્લાહ તઆલાએ (મોલ્વી અલ્લાહ યાર)ની દુઆથી હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہને ''મકામે રઝા' અતા ફર્માવ્યો ! *(ઈમામુલ અવલિયા, પેજ-૧૫૯, લાહોર)*

**ફાયદાઓ : ૧.** આ રજૂ કરેલ બનાવમાં હઝરત દાતા ગંજ બખ્શ رحمۃ اللہ علیہને ખબર થઈ ગઈ હતી કે મોલ્વી અલ્લાહ યાર (દેવબંદીઓના હઝલતજી !) લાહોર આવી ચૂક્યો છે. તો જ્યારે એમને લાહોર શહેરમાં આવનારાઓ વિશે જાણ થઈ જાય છે તો પછી પોતાના મઝાર પર હાજર થનારાઓ વિશે જાણ નહીં થતી હોય ?!

**૨.** જો મઝારો પર જવું શિર્ક તથા બિદઅત હતું તો પછી મોલ્વી અલ્લાહ યાર ''હઝલતજી'' શું લેવા ત્યાં ગયા હતા ? (એમના પર મુશ્રિકનો ફત્વો કેમ નહીં ?)

**૩.** રાઝો નિયાઝ (રહસ્યો તથા ભેદો)ની વાતો બાદ, જો અવલિયા અને ખાસ કરીને હઝરત દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہ પોતાની કબરમાં ઝિંદા ન હતા તો પછી આ દેવબંદીઓના હઝલતજી કોની સાથે રાઝો નિયાઝની વાતો કરતા રહ્યા ?!

**૪.** અહમદ અલી લાહોરી દેવબંદીના કહ્યાનુસાર જો દાતા સાહબ رحمۃ اللہ علیہની દફનવિધિ અહીં ન થઈ હતી તો એમના ''ઈમામુલ અવલિયા'' હઝલતજી ત્યાં કોની સાથે રાઝો નિયાઝની વાતો કરી રહ્યા હતા ?!

**૫.** મોલ્વી અલ્લાહ યારખાં (હઝલતજી) જો દાતા સાહબની ખિદમતમાં હાજરી આપવા ચાલ્યા જ ગયા હતા તો આપ સાફ સાફ જણાવી આપતા, દાતા સાહબને ફયઝ આપવા તથા 'મકામે રઝા' અપાવવાનું બહાનુ બનાવવાની શું જરૂર હતી ? **વળી કોઈ બુધ્ધિવાળો એ વાતનો સ્વીકાર કરી શકે છે કે મોલ્વી અલ્લાહ યારખાં દેવબંદી (હઝલતજી) એ દાતા સાહબને મકામે રઝા અપાવવા માટે ગયા હતા ?!** (છેક તો સૂકામાં નાવ શું ચલાવો છો !) જ્યારે દેવબંદીઓના પેશવા મોલ્વી થાનવીના કથનાનુસાર, ''દાતા સાહબ કે જેમની સામે ફરિશ્તા સફબંધી ઉભા છે ! વફાત બાદ દાતા સાહબ રાજ કરી રહ્યા છે !'' તેમજ આપને કબ્રની અંદર તમારા હઝલતજી મોલ્વી અલ્લાહ યારખાંના લાહોર આવવાનો ઈલ્મ હાંસલ છે, અને અહીં આ મોલ્વી હઝલતજીના કથનાનુસાર તો તેમને બોલાવા લીધા, તો હજી તેમને મકામે રઝા પણ હાંસલ ન થયો હતો ! (વાહ રે ! દેવબંદી કલાકારો !)

**અબ્દુલ હમીદ સવાતી દેવબંદીની હાજરી :** દેવબંદીઓના ઈમામ, મોલ્વી સરફરાઝ ગોખળવીના ભાઈ સૂફી અબ્દુલ હમીદ સવાતી પણ દાતા ગંજબખ્શ رحمۃ اللہ علیہના મઝાર પર હાજર થયા. જુઓ ! મોલ્વી સવાતીનો પુત્ર કહે છે કે : ''પછી સૈયદ અલી હિજવૈરી رحمۃ اللہ علیہની કબર પર પણ મુરાકેબા કર્યો.'' *(માહનામા નુસ્રતુલ ઉલૂમ, મુફસ્સિરે કુર્આન નંબર, પેજ–૧૪૧, ગુજરાનવાલા, પાક.)*

''તે એ સફરમાં હઝરત અલી હિજવૈરી દાતા ગંજ બખ્શની કબર પર મુરાકિબ થયા.'' *(માહનામા નુસ્રતુલ ઉલૂમ, મુફસ્સિરે કુર્આન નંબર, પેજ–૧૯૫)*

**દેવબંદી મુફતી મેહમૂદની દાતા સાહબના ત્યાં હાજરી ! :** મુફતી મહમૂદને દેવબંદી મોલ્વીઓના પેશવા હોવાની પાત્રતા હાંસલ છે. તેમણે હિંમતથી કામ લઈને બે વાર હઝરત દાતા ગંજ બખ્શ رحمۃ اللہ علیہની બારગાહમાં હાજરી આપી. મોલ્વી અહમદ અલી લાહોરી દેવબંદીના પુત્ર મોલ્વી ઓબૈદુલ્લાહ અન્વરે તેમનો પૂરેપૂરો સાથ આપ્યો.... અને પોતાના વાલિદ સાહબના કશ્ફને એકદમ નઝરઅંદાઝ કરીને મુફતી સાહબની સાથે જાતે પોતે હાજર થયા. જુઓ !

''લાહોર ૧૫–ઓગસ્ટ ૧૯૭૭, પાકિસ્તાન કૌમી ઈત્તેહાદના પ્રમુખ, મુફતી મહમૂદે ગઈ કાલે હઝરત દાતા ગંજ બખ્શના મઝાર પર હાજરી આપી અને ફાતિહા પઢી. આ મૌકા પર મુફતી મહમૂદે દેશની સલામતી તથા મજબૂતીના માટે દુઆ માગી. જ્યારે મૌલાના મઝાર પર આવ્યા તો લોકોએ દાતા સાહબના બજારમાં તેમના પર ફૂલો વેર્યા અને તેમનું ઉષ્માભેર સ્વાગત કર્યું. મઝારમાં તેમની દસ્તારબંદી કરવામાં આવી. મૌલાના મુફતી મહમૂદે બાદમાં તબર્રુક વહેંચ્યું.'' *(નવાએ વક્ત, ૧૬–૮–૧૯૭૭, માહનામા ફરીદ, સાહીવાલ, ઓક્ટો. ૧૯૭૭, પેજ–૩૩, પાક.)*

**દેવબંદી મોલ્વી અબ્દુર્રહમાન અશરફી દાતાની ચૌખટ પર ! :** મોલ્વી અબ્દુર્રમાન અશરફી દેવબંદી એક ઈન્ટરવ્યુમાં કહે છે : ''હું મહિનામાં એકવાર હઝરત દાતા અલી હિજવૈરી નૂરલ્લાહ મર્કદહૂના **દરબાર પર જરૂર હાજરી આપુ છું. ગયા જુમ્આના રોજ પણ ગયો હતો.** અને જો હું વાર લગાડુ છું તો હઝરત ખૂદ મને બોલાવે છે. ખ્વાબમાં આવે છે કે તમે કેમ નથી આવ્યા ?! તમે વાર કેમ લગાડી ?! હઝરતને મારી સાથે એટલો પ્યાર છે. એટલા માટે મહિનામાં એકવાર અનિવાર્યપણે દરબાર શરીફ પર જાઉં છું. જામિઆ અશ્રફિયા (પાક.)માં અમારા નવા શૈખુલ હદીષ મૌલાના હમીદુલ્લાહ જાન આવ્યા છે. મેં કહ્યું કે હઝરત ! હું શયખ અલી હિજવૈરી رحمۃ اللہ علیہના મઝાર પર આવતો જતો રહું છું. શૈખુલ હદીષ કહેવા લાગ્યા, મૌલાના ! હું પણ જરૂરથી જવા ઈચ્છું છું. હું પણ લાહોર આવ્યો છું. તો હું તેમને સાથે લઈને ગયો. ત્રણ, ચાર, પાંચ હઝરાત અન્ય પણ અમારી સાથે હતા. પ્રતિનિધિ મંડળના સ્વરૂપમાં ત્યાં હાજરી આપી, સલામી પેશ કરી. *(અખ્બારે અહલે સુન્નત, જાન્યુ. ૨૦૦૦, પેજ–૩૧, માહનામા કૌમી ડાઈજેસ્ટ, મે–૧૯૯૯, બહવાલા સીરત બાદ અઝ વિસાલે હઝરત દાતા ગંજ બખ્શ, પેજ–૯૭, લાહોર–૨૦૧૪)*

**ગૈર મુકલ્લિદોની ગવાહી :** પંજાબના નિગરાં વઝીરે આ'લા (મુખ્યમંત્રી)એ અર્કે ગુલાબ વડે સૈયદ અલી હિજવૈરી رحمۃ اللہ علیہની કબરને ગુસ્લ આપ્યું. **મશહૂર દેવબંદી દર્સગાહ જામિઆ અશ્રફિયા (પાક.) લાહોરના મોહતમિમના પુત્ર અબ્દુર્રમાન વઝીરે આ'લાની સાથે ઉભા છે અને ગુલાબના અર્કથી જે સૈયદ અલી હિજવૈરીની કબરની ઉપલી મંઝિલથી સ્પર્શીને નીચે પડી રહ્યું હતું, મૌલાના મોહતમિમે જામિઆ અશ્રફિયા**

**એને પોતાના ખોબામાં લઈને પોતાની દાઢી પર ચોપડી રહ્યા હતા !** આશ્ચર્યની વાત એ છે કે સૈયદ અલી હિજવૈરીની કૃબર મુબારક નીચે હતી અને આ ઉપરનો ખોલ (હિસ્સો) હતો. *(હફ્ત રોઝા અલ્એઅતેસામ-લાહોર, ૧૬-૧૨-૧૯૮૮, પેજ-૧૮, બહવાલા સીરત બઅદ અઝ વિસાલે હઝરત દાતા ગંજ બખ્શ, પેજ-૯૭)*

**અલ્એઅતેસામ (વર્તમાન પત્ર અઠવાડિક)નો રિવ્યુ :** અફસોસ તથા આશ્ચર્ય તો એ વાત પર છે કે જો આ કામ બરેલ્વી ઉલમા કરે તો તેમના તરફથી એમની વિરૂધ્ધ બિદઅતી તથા મુશ્રિક હોવાના ફત્વા બહાર પાડવામાં આવે છે ! અને જ્યારે ખુદ પોતે (દેવબંદી કે ગૈર મુક઼લ્લિદ મોલ્વીઓ) એવી જ વાતમાં પડે છે તો....... (મુંગામંતર બની જાય છે !) *(હફ્ત રોઝા અલ્એઅતેસામ, ૧૧-૯-૧૯૮૬, પેજ-૧૮)*

**ખુલાસો :** ઉપરોક્ત હક઼ીક઼તોની રોશનીમાં અમે તે હઝરાતને ચિંતનની દાવત આપીએ છીએ કે આજે તમે લોકો કેટલી સરળતાપૂર્વક હઝરત સૈયદ અલી હિજવૈરી رحمۃ اللہ علیہ જે સૈયદુલ અવલિયા, ઈમામુલ અત્ક઼િયા, પીર રોશન ઝમીર, મક઼બૂલે બારગાહે સિરાજે મુનીર, હઝરત દાતા ગંજ બખ્શ અલી હિજવૈરી رحمۃ اللہ علیہના મઝારે પુર અન્વાર પર આવનારા મુસલમાનોને કે જેઓ અવલિયાની મહોબ્બત સરશાર, પોતાના સીનાઓને હુબ્બે દુરવેશાંથી સજ્જ કરીને, પોતાનાં દિલો દિમાગને ઈશ્કે઼ અવલિયાથી સુગંધિત કરીને, અવલિયાની મહાનતા તથા ઉચ્ચતાના સામે નજરો ઝુકાવીને હાજર થાય છે અને તેમને "દાતા" તથા "ગંજ બખ્શ" ના લક઼બથી યાદ કરે છે અને ફયઝ તથા રૂહાનિયતથી પોતાના દિલની દુનિયા આબાદ કરે છે અને ખુદાના મહબૂબ બંદાઓના કુર્બમાં બેસીને ખુદાને યાદ કરે છે, તેઓને મુશ્રિક તથા બિદઅતી ઠરાવો છે. એ વખતે ખુદાનો ખૌફ તમને લોકોને નથી આવતો કે અમે મુસલમાનોને મુશ્રિક ઠરાવી રહ્યા છીએ ?!

**અને જો એને શિર્ક જ ઠરાવો છો તો પછી તમારા દેવબંદી જમાતના આ દેવબંદી મોલ્વીઓ પેશવાઓ જેઓ દાતા ગંજ બખ્શ رحمۃ اللہ علیہના મઝાર પર હાજર થયા, ફાતિહા પઢયા અને તબર્રુકો મેળવીને દાઢી પર ચોપડયાં અને અન્ય લોકોને આપ્યાં, દાતા સાહબને ઝિંદા દર્શાવ્યા, ત્યાં મુરાક઼બા કર્યા, રોઝા ન્યાઝની વાતો કરી, તેમને ઘણા જ રોઅબવાળા દર્શાવ્યા એટલે સુધી કહ્યું કે, વફાત બાદ સલ્તનત કરી રહ્યા છે ! ફરિશ્તા એમના દરબારમાં સફબંદી ઉભા છે......વગેરે કહેનારા આ દેવબંદી પેશવાઓ તમારા કાયદા હેઠળ મુશ્રિક થયા કે નહીં ?!** અને તેમને મુશ્રિક ન માનીને, મુશ્રિક જાહેર ન કરીને **તમો દેવબંદી મોલ્વીઓ તમારા કાયદા પ્રમાણે કઈ રીતે મુસલમાન રહ્યા ?!**

સર્વ કલમા ગો હઝરાતને વિનંતિ કે ઈન્સાફથી ઉપરનો લેખ વાંચે અને ડબલ પોલીસીવાળા આ દેવબંદીઓથી બચીને પોતાના ઈમાનને સાચવે.

*(મંથલી નૂરુલ હબીબ, બસીરપુર શરીફ-પાક., નવે.૨૦૧૬)*

**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૫૦/-** (ટપાલ ખર્ચ ૫૦/- રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા-૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ઈરાકની તબાહી હલાકૂથી બુશ સુધી

હપ્તો : ૧

રજૂકર્તા : મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી (મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

અંતિમ અબ્બાસી ખલીફા અબૂ અહમદ અબ્દુલ્લાહ જે ઈતિહાસમાં મુસ્તઅ્‌સિમ બિલ્લાહ બિન મુસ્તન્‌સિર બિલ્લાહ (ઈ.સ.૧૨૪૨–૧૨૫૮)ના નામથી મશહૂર છે. તે ઉમ્મે વલદ હાજરાના પેટથી હતો. પોતાના પિતા મુસ્તનૂસિર બિલ્લાહના મૃત્યુ પછી હિ.સ. ૬૪૧માં તખ્તનશીન થયો. તેનામાં રાજનીતિની લાયકાત સદંતર ન હતી. તે હમેશાં મૌજ મસ્તીમાં વ્યસ્ત રહ્યા કરતો હતો. દૌલતોનો લાલચી, જવેરાતનો શૌખિન, ઐયાશીઓમાં મગ્ન રહેનાર શખ્સ હતો. તેના ઘમંડનું અનુમાન કેવળ આ પરથી લગાડી શકાય છે કે તેના દરબારમાં મોટા મોટા દેશોના રાજાઓને આવવાની ઈજાઝત ન હતી. તેણે શાહી મહેલના ગુંબજ સામે એક પથ્થર હજરે અસ્વદની જેમ મૂકાવી દીધો હતો અને કાળા અત્લસનો એક (રેશમના કપડાનો લાંબો ટુકડો) બારીમાંથી આસ્તીનની જેમ તે (પથ્થર)ને અડતો રહેતો હતો. તે સમયના રાજાઓમાંથી જો કોઈ બાદશાહને મળવા આવતો તે માત્ર પર્દાની ઝિયારત કરતો અને પથ્થરને ચૂમીને પરત થઈ જતો.

ચીનના પહાડી વિસ્તાર તમ્ગાચમાં રહેનારા તાતારીઓએ હિ.સ. ૬૧૬માં પોતાના સરદાર ચંગેઝખાનની સાથે પહાડોથી નીકળીને એક મજબૂત હુકૂમત બનાવી લીધી હતી જેણે ખ્વારઝમશાહની સલ્તનત મધ્ય એશિયા અને ઈરાનને સંપૂર્ણ બરબાદ કરી દીધી. ચંગેઝખાન તેને બરબાદ કર્યા પછી મંગોલિયા પરત થઈ ગયો જ્યાં ઈ.સ. ૧૨૨૭માં તે મૃત્યુ પામી ગયો. પરંતુ તેનું જ ખડુ કરેલ તોફાન આગળ ચાલી હલાકૂખાનના સ્વરૂપમાં ભયંકર આંધીનું રૂપ ધારણ કરી ગયું.

ઈતિહાસ જણાવે છે કે હલાકૂખાનની એક વહાલી પત્ની ઈસાઈ હતી જેની દિલી તમન્ના હતી કે હલાકુખાન મુસલમાનોથી બદલો લે. એટલા જ માટે હલાકૂખાનના બગદાદ પર આક્રમણના સમયે તે સમયના પાપાએ આ'ઝમ (ઈસાઈ પેશવા)ની ફોજ પણ તાતારીઓની સાથે મુસલમાનોના કત્લેઆમ અને બગદાદની લૂટમારમાં બરાબર શરીક હતી.

ઈતિહાસકારો લખે છે કે ખલીફા મુસ્તઅ્‌સિમ બિલ્લાહનો વઝીર ઈબ્ને અલ્કમી અત્યંત ચાલાક અને મન્કૂલાત તથા મઅકૂલાતમાં માહિર હોવાની સાથોસાથ સખત કટ્ટર શીઆ હતો. જેની મનેચ્છા એ હતી કે ખિલાફતે અબ્બાસીયાને ખતમ કરી તેની જ જગાએ કોઈ અલ્વીને ખલીફા બનાવી શીઆ હુકૂમતનો પાયો નાખવામાં આવે.

એટલા માટે જ તેણે હલાકૂખાન સાથે ષડયંત્ર કરી તેને બગદાદ આક્રમણ કરવાનું નિમંત્રણ આપ્યું. બગદાદમાં કેટલાક સમજદાર લોકો તેના ષડયંત્રથી વાકેફ પણ હતા તેમણે ખલીફાનું વારંવાર એ તરફ ધ્યાન દોર્યું, પરંતુ દરેક વાર ઈબ્ને અલ્કમી ખલીફાને પોતાની વફાદારીનો પુરાવો આપી પોતાના અકીદતમંદ હોવાનો વિશ્વાસ અપાવતો રહ્યો અને સાથે સાથે પોતાના વિરોધીઓને પણ કતલ કરાવતો રહ્યો.

આ તરફ નસીરૂદ્દીન તૂસીને હલાકૂખાનના દરબારમાં ઘણી જ પહોંચ પ્રાપ્ત હતી. તે પણ એ જ ચાહતો હતો કે અબ્બાસી ખિલાફત ખત્મ થઈને શીઆ ખિલાફત સ્થાપિત થઈ જાય. માટે તેનો લાભ લઈ ઈબ્ને અલ્કમીએ તેના દ્વારા પણ વારંવાર હલાકૂખાનને

બગદાદ પર હુમ્લો કરવા પ્રેરિત કર્યો. પરંતુ હલાકૂખાન ખલીફાની ફૌજની અધિકતા, અરબોની બહાદૂરી અને બગદાદવાસીઓની હિંમતથી ઘણો જ ભયભીત હતો. મુલ્કે શામમાં તેના લશ્કરને અરબી કૃબીલાઓએ પરાજીત પણ કર્યુ હતું, એટલા માટે તે ઈબ્ને મુલ્કૃમીના વારંવાર કહેવા છતાં પણ બગદાદ પર હુમ્લો કરવાની હિંમત કરી શક્તો ન હતો. એક તરફ ઈબ્ને અલ્કૃમી હલાકૂને સતત બગદાદ માટે આગ્રહ કરતો રહ્યો અને બીજી તરફ ખલીફાની ખિદમતમાં હાજર થઈ દેશના ટેક્ષોમાં કમી અને ફૌજના વેતનોની અધિકતાની ફરિયાદ પર ફરિયાદ કરતો રહ્યો. છેવટે તેનું ષડયંત્ર સફળ થયું અને ફૌજનો એક મોટો હિસ્સો વિવિધ શહરો અને વિલાયતોમાં ફેલાવી દેવામાં આવ્યો. જેના કારણે બગદાદમાં સામાન્ય સંખ્યામાં ફૌજનો કેવળ એક ભાગ રહી ગયો. અંતમાં તેની ગુપ્ત સાઝિશ રંગ લાવી અને હલાકૂખાને બગદાદ ઉપર ચઢાઈ કરી દીધી બિલ્કુલ તે સમયે જ્યારે બગદાદ ફૌજથી ખાલી હતુ અને હલાકૂખાનનો ઘેરાવ દિવસે તંગ થતો જઈ રહ્યો હતો. ઈબ્ને અલ્કૃમીએ ફરી એક ચાલ ચાલી અને ખલીફાને હલાકૂખાનના મુકૃાબલા ઉતરવાના બદલે તેણે મુસાહરત (શાદી–વિવાહના કારણે બનેલ સંબંધ જેમ કે જમાઈ હોવું, સસરા હોવું)ના સંબંધની જાળ ફેંકી ખલીફાને મંગોલોના મુકૃાબલામાં જવાથી રોકી દીધો.

એ સમયે એક ગેરતમંદ કુર્દ ઈઝ્ઝુદ્દીન ખલીફાની લાગણીહિનતા અને બુઝદિલી જોઈને પોતે જ વીસ હજારની ફૌજ તૈયાર કરી અને તેને સાથે લઈને મંગોલોનો શાનદાર મુકૃાબલો કર્યો જેમાં તેને એક રીતે સફળતા પણ મળી. કેમ કે ઈસ્લામી ફૌજે દજલા નદીને પાર કરી જે સ્થળે પડાવ નાખ્યો હતો ત્યાં નજીકમાં જ થોડાક અંતરે ઊંચાઈ પર એક નહેર વહી રહી હતી જે દજલા નદીથી નીકળીને બગદાદની તરફ જતી હતી.

ઈબ્ને અલ્કૃમીએ જોયું કે કુર્દ સરદાર ઈઝ્ઝુદ્દીન તેની ચાલો પર પાણી ફેરવી રહ્યો છે અને હલાકૂખાનની ફૌજોને પાછળ ધકેલી રહ્યો છે. તો તેણે એક રાત્રે શહેરનું પાણી પોતાના આદમીઓ દ્વારા ઈસ્લામી લશ્કરની તરફ છોડાવી દીધું જેનાથી આખુ લશ્કર બદહાલ થઈ ગયું. બીજી બાજુ મંગોલોએ પણ તેમના પર હુમ્લો કરી દીધો જેનાથી તે લશ્કર પરાજીત થઈ બગદાદ તરફ પરત થઈ ગયું.

માલિક ઈઝ્ઝુદ્દીન અને અમુક મુખ્લિસ સરદારોએ ફરી એકવાર પ્રયાસ કરીને બાદશાહ સુધી પહોંચ મેળવી તેના સમક્ષ સર્વ પરિસ્થિતિ રાખીને તેને ફરી મશ્વરો આપ્યો કે હમણા બચાવનો દરેક ઉપાય આપણા માટે ખત્મ થઈ ચૂકેલ છે. બીજી બાજુ મંગોલોનું બે લાખનું લશ્કર કિલ્લાના દ્વારો સુધી પહોંચી આવ્યું છે. એટલા માટે બુદ્ધિ તથા સમજનો ઉપયોગ કરી અમીરૂલ મો'મિનીને જોઈએ કે પોતાનાં બીવી બચ્ચાં અને સર્વ સામાનની સાથે કશ્તી દ્વારા અહિયાંથી નીકળી જાય અને બસ્રાની નજીક પહોંચી ખુદાઈ મદદનો ઈંતેઝાર કરે, શક્ય છે કોઈ મદદ આવી જાય અને આપણે તાતારીઓને કાબૂમાં કરી શકીએ.

ખલીફા ઈબ્ને અલ્કૃમીની જાળમાં એવો ફસાય ગયો હતો કે તેણે આ સૌ મશ્વરા તે (ઈબ્ને અલ્કૃમી)ના સમક્ષ રાખી દીધા. ઈબ્ને અલ્કૃમીએ જ્યારે જોયું કે આ સરદારોના લીધે બન્યો બનાવેલો ખેલ બગડી રહ્યો છે તો તેણે પેંતરો બદલીને કહ્યું કે અમીરૂલ મો'મિનીન! ક્યાંય જવાની જરૂરત નથી, અમે તાતારીઓથી સુલેહ કરી લીધી છે. જો મારી વાત પર આપને ભરોસો ન હોય તો પોતાના શહઝાદા અબૂબક્રને હલાકૂ પાસે મોકલી આપો અને તેમના દ્વારા પોતે માલૂમ કરી લો કે તાતારીઓ આપના શહઝાદાની કેટલી તા'ઝીમો તકરીમ કરે છે. સાઝિશ મુજબ જ્યારે અબૂબક્ર મંગોલોની પાસે પહોચ્યોં તો તેઓએ તેનું એવું ભવ્ય સ્વાગત કર્યું કે પોતે શહઝાદો પણ આશ્ચર્યચકિત અને હૈરાન રહી ગયો.

ખ્યાતનામ ઈતિહાસકાર મિન્હાજ સિરાજુદ્દીન પોતાની પ્રસિધ્ધ કિતાબ "તબ્કાતે નાસિરી"માં લખે છે કે :–

ખલીફાનો પુત્ર અમીર અબૂબક્ર હલાકૂના લશ્કરમાં પહોંચ્યો તો સર્વ તાતારીઓએ અને તેની સાથે મળેલા ગદ્દાર મુસલમાનોએ તેનું શાનદાર સ્વાગત કર્યું, ત્યાં સુધી કે પોતે હલાકૂખાને ચાલીસ કદમ આગળ વધી તેનું સ્વાગત કરી તેને પોતાની પાસે બેસાડયો અને પોતે તેની સામે ઘણા જ અદબથી પગો વાળીને બેસી ગયો. હલાકૂખાન બેસતાં જ અરજ ગુઝાર થયો કે હું તો ખલીફાની ખિદમતમાં કેવળ એટલા માટે હાજર થયો છું કે આજ્ઞાપાલનના સોગંદ લઉં. મને સરદારોએ બતાવ્યું કે આ સમયે ધરતીના તટ પર સૌથી મોટો મુસલમાન કોઈ છે તો તે અમીરૂલ મો'મિનીન (ખલીફા) છે, મારી દિલી તમન્ના છે કે હું તેમના હાથ પર ઈસ્લામ કબૂલ કરું.

ઈબ્ને અલ્કમીના મશવરા મુજબ હલાકૂએ કંઈક એવી રીતે અકીદત તથા મહોબ્બતનો ઈઝહાર કર્યો કે શહઝાદા અમીર અબૂબક્ર તેના પ્રંપચોના જાળમાં ફસાઈને ખુશી અને પ્રસન્નતાનું સોહામણુ સ્વપ્ન લઈ ખલીફાની પાસે પહોંચ્યો અને ત્યાં પહોંચીને તેણે કંઈક એ રીતે હલાકૂના કસીદા પઢયા કે ભલાઈ ચાહવાવાળાઓના હજાર સમજાવવા છતાં પોતાના કેટલાક સરદારો અને કેટલાક પુત્રો સાથે હલાકૂને મળવા માટે ચાલી નીકળ્યો. હલાકૂએ ઘણી જ ચતુરાઈપૂર્વક ખલીફા દ્વારા શહેરના સૌ જિમ્મેદાર ઉલમા અને સરદારોને પોતાની પાસે બોલોવી લીધા અને પછી જેવા એ સરદારો ત્યાં પહોંચ્યા કે તે સૌને તેણે કત્લ કરાવી દીધા. તેમના કતલ બાદ ખલીફા દ્વારા તેણે શહેરમાં એ એલાન પણ કરાવી દીધું કે શહેરવાસીઓ હથિયાર નાખીને ખાલી હાથ બહાર આવી જાય ! અને પછી તેમનું બહાર નીકળવું હતું કે તાતારીઓએ તેમના પર જે અત્યાચાર ગુજાર્યો તેને ન કોઈ જીભ વર્ણન કરી શકે છે અને ન કોઈ કલમ લખી શકે છે !

શહેરથી બહાર નીકળતાં જ સર્વ સંમાનિત લોકો અને સવાર તથા પગપાળા લોકોને કાકડીની જેમ કાપી નાખવામાં આવ્યા. શહેરની ખાઈઓ લાશોથી ભરાઈ ગઈ. જે પણ તાતારીઓની સામે આવ્યું લોહીમાં નહાઈ ગયું. ધરતી પર ખૂનની નદીઓ વહેવા લાગી. સ્ત્રી, પુરૂષ, બાળકો, વૃદ્ધો સૌને કતલ કરી નાખવામાં આવ્યાં. શહેર જ નહીં બલ્કે શહેરના આસપાસ ગામડાંઓ સુધી તાતારીઓ પહોંચ્યા અને વસ્તીની વસ્તીઓ ઉજાડતા ચાલ્યા ગયા. ઈન્સાનોની સાથે સાથે મહેલો અને ઈમારતોમાં આગ લગાડી તેઓ અટ્ટહાસ્ય બુલંદ કરતા અને તડપતી લાશો અને સીસકતી જિંદગીઓ પર નાચગાનની મહેફિલો સજાવતા જતા જે રીતે એક શરાબી નશામાં ઝુમે છે એ જ રીતે (સળગતી) વસ્તીઓથી ઉઠતા ધુમાડામાં મસ્ત થઈ નાચતા હતા.

આગલા દિવસ ૯ સફર હિ.સ. ૬૫૬ ઈ.સ. ૧૨૫૮ જુમ્આના દિવસે ખલીફાને લઈને ખિલાફતના કિલ્લામાં દાખલ થયો અને જાહેર સભામાં ખલીફાને બોલાવી કહેવા લાગ્યો, ખલીફા સાહેબ ! અમે તો તમારા મહેમાન છીએ, અમારા માટે કાંઈક હાજર કરો ! ખલીફા ભયથી ધ્રુજી રહ્યો હતો. છેવટે હલાકૂના હુકમથી ખજાનાનાં તાળાં તોડવામાં આવ્યાં. ત્યાંથી બે હજાર અત્યંત ઉત્તમ વસ્ત્રો, હજાર દીનાર અને સોના ઝવેરાત નીકળ્યાં જેને જોઈને હલાકૂની આંખો અંજાય ગઈ. પછી ખલીફાથી ગુપ્ત ખજાનાઓનો પતો માલૂમ કરી હલાકૂએ જમીન ખોદાવી જ્યાંથી ઝવેરાત અને અશરફીઓથી ભરેલ થેલાઓના હોઝ નીકળ્યા. આ લૂટમાર અને કતલમાં શહેર અને તેની આસપાસમાં મૃત્યુ પામનારાઓની સંખ્યા **એક કરોડ ૭ લાખ** બતાવવામાં આવે છે.

હલાકૂએ ખલીફાને ખાધા પીધા વિના નજરબંદ કરી દીધો. જ્યારે જમવાનો સમય થયો તો હલાકૂએ ખલીફાને દસ્તરખાન પર બોલાવ્યો અને ખાવાની કોઈ

ચીજ આપવાના બદલે તેની સામે સોના ચાંદીના ઢગલા રાખીને કહ્યું, લો ! આનું જમણ કરો ! ખલીફાએ ઘણી જ બેબસી સાથે કહ્યું કે એને કઈ રીતે જમી શકું ?! તેના પર હલાકૂએ કહ્યું, તો પછી તમે તેનાથી પોતાના માટે સુરક્ષાની વ્યવસ્થા કેમ ન કરી ? તમે આ સોના ચાંદી અને ઝવેરાતથી ભરેલા સંદૂકોના પોલાદથી પોતાની ફૌજ માટે તીરોના શસ્ત્રો કેમ ન બનાવડાવ્યાં ? તેને સિપાહીઓમાં વિતરિત કેમ ન કર્યાં ? જેથી તેઓ તમારા તરફથી આવીને મારી સાથે લડતા અને તમારા આ દેશને મારાથી બચાવતા. ખલીફાએ ઘણી જ બેબસીના આલમમાં કહ્યું, અલ્લાહની મરજી એ જ હતી ! જેના પર હલાકૂએ કહ્યું કે હવે અમે તારા સાથે જે વર્તાવ કરીશું કે એને પણ તું અલ્લાહની મરજી સમજજે !

તેના પછી હલાકૂએ ખલીફાના કત્લ વિશે પોતાના સરદારો સાથે મશવરો કર્યો. સૌએ તેને કત્લ કરવાનો મશ્વરો આપ્યો પરંતુ નસીરૂદ્દીન તૂસી અને ઈબ્ને અલ્કમી જે શરૂથી ખિલાફતે અબ્બાસીયાના છુપા દુશ્મન હતા અને તેની જગ્યાએ શીઆ હોવાના કારણે અલ્વી હુકમરાનોના ખ્વાબ જોઈ રહ્યા હતા, તેમણે હલાકૂને કહ્યું કે આ મુસલમાનોનો ખલીફા છે, જો તેના લોહીનું એક ટીપું પણ જમીન પર પડયું તો આપના વિજય માટે અપશુકન થશે. માટે તેને તલ્વારથી કત્લ કરવાના બદલે ચામડાના ધાબળામાં લપેટીને કત્લ કરવામાં આવે. પછી તો શું હતું ! જોતજાતામાં ખલીફા અને તેના સંતાનોને ચામડાના ઢાબળામાં લપેટીને મસળી નાખવામાં આવ્યા અને પછી લાત જૂતાથી એટલો માર પડયો કે તેમનો એમાં જ દમ નીકળી ગયો. તેમનું મૃત્યુ થતાં જ ઈબ્ને અલ્કમીના હુકમથી ઘોડાઓની ટાપોથી એ રીતે તેમને મસળવામાં આવ્યા કે તેમનાં શરીર ટુકડે ટુકડા થઈ ગયાં.

તેમની કચડેલી લાશોના ટુકડા થતાં શરીરોને જોઈને ઈબ્ને અલ્કમીની શીઆ પ્રકૃતિ જાગી ઉઠી અને તે ખુશીથી ઝૂમી ઉઠયો. એવું લાગી રહ્યું હતું કે જાણે તે અલ્વીયોના ખૂનનો બદલો લઈ રહ્યો હોય અને સુન્નીઓની તડપતી લાશો પર અટ્ટહાસ્ય કરી રહ્યો હોય. ત્યાર પછી સમસ્ત બગદાદમાંથી ઉલ્માને શોધી શોધીને કત્લ કરવામાં આવ્યા.

મદ્રસા મુસ્તન્સરિયા જેને મુસ્તન્સ બિલ્લાહે સતત સાત વરસની મહેનતથી બંધાવ્યો હતો. આ મદ્રસાની લાયબ્રેરી એટલી વિશાળ હતી કે સાઈઠ ઊંટો પર લાદીને તેની કિતાબો લાવવામાં આવી હતી. આ રીતે આ લાખો કિતાબોનો અઝીમુશ્શાન મદ્રસો જોતજોતામાં આગના શોલાઓની ભેટ ચઢી ગયો. અને પછી જ્યારે સળગેલી કિતાબોને દરિયાએ દજલામાં નાખવામાં આવી તો સર્વ પાણી કાળુ થઈ ગયું. ક્યાંક મુસલમાનોના ખૂનથી દરયાએ દજલા લાલ હતો અને હવે અઝીમુશ્શાન લાયબ્રેરીઓની સળગેલી કિતાબોથી આખો દરિયો કાળો થઈ ગયો. લાંબા અરસા સુધી તેનુ જ પાણી માઈલો સુધી કાળુ થઈ વહેતુ રહ્યું. કિતાબોની અધિકતાનું અનુમાન એનાથી લગાડો કે કેટલીક જગાએ કિતાબોના કાંપથી દજલામાં બંધની જેમ બની ગયું હતું.

તે જ મોકા પર બનૂ બયાનુ પ્રસિધ્ધ દવાખાનું પણ ખત્મ થઈ ગયું જેને અઝુદુદ્દોલાએ ૯૮૧માં દરિયાએ દજલાના કિનારે સ્થાપિત કર્યું હતું. તે સમયે સમગ્ર વિશ્વમાં તેનું દષ્ટાંત ન હતું. તેમાં દેશના અગ્રગણ્ય ૨૪ નિષ્ણાત તબીબો દરેક સમયે બિમારોનો ઈલાજ કર્યા કરતા હતા. તેમના સિવાય સર્જન, આંખોના ઈલાજના નિષ્ણાંતો અલગ હતા. તેના ખર્ચ માટે તે જ સમયે સાડા સાત લાખની જાગીર વકફ હતી પરંતુ આટલુ ઉચ્ચ કક્ષાનું દવાખાનુ પણ હલાકૂખાનની ફૌજના આતંકથી ન બચી શક્યું. સારાંશ કે એવી વિકરાળ અને કાળજુ કંપાવી દેવાવાળી તબાહી અને બર્બાદી હતી કે તેનું ઉદાહરણ ઈતિહાસમાં જ નહીં બલ્કે વિશ્વના ઈતિહાસમાં નહીં મળે. ઈતિહાસકારોએ આ તબાહીને કયામતે સુગરા (નાની કયામત)ના નામથી યાદ કરી છે. ........*(ક્રમશઃ)*

# હઝરત અલ્લામા શાહ સૈયદ તુરાબુલ હક્ક્ કાદરી رحمۃ اللہ علیہ

-કાર્યાલય

**હઝારોં સાલ નરગીસ-અપની બેનૂરી પે રોતી હૈ**
**બળી મુશ્કિલસે હોતા હૈ ચમનમેં દીદાવર પૈદા**

સુન્ની જગતની એક મહાન હસ્તી જે પોતાની ઈલ્મી સમૃધ્ધતા, દૂરંદેશી, ક્રાંતિકારી દિમાગ, પ્રભાવશાળી સ્પીચ તથા કલમની શક્તિવાળી, મુફક્કિરાના શાનની માલિક, ફકીરાના ચાલ ઢાલ તથા અચ્છા અચ્છાઓથી પ્રભાવિત ન થનારા વ્યક્તિત્વવાળી અનોખી જાત જેમને આપણે પીરે તરીકત હઝરત અલ્લામા શાહ સૈયદ તુરાબુલ હક્ક્ કાદરી رحمۃ اللہ علیہ તરીકે જાણીએ છીએ. એક યુગ સુધી પાકિસ્તાનમાં રહીને તથા દેશ વિદેશ તબ્લીગી દૌરાઓ કરીને સુન્ની જગતની મહાન ખિદમત જેમણે અંજામ આપી તેમણે તા. ૬–૧૦–૨૦૧૬ (૪–મુહર્રમ હિ.સ. ૧૪૩૮) જુમેરાતના રોજ આ ફાની દુનિયાથી પર્દો ફર્માવી લીધો છે. જાહેરી તથા બાતિની ઈલ્મથી સરફરાઝ થયા બાદ લભગભ જિંદગીનાં ૫૦ વરસ દીનો સુન્નિયત માટે આપે વક્ફ કરી દીધાં. આપ હઝરતની ગણના તે હક્કનો કલ્મો બુલંદ કરનારાઓમાં થાય છે જેઓ જાન, માલ કે દુનિયાની કોઈ ચીજની પરવા નથી કરતા. રબ્બે કરીમ તાકયામત આપની કબ્ર પર રહમતોની સતત વર્ષા ફર્માવે. (આમીન)

જાહેરી રીતે તો આપ અમારી દષ્ટિથી ઓજલ થઈ ગયા પરંતું આપની દીની ખિદમતોમાં, ઈલ્મી, રાજનૈતિક, સામાજિક ખિદમતોમાં તથા આપની કિતાબોના દરેક વરકમાં આપ ઝિંદા છે. અલ્લાહ રબ્બુલ ઈઝઝત આવા મર્દે કલંદર, મર્દે હક્ક્ આગાહની ઝિંદા સિફત ખૂબીઓથી આપણને પણ માલામાલ ફર્માવે. (આમીન)

**જન્મ મુબારક** : હઝરત કિબ્લા સૈયદ શાહ તુરાબુલ હક્ક્ સાહબ رحمۃ اللہ علیہનો જન્મ હિંદના ભાગલા પહેલાં ૨૭–રમઝાન હિ.સ. ૧૩૬૫ (ઈ.સ. ૨૬–૮–૧૯૪૬)ના રોજ હિંદુસ્તાનના તે સમયના રાજ્ય હૈદરાબાદ દક્કનના એક શહેર નાન્ઢેરના કલમ્બરમાં થયો.

**વંશવેલો** : પિતાનુ નામ મુબારક હઝરત સૈયદ શાહ હુસૈન કાદરી બિન સૈયદ શાહ મુહયુદ્દીન કાદરી બિન સૈયદ શાહ અબ્દુલ્લાહ કાદરી બિન સૈયદ શાહ મેહરાં કાદરી. અને માતાનું નામ અકબરુન્નિસા બેગમ હતું. આપ પિતા તરફથી સૈયદ અને માતા તરફથી ફારૂકી છે. પોતાના સમયના જય્યદ (જબરદસ્ત) આલિમ, ઈલ્મના દરિયા સમાન લેખક હઝરત અલ્લામા શાહ અન્વારુલ્લાહ કાદરી رحمۃ اللہ علیہથી આપનુ મોસાળ છે, જેમની કિતાબ "કિતાબુલ અકલ" તથા "મકાસિદુલ ઈસ્લામ" અજોડ માનવામાં આવે છે. આમ આપ ઈલ્મી રૂહાની ઘરાનાના સાદાતોમાંથી છે.

**તાલીમો તર્બિયત** : ઈ.સ. ૧૯૫૧માં આપ હિજરત કરી પાકિસ્તાન ચાલ્યા ગયા અને શરૂઆતમાં કરાચીમાં રહ્યા. પ્રારંભિક તાલીમ મદ્રસા તહતાનિયા જામિયા નિઝામિયા હૈદ્રાબાદમાં હાંસલ કરી હતી. પાકિસ્તાનમાં પી.આઈ.પી. કોલોનીમાં વસવાટ દરમ્યાન ફયઝે આમ હાઈસ્કૂલમાં તાલીમ હેઠળ રહ્યા. ત્યારબાદ પછી સગાઈમાં માસા પીરે તરીકત હઝરત કારી મુસ્લેહુદ્દીન સિદ્દીકી عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُની બારગાહમાં તાલીમ મેળવી. પછી દારુલ ઉલૂમ અમજદિયામાં દાખલો લીધો, જ્યાં સનદ શાહઝાદાએ સદરુશ્શરીઅહ અલ્લામા અબ્દુલ મુસ્તફા અઝહરી عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُથી હાંસલ કરી જેઓ એ સમયના

અમજદિયાના મુફ્તી અલ્લામા ક઼ારી મુહમ્મદ વક઼ારુદ્દીન ક઼ાદરી હનફીથી હાંસલ કરી.

**બયઅતનો શરફ** : ઈ.સ. ૧૯૬૨માં પત્ર દ્વારા તથા ઈ.સ. ૧૯૬૮માં બરેલી શરીફ હાજર થઈને શાહઝાદાએ ઈમામ અહમદ રઝા મુફ્તીએ આ'ઝમે હિંદ, **મુજદ્દિદ ઈબ્ને મુજદ્દિદ હઝરત અલ્લામા મુસ્તફા રઝાખાં** عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانۡના હાથ મુબારક પર બયઅત કરી. આ સફરમાં ૧૩ દિવસ સુધી પીરો મુર્શિદની ખિદમતમાં હાજર રહ્યા અને આપનાથી તાવીઝોની તર્બિયત તથા ઈજાઝત પણ હાંસલ કરી. એ જ દરમ્યાન મસ્જિદે રઝામાં નમાઝોની ઈમામત પણ કરતા રહ્યા, તેમજ કેટલાયે જલસાઓમાં મુર્શિદે ગિરામી عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانۡની મૌજૂદગીમાં તક઼રીર કરવાનો મોક઼ો મળ્યો અને દાદ તથા તેહસીનની સોગાત નસીબ થઈ.

**ખિલાફત તથા ઈજાઝત** : ક઼િબ્લા શાહ સાહબ عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانۡને મુજદ્દિદ ઈબ્ને મુજદ્દિદ હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ અલ્લામા મુસ્તફા રઝા તેમજ પીરે તરીક઼ત મૌલાના ક઼ારી મુસ્લેહુદ્દીન ક઼ાદરી તથા શાહઝાદા વ જાનશીને કુત્બે મદીના અલ્લામા ફઝલુર્રહ્માન મદની رحمۃ اللہ علیہم اجمعینથી વિવિધ સિલસિલાઓની ખિલાફત તથા ઈજાઝત હાંસલ હતી.

**નિકાહ તથા ઔલાદ** : ઈ.સ. ૧૯૬૬માં પીરે તરીક઼ત ઉસ્તાદે ગિરામી મૌલાના ક઼ારી મુહમ્મદ મુસ્લેહુદ્દીન ક઼ાદરી عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانۡનાં સાહબઝાદીથી કરાચીમાં આપનો નિકાહ થયો, જેમનાથી ત્રણ સાહબઝાદાઓ તથા છ સાહબઝાદીઓ પેદા થઈ. એક સાહબઝાદાનો બચપનમાં જ ઈન્તેક઼ાલ થઈ ગયો બાકી અલ્હમ્દુલિલ્લાહ ! હયાત છે. સાહબઝાદાઓનાં નામ છે : સૈયદ શાહ સિરાજુલ હક્ક઼ ક઼ાદરી, મૌલાના સૈયદ શાહ અબ્દુલ હક્ક઼ ક઼ાદરી તથા સૈયદ શાહ ફરીદુલ હક્ક઼ ક઼ાદરી. ક઼િબ્લા શાહ સાહબના જાનશીન વચેટ સાહબઝાદા અલ્લામા સૈયદ શાહ અબ્દુલ હક્ક઼ ક઼ાદરી દારૂલ ઉલૂમ અમજદિયા કરાચીથી ફારિગુત્તહસીલ છે.

**તક઼રીરની પ્રવૃત્તિ** : શાહ સાહબ ક઼િબ્લાએ તક઼રીરનો ક્રમ ઈ.સ. ૧૯૬૨ માં તાલિબે ઈલ્મીના જમાનાથી શરૂ કરી આપ્યો હતો. દીની જલસાઓમાં દારુલ ઉલૂમ અમજદિયા કરાચીના તરફથી આલિમ તથા ખતીબના રૂપે તશરીફ લઈ જતા હતા. એ સઆદત (સદ્ભાગ્ય) પણ આપને અલ્લાહના તરફથી મળ્યું કે એક જ દિવસમાં ૧૨–૧૨ તક઼રીરો પણ કરતા ! ઈ.સ. ૧૯૬૨ થી ઈ.સ. ૨૦૧૨ સુધીના આ તક઼રીરી ક્રમનાં ૫૦ વરસો પૂર્ણ થઈ ગયાં. આ અરસામાં આપે હજારો તક઼રીરો દીની જલસાઓમાં પણ, સરકારી અર્ધ સરકારી ઓફીસો તથા સંસ્થાઓમાં પણ કરી. ઈ.સ. ૨૦૧૧ સુધી આપની ૧૫૦૦ તક઼રીરોનો રેકોર્ડ આપના ચાહકોએ મેહફૂઝ કરી લીધો હતો. અત્યારે એની સંખ્યા ઔર અધિક થઈ ચૂકી હશે.

**ઈમામત તથા ખિતાબત** : ઈ.સ. ૧૯૬૫ થી ૧૯૭૦ છ વરસો સુધી મુહમ્મદી મસ્જિદ કોરંગી કરાચીમાં ઈમામત તથા ખિતાબતનો ફરીઝો નિભાવ્યો. ઈ.સ. ૧૯૭૦ થી ૧૯૮૨ સુધી ૧૨ વરસ કરાચી ખારાદરની પૂરાણી ઉખવંડ મસ્જિદમાં ઈમામત તથા ખિતાબત કરતા રહ્યા. ઈ.સ. ૧૯૮૩થી પોતાના ઉસ્તાઝે ગિરામી તથા સસરા હઝરત મૌલાના ક઼ારી મુહમ્મદ મુસ્લેહુદ્દીન ક઼ાદરી عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانۡના વિસાલથી બે વરસ પહેલાં મેમન મસ્જિદ મુસ્લેહુદ્દીન ગાર્ડન કરાચીની ઈમામત તથા ખિતાબતના હોદ્દા પર બિરાજમાન કરવામાં આવ્યા તો અતિશય જિમ્મેદારીપૂર્વક એ ફરીઝો નિભાવ્યો. શાહ સાહબની તબીઅત નરમ પડતાં ત્યાં આપના જાનશીન મૌલાના સૈયદ શાહ અબ્દુલ હક્ક઼ ક઼ાદરી એ હોદ્દો સંભાળી રહ્યા છે.

**મુનાઝરાઓમાં હાજરી** : આપે કેટલાયે મુનાઝરાઓ પણ કર્યા જેમાંથી એક મુનાઝરો દારૂલ ઉલૂમ કોરંગી ક઼રાચીના મોલ્વી મુહમ્મદ ફાઝિલથી થયો, જેમાં આપની સાથે મુફ્તીએ આ'ઝમે સિંધ મુફ્તી મુહમ્મદ અબ્દુલ્લાહ નઈમી શહીદ

عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانۡ મુનાઝરાના સદર હતા. તેમજ એક મુનાઝરો હિઝબુલ્લાહ કરાચીના સરબરાહ ગુસ્તાખે અવલિયા ડો. કમાલ ઉષ્માની સાથે થયો. જેમાં ડો. ઉષ્માનીએ હારનો સામનો કરવો પડયો. હાર ખાવા છતાં એ લોકોએ તૌબા ન કરી. લેખિત રીતે પણ આપે કેટલાયે બદઝબાન કૃલમકારોનો ઈલ્મી પીછો કર્યો અને પોતાના શરઈ મૌકૃફને દલીલો તથા ગવાહીઓથી સ્પષ્ટ કરેલ છે.

**દા'વતો તબ્લીગ** : દીને હક્કૃની દા'વત સુન્નતે મુસ્તફા ﷺ છે. એક આલિમે દીન દાઈએ દીન પણ હોય છે. કૃિબ્લા શાહ સાહબ عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانۡએ આ ક્ષેત્રમાં પણ પોતાની કામયાબીઓનાં નિશાન અંકિત કરેલ છે. તકૃરીર તથા ખિતાબો તથા દર્સની મેહફિલો થકી પણ તથા અંગત મેહફિલોમાં પણ પોતાની વાણી વડે ખિદમત કરી છે. તબ્લીગી દૌરાઓનો ક્રમ ઈ.સ. ૧૯૭૭ થી શરૂ કર્યો જે પાકિસ્તાન, હિંદુસ્તાનના ઉપરાંત વિવિધ દેશોમાં ફેલાયેલો જોવા મળે છે. સરકારી પ્રતિનિધિમંડળોમાં પણ શિર્કત કરી છે અને ખિતાબો પણ કર્યા છે. આપ જ્યાં પણ તશરીફ લઈ ગયા ત્યાં દીને હક્કૃનો સાચો પયગામ બેખૌફો ખતર દુનિયાની સમક્ષ પહોંચાડયો અને તેમને ઈસ્લામ તથા સુન્નિયતની સચ્ચાઈથી માહિતગાર કર્યા, જેનાં પરિણામો પણ સામે આવ્યાં. એક મુર્શિદે તરીકૃતની હૈષિયતથી પણ પોતાના મુરીદોનું વર્તુળ વિશાળ કર્યુ અને મુરીદો તથા ચાહકોની એક મોટી સંખ્યા છોડી જેઓ આપના મિશનને જીવંત રાખવાનો ઈકરાર કરી ચૂક્યા છે. કૃિબ્લા શાહ સાહબ عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانۡ એક રૂહાની ફૈઝ પામેલા મુર્શિદે તરીકૃત તથા આલિમે દીન, પીરે શરીઅત હતા. ઈલ્મી તસવ્વુફની સાથોસાથ અમલી તસવ્વુફ પર યકૃીન ધરાવનારા હતા. વાણીની સાથોસાથ વર્તનના પણ ગાઝી હતા અને મઝહબે હક્કૃના પ્રચાર તથા પ્રસારના વિવિધ ક્ષેત્રોમાં એનાં નિશાનો સ્પષ્ટપણે જોવા મળે છે.

**લેખન પ્રવૃત્તિઓ** : હક્કૃના પ્રચારના ત્રણ પાયાના ક્ષેત્રોમાં એક કિતાબ લેખન તથા લખવાનું કામ પણ છે, જેનું મહત્વ તથા ફાયદા સિધ્ધ થયેલ ચીજ છે અને તેના લાંબાગાળા સુધીના પરિણામોને કોઈ નકારનાર નથી. કૃિબ્લા શાહ સાહબ عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانۡએ પણ પોતાની ફિક્રી ઈલ્મી, ઐતિહાસિક કિતાબો તથા લેખો તથા મકૃાલાઓ વડે આ ક્ષેત્રને માલામાલ કરેલ છે. ઈ.સ. ૧૯૮૦માં દૈનિક પત્ર જંગની જુમ્આની પૂર્તિમાં "આપકે મસાઈલ ઔર ઉનકા હલ" કોલમ હેઠળ મોલ્વી યૂસુફ લુધિયાનવીએ એક સવાલના જવાબમાં લખી આપ્યું કે, "કબ્રો પર ફૂલ રાખવાં જાઈઝ નથી." તો અલ્લામા શાહ સૈયદ તુરાબુલ હક્કૃ કૃાદરી عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانۡએ તેનો પીછો કર્યો અને જવાબ લખીને પછીના જુમ્આના રોજ પ્રસિધ્ધ કરાવ્યો. જવાબ દર જવાબનો ક્રમ લગભગ બે ત્રણ મહિના સુધી ચાલુ રહ્યો. છેવટે જંગના તંત્રીએ માફી માગીને તેની પ્રસિધ્ધિ બંધ કરી આપી. એ ઉપરાંત વિવિધ વિષયો પર પૂરી પૂરી કિતાબો સંપાદિત કરી તથા લખી. અને તફસીર, હદીષ, સીરતે નબવી, ફિકૃહે હનફી, અકૃાઈદ, તસવ્વુફ, સવાનેહ, ઈતિહાસ તથા ફઝાઈલ પર આધારિત ખજાનો ઉમ્મતે મુસ્લિમાને અર્પણ કર્યો અને તેની ફિક્રી તથા એ'તેકૃાદી તરતીબ (ગોઠવણ) કરી. કેટલીક મશહૂર કિતાબોનાં નામો આ પ્રમાણે છે : તસવ્વુફ વ તરીકૃત, ઝિયાઉલ હદીષ, જમાલે મુસ્તફા ﷺ, ઈમામે આ'ઝમ رضی اللہ عنہ, ઈસ્લામી અકૃાઈદ, ફઝાઈલે સહાબા વ અહલે બયત, તફસીરે અન્વારુલ કુર્આન (સૂરએ વદુહાથી સૂરએ નાસ સુધી) તેહરીકે પાકિસ્તાનમેં ઉલમાએ અહલે સુન્નતકા કિરદાર તથા ખત્મે નબુવ્વત (અકૃીદા, તેહરીકૃ તથા ઈતિહાસ)

**રાજનૈતિક ખિદમતો** : હિંદુસ્તાનમાં તો નહીં, પરંતુ પાકિસ્તાનમાં એ ચલણ રહ્યું છે કે જય્યદ ઉલમા તથા મશાઈખ પણ અમલી રાજનીતિમાં બાકૃાયદા ભાગ લેતા, ઈલેક્શનમાં ઉમેદવાર બને છે અને

રાજનૈતિક ચળવળમાં સામેલ રહે છે. અલ્લામા સૈયદ શાહ તુરાબુલ હક્ક્ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْએ ન કેવળ મસ્જિદો તથા જલસાઓના મિમ્બરો પર જલ્વા અફરોઝ થઈને દીને હક્ક્નો પૈગામ ફેલાવ્યો, બલ્કે પાર્લામેન્ટમાં બેસીને પ્રધાનો, મંત્રી તથા પાર્લામેન્ટના માણસોની સામે પણ હક્ક્ વાતનું એલાન કર્યું અને મસ્લકે હક્ક્ અહલે સુન્નતનું પ્રતિનિધિત્વ કર્યું અને અવામે અહલે સુન્નતના મસાઈલ હલ કર્યા. ઈ.સ. ૧૯૮૫માં કરાચીના સર્કલ એન.એ. ૧૯૦થી જમાઅતે ઈસ્લામીના મુહમ્મદ હુસૈન મેહનતીને ભારે મતો વડે હરાવીને પાર્લામેન્ટના સભ્ય ચૂંટાયા અને પાર્લામેન્ટમાં નિઝામે મુસ્તફા ગૃપ બનાવ્યું. તદ્ ઉપરાંત કેટલીયે રાજનૈતિક, અર્ધ રાજનૈતિક, સામાજિક કમિટીઓના ચેરમેન, સભ્ય, સરપરસ્તે આ'લા, નાઝિમ તથા ડાયરેક્ટર નિમવામાં આવ્યા અને દરેક હોદ્દાને પૂરી દયાનતદારીની સાથે નિભાવ્યો.

**જમાઅતે અહલે સુન્નત** : ઈ.સ. ૧૯૫૬માં એક સખત જરૂરતના હેઠળ દીનની તબ્લીગ તથા મસ્લકે અહલે સુન્નતના પ્રચારની વ્યક્તિગત કોશિશોને સામૂહિક રૂપમાં તબદીલ કરવાના હેતુસર ''જમાઅતે અહલે સુન્નત'' સ્થાપવામાં આવી. ખતીબે આ'ઝમે પાકિસ્તાન અલ્લામા શફીઅ ઓકાળવી તેના અમીર, શયખ ઈસ્માઈલ તેના નાઝિમે આ'લા તથા હાજી મુહમ્મદ સાદિક્ ખજાનચી નિયુક્ત થયા. એ જમાઅતના વિવિધ હેતુઓ હતા, રાજનૈતિક, સામાજિક, ધાર્મિક, કૌમી, પ્રાદેશિક, આંતર રાષ્ટ્રીય, સંસ્થાકીય, તેમજ રૂહાની તથા ઈસ્લાહી પણ. ઈ.સ. ૧૯૬૭માં કિબ્લા શાહ સાહબ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْને ''જમાઅતે અહલે સુન્નત'' કરાચીના કોરંગી સર્કલના અમીર સિલેક્ટ કરવામાં આવ્યા અને તેમના સંચાલન હેઠળ નીકળતા મંથલી ''તર્જુમાને અહલે સુન્નત''ની નિગરાની પણ તેમની જિમ્મેદારીમાં રહી. તે ઉપરાંત મંથલી ''ઉફક્''ના રૂહાની કોલમમાં શરઈ મસાઈલના જવાબો પણ લખતા રહ્યા. આપે ''જમાઅતે અહલે સુન્નત''ને પોતાની નિગરાનીમાં ઘણી સક્રિય તથા કાર્યરત બનાવી અને તેના વિવિધ વિભાગોમાં ઉમદાપણુ પેદા કર્યું.

**તેહરીકોમાં જોડાણ** : ''તેહરીકે નિઝામે મુસ્તફા''તથા ''તેહરીકે ખત્મે નબુવ્વત''માં પણ આપનો કિરદાર ભૂલી શકાય તેવો નથી. વિવિધ દીની જલસાઓ તથા મસ્જિદોના મિમ્બરો પરથી પણ આપે નવયુવાનોમાં જોશ તથા વલવલો પેદા કર્યો. ઉલમાએ અહલે સુન્નતમાં અલ્લામા અબ્દુલ મુસ્તફા અઝહરી, અલ્લામા શાહ અહમદ નૂરાની, અલ્લામા અબ્દુસ્સત્તાર ખાન નિયાઝી વગેરેની સફમાં આપ પણ મૌજૂદ રહ્યા, છેવટે **પાકિસ્તાન ગવર્નમેન્ટમાં ૭-ઓક્ટોબર ઈ.સ. ૧૯૭૪ના મુબારક દિવસે કાદયાનીઓને ''ગૈર મુસ્લિમ લઘુમતિ'' ઠરાવી દેવામાં આવી.** એ જ પ્રમાણે ''તેહરીકે નિઝામે મુસ્તફા''માં પણ ભરપુર હિસ્સો લીધો અને તે સમયના વડા પ્રધાન ઝુલ્ફિકાર અલી ભૂટ્ટોની ઈસ્લામ વિરોધી પોલીસીઓની વિરૂધ્ધ ભરપુર જલસાઓમાં તેનો વિરોધ કર્યો અને પોતાનો દીની મૌકફ જાહેર કર્યો. આ સર્વ કુર્બાનીઓ તથા નેક અમલોમાં સૌથી મહત્વની આપની દીની અડગતા, ઈમામ અહમદ રઝા કાદરી رحمۃ اللہ علیہના મસ્લક તથા મશરબથી સાચી નિસ્બત તથા તેમના ફિક્રી તથા એ'તેકાદી મૌકફ પર સખ્તીથી અમલને રજૂ કરી શકાય છે. આપનો તક્વો, દીનની હિમાયત, મિલ્લી તડ્પ તેમજ આપના સ્થાપિત કરેલ દીની તથા તાલીમી ઈદારાઓને અહલે સુન્નતના દર્દમંદો કદાપિ ભૂલી શકશે નહીં. અવામની સાથોસાથ ઉલમા તથા મશાઈખનો આપના પર વિશ્વાસ શું ભૂલાવી શકાશે ?! હરગિઝ નહીં ! આપની સતત કોશિશો તથા અમલી જિદ્દો જેહદોની પ્રશંસા કરતાં અલ્લામા અબ્દુલ હકીમ શરફ કાદરી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْ ફર્માવે છે : ''શાહ સાહબની વ્યસ્તતાને જોઈને આશ્ચર્ય થાય છે કે કેવી રીતે એક માણસ આટલાં કામો અંજામ આપી રહ્યો છે ! ''અલ્લાહ ﷻ તેમના રૂહાની ફયઝથી આપણને સૌને ફૈઝયાબ ફર્માવે. (આમીન)

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી-ડિસે.-૨૦૧૬ના સૌજન્યથી)*

## ★ શાદી મુબારક ★

**ભરૂચ** : ખાતે મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ મુઈનુદ્દીન બશીરુદ્દીન શેખ (ઠે. હાજી પીર કિર્માની)ના નેક ફરઝંદ મુહમ્મદ ઉમરના નિકાહ સોમવાર તા. ૫–૧૨–૨૦૧૬ના બાવડી મસ્જિદ ખાતે જનાબ હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ પઢાવ્યા હતા. તેમજ તેમની નેક દુખ્તર નશીરાબાનુના નિકાહ તા. ૩–૧૨–૨૦૧૬ના રોજ સિપાઈવાડ–ભરૂચના મુહમ્મદહનીફ મસ્તાનના નેક ફરઝંદ મુહમ્મદ નૌશાદ સાથે કરવામાં આવ્યા. જેની ખુશીમાં મુઈનુદ્દીનભાઈએ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદને રૂા. ૧૦૦૧ લિલ્લાહ આપ્યા છે. જઝાકલ્લાહ ! દુલ્હા–દુલ્હન કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : ખાતે શૌકત અલી ધીરજની નેક દુખ્તર ફરહીનના નિકાહ તા. ૧૮–૧૨–૨૦૧૬ રવિવારે અકુજી કોમ્યુ. હોલમાં સુલેમાન અલી ધીરજના નેક ફરઝંદ જિબ્રાન સાથે રાખવામાં આવ્યા.

**ભોલાવ** : ભરૂચ ખાતે મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી (નાઝિમે આ'લા : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)ના નેક ફરઝંદ જુનેદની નિકાહખ્વાની નાપાડ (નિવાસી અન્વરભાઈ રાઠોડની નેક દુખ્તર ''હીના'' સાથે રાખવામાં આવી તે નિમિત્તે તા. ૧૫–૧૨–૨૧૦૬ જુમેરાતે ઈશા બાદ મેહફિલે નઅત સજાવી મીલાદુન્નબી ﷺ મનાવાયો જેમાં મુંબઈથી હઝરત સૈયદ મુઈનુદ્દીન ચિશ્તી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ આવીને નઅતો મન્કબત તથા સેહરો પેશ કર્યો હતો. નાપાડ મુકામે તા. ૧૭–૧૨–૨૦૧૬ શનિવારના રોજ ઝહોર બાદ સલાતો સલામ સાથે દુલ્હાનુ જુલૂસ મંડપમાં પહોંચ્યું જ્યાં નઅત શરીફ જનાબ સુલ્તાન રઝા (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ પેશ કર્યા બાદ હઝરત મૌલાના સૈયદ અમીન અલી કાદરી (માલેગાંવ) સાહબે નિકાહ પઢાવ્યા હતા અને દુઆ ગુજારી હતી. સલાતો સલામ પર નિકાહવિધિ સંપન્ન થઈ હતી. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદના ઉસ્તાઝો તેમજ અનેક સાદાત, ઉલમા, હુફ્ફાઝ તથા તંત્રી ''બરકાતે ખ્વાજા''એ તેમજ સુન્ની દા'વતે ઈસ્લામીના અનેક મુબલ્લિગોએ ખાસ હાજરી આપી હતી. તા. ૧૮–૧૨–૨૦૧૬ રવિવારે સવારના ૧૧ વાગે વલીમાની દા'વતમાં ભરૂચ ભોલાવ મુકામે પણ સર્વેએ હાજરી આપી હતી.

## ઉર્સે ખ્વાજા દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ

**બીરપુરશરીફ** : (જિ. મહીસાગર) ખાતે અંગ્રેજી તા. ૬–૧–૨૦૧૭થી ૧૨–૧–૨૦૧૭ સુધી મુતાબિક રબીઉલ આખર ચાંદ ૭ થી ૧૩ હિ.સ. ૧૪૩૮ના દિવસોમાં ૪૯૭મો ઉર્સ મુબારક શાનો શૌકતથી મનાવવામાં આવશે.

ચાંદ–૧૦, અંગ્રેજી તા. ૮–૧–૨૦૧૭ની રાત્રે ઈશાની નમાઝ પછી કુર્આને પાકના ૩૦ પારાની તિલાવત, સંદલ શરીફ, ચાદર શરીફ, ફાતેહા, ફૂલ પેશ કરી શિજરા શરીફ પઢી સૌ માટે ઈમાનો અમલ, સુખ શાંતિની દુઆ હઝરતના સાહબઝાદાઓ દિલની ગહરાઈથી ગુજારશે. ઈન્શાઅલ્લાહ !

*–રજૂકર્તા : (શાહઝાદા સૈયદ સફીયુલ્લાહબાવા) હઝરત સૈયદ મુસન્નામિયાં દરિયાઈ*

## ★ દયાદરામાં જશ્ને ઈદે મીલાદુન્નબી ﷺ ★

તા. ૭–૧૨–૨૦૧૬ બુધવારે રાત્રે ઈશા બાદ ઈદે મીલાદુન્નબી ﷺનો અઝીમુશ્શાન જશ્ન મનાવાયો જેમાં સૌ પ્રથમ ક઼ારી મક઼સૂદ ક઼ાવીવાળા (પેશ ઈમામ–દયાદરા) સાહબે ક઼િરાઅત પેશ કરી, નઅતે પાકથી શરૂઆત કરી. ત્યાર બાદ ક઼ારી રિયાઝુદ્દીન અશરફી સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ પોતાના મધૂર અવાજ તથા અનોખા અંદાઝમાં નઅતોના ગુલદસ્તા પેશ કર્યા. ત્યારબાદ થોડીવાર માટે મૌલાના ઝહીર મિસ્બાહી (મુબલ્લિલગે સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ મીલાદે પાક પર શાનદાર બયાન કર્યું. ત્યારબાદ ઔલાદે ગૌષે આ'ઝમ આલે રસૂલ, ખતીબે ઝીશાન હઝરત મૌલાના સૈયદ અમીન અલી કાદરી (નિગરાં : મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ મીલાદ સંબંધી તથા અહલે સુન્નતની હક્ક઼ાનિયત પર વલવલાઅંગેઝ બયાન કરી મજમાને ગરમાવી દીધો હતો. છેવટમાં હજારોની સંખ્યામાં ભરચક મજમા વચ્ચે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરીએ કુર્આનની અનેક આયતો પઢીને શાને મુસ્તફા વર્ણન કરી નેક અમલ તથા નમાઝની તાકીદ કરતું અસરકારક બયાન કર્યું હતું. નિઝામત મૌલાના અલ્તાફ મિસ્બાહી ચાંચવેલીએ સંભાળી હતી. તેમજ હઝરત સૈયદ શૌકતબાવા જંબુસરવાળા (ખલીફા નૂરાનીબાવા પેટલાદ) તેમજ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ તેમજ જંબુસર, થામ, ચાંચવેલ વગેરેના ઉલમા, સાદાત, હુફ્ફાઝે કિરામ તથા મુબલ્લિગોએ હાજરી આપી હતી. લાઈવ રિલેમાં પણ નેટ પરથી હજારો લોકોએ આ સુન્ની ઈજતેમા સાંભળ્યો, જોયો હતો.

**દયાદરા** : ખાતે રબીઉલ અવ્વલ શરીફના ૧ થી ૧૨ ચાંદ સુધી ઈશા બાદ મેહફિલે દુરૂદ બાદ ખત્મે યાસીન શરીફ થયો. ૮મા ચાંદે અકુજી કોમ્યુ. હોલ સામે શાનદાર જશ્ને મીલાદુન્નબી ﷺ મનાવાયો. એ ઉપરાંત ૯ તથા ૧૦ ચાંદે ઈશા બાદ મસ્જિદમાં મૌલાના તૌસીફરઝા હલદરવીએ શાને મુસ્તફા પર બયાનો કર્યા. ૧૧મા ચાંદે રાત્રે મોટા ચકલા પર મેહફિલે નઅતમાં ક઼ારી મક઼સૂદ કાવીવાળા સાહબે નઅતો મન્કબતના ગુલદસ્તા પેશ કર્યા અને ૧૨મીની રાત્રે મોટા ચકલા પર મૌલાના ઝહીર મિસ્બાહી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ શાને મુસ્તફા પર શાનદાર બયાન કર્યું. સવારમાં જુલૂસે મીલાદુન્નબી રાબેતા મુજબ ગામ ફેરી ફરી મૂએ મુબારક સાથે મસ્જિદ પહોંચ્યું. રશીદભાઈ દાઉદ મૂસા બાજીભાઈએ તેમજ ક઼ારી મક઼સૂદ સાહબે નઅતો પેશ કરી છેવટમાં મૌલાના ઝહીર મિસ્બાહીએ બાલ મુબારકની ફઝીલત તથા સનદ તલબ કરનારાઓને સચોટ જવાબો પેશ કર્યા હતા. ત્યાર બાદ બાલ મુબારકની ઝિયારત કરાવવામાં આવી અને ન્યાઝ અકુજી કોમ્યુ. હોલમાં જમાડવામાં આવી.

**મુક઼ર્રિરે ખુસૂસી** : *ઔલાદે ગૌષે આ'ઝમ આલે રસૂલ ખતીબે ઝીશાન હઝરત મૌલાના સૈયદ*
**અમીન અલી ક઼ાદરી** *(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)*

| શાખ અંકલેશ્વર | શાખ બોડેલી |
|---|---|
| **કબ ? : ૩૧–જાન્યુઆરી–૨૦૧૭**<br>**મંગળવાર**–ઈશાબાદ | **કબ ? : ૨–ફેબ્રુઆરી–૨૦૧૭**<br>**બુધવાર**–ઈશાબાદ |
| **કહાં ?** : હઝરત હલીમશાહ દાદા<br>દરગાહ શરીફ પાસે, **અકંલેશ્વર** | **કહાં ?** : કુબેર નગર, રઝા ચોક<br>**બોડેલી** |
| **અદાઈ** : સુન્ની દા'વતે ઈસ્લામી અંકલેશ્વર બ્રાન્ચ | **અદાઈ** : સુન્ની દા'વતે ઈસ્લામી બોડેલી બ્રાન્ચ |

## જશ્ને આ'લા હઝરત رضی اللہ عنہ

**પારખેત** : મુકામે તા. ૨૨/નવેમ્બર/૨૦૧૬ ઈશા બાદ મસ્જિદ પાસે જશ્ને આ'લા હઝરત મનાવવામાં આવ્યો. જેમાં શરૂમાં તિલાવતે કુર્આન, ત્યારબાદ જનાબ કારી મકસૂદ કાવીવાળા સાહબે નઅતો મન્કબત પેશ કરી હતી. તેમજ "મસ્લકે આ'લા હઝરત સલામત રહે" મન્કબત શાનદાર રીતે પેશ કરી હતી. ત્યારબાદ હઝરત મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી અશ્રફી સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની શાનમાં શાનદાર બયાન કર્યું હતું. *–અઝહરૂદ્દીન રોકડ (પારખેત)*

## મસ્જિદ તામીરી કામમાં મદદ કરો !

**ભરૂચ** : (મનુબર રોડ, રહમત પાર્ક, બિલાલ પાર્ક સામે) "મસ્જિદ વ મદ્રસા ગરીબ નવાઝ" ટ્રસ્ટ હેઠળ મસ્જિદનું બાંધકામ ચાલી રહ્યું છે, જેમાં વુઝૂખાનુ, દરવાજા તથા અન્ય ફિનિસિંગ બાકી છે તેમજ ૨૦ લાખ રૂા.નો લગભગ ખર્ચ છે અને ૨૦ લાખનું માથે કરજ થઈ ગયેલ છે. તો સખીદાતાઓ પોતાના તથા મર્હૂમોના સવાબ અર્થે મદદ કરવા સંપર્ક કરે એવી અપીલ છે.

લિ. ઈકબાલ ભાઈ પટેલ, મો. ૭૩૫૯૮૨૮૨૮૧ તથા હાજી ઉષ્માનભાઈ ઈખરવી, યુ.કે. ખાતે ૦૭૭૬૯૮૯૩૯૧૮, ૦૧૨૦૪૩૯૮૩૨૬, તથા હાજી બાબર બંબુસરી (યુ.કે.) મો. ૭૩૫૯૨૦૩૮૩૮

## :: કિતાબો મંગાવો ::

**૧. રસૂલે ખુદા ﷺના કૌલ** *(પેજીસ–૯૬, હદિયો : રૂા.૩૦)*

**૨. ઈસ્લામ અને કુફ્ર** *(પેજીસ–૬૮, હદિયો : રૂા. ૧૦)*

**:: સંપાદક તથા પ્રકાશક ::**
મુહમ્મદઅમીન એ. ચોલા
ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર, જામનગર,
પિન : ૩૬૧૦૦૧. **Mo. 98248 36500**

**ઈન્તેકાલ પુરમલાલ !** **ભરૂચ (કસક)** : ખાતે મર્હૂમા હુરીબેન ઈસ્માઈલ ઈખરવાળા (કસક)નો તા. ૧૩–૧૧–૨૦૧૬ રવિવારના રોજ ઈન્તેકાલ થયો છે. મર્હૂમાના ઈસાલે સવાબ અર્થે તેમના ફરઝંદ ઐયૂબભાઈ તરફથી **Rs.15,000/- "નૂરી અવરાદો વઝાઈફ"** કિતાબ ફ્રી વિતરણ કરવા માટે તેમજ **Rs. 5,000/-** લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે. (આમીન)

**દયાદરા** : ખાતે અલી મૂસા ગોડાઉનવાળાનો તા. ૨૪–૧૧–૨૦૧૬ (૨૫–સફર, હિ.સ.૧૪૩૮) જુમેરાતના રોજ ૮૮ વરસની વયે ઈન્તેકાલ થયો. તેમજ નૂરજહાં ઈસ્માઈલ ઓડીટરનો તા. ૨૮–૧૧–૨૦૧૬, સોમવારના રોજ ઈન્તેકાલ થયો.

**નબીપુર** : મુકામે ૫–૧૨–૨૦૧૬ સોમવારના રોજ ડાહીબીબી આદમ (ભીખાભાઈ) ડેમાનો લગભગ ૮૦ વરસની વયે ઈન્તેકાલ થયો છે.

**પારખેત** : મુકામે તા. ૧૯–૧૨–૨૦૧૬ સોમવારે હુરીબેન યૂસુફ પટેલ (હાફિઝ મહેબૂબ સરનારવી–બ્લેકબર્નનાં સાસુમા) ૭૦ વરસની વયે ઈન્તેકાલ કરી ગયાં છે.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# હજ્જ-ઉમરાહમાં જવા ની ઈચ્છા રાખતા હાજીઓ માટે અમન ટ્રાવેલ તરફથી આનંદ દાયક જાહેરાત

**જાન્યુઆરી થી માર્ચ મહિના સુધી દર શનિવારે ઉમરાહ પ્રવાસ**

**પ્રવાસની ફિક્સ તારીખ** **(૧૪ રાત્રી ૧૫ દિવસ)**

- તા. ૦૭-૧૪-૨૧-૨૮ જાન્યુઆરી ૨૦૧૭
- તા. ૦૪-૧૧-૧૮-૨૫ ફેબ્રુઆરી ૨૦૧૭
- તા. ૦૪-૧૧-૧૮-૨૫ માર્ચ ૨૦૧૭

## પેકેજ ની કિંમત

- રૂા.૫૫,૭૬૮ એક રૂમ માં 5 વ્યકિત
- રૂા.૫૬,૭૬૮ એક રૂમ માં 4 વ્યકિત
- રૂા.૫૮,૭૬૮ એક રૂમ માં 3 વ્યકિત
- રૂા.૬૫,૭૬૮ એક રૂમ માં 2 વ્યકિત

બાળક બેડ સાથે - મોટા વ્યકિત પ્રમાણે

બાળક બેડ વગર - રૂા.૪૩,૭૬૮

બે વર્ષ સુધી નું બાળક રૂા. ૧૬,૭૮૬

### :: સુવિધા ::

- મુંબઈ થી મુંબઈ પ્રવાસ
- ઉમરાહ વિઝા
- મકકા હોટલ-દલ્લાહ અઝિયાદ ૭ રાત્રી
- મદીના હોટલ - કરમ દબાહી ૭ રાત્રી
- રાઉન્ડ ટ્રીપ ટ્રાન્સફર
- એર ટિકિટ (રીટન-વાયા-જેટ)
- સવાર નાસ્તો બપોરે જમવાનું રાત્રે જમવાનુ
- લોન્ડ્રી સુવિધા (રોજના ૩ કપડા)
- મકકાહ - મદીના માં ઝિયારત

## હજ્જ-૨૦૧૭માં જવા ઈચ્છતા હાજીઓ માટે

**અમદાવાદ થી અમદાવાદ***
(વાયા ફલાઈટ/એર ઈન્ડિયા)*
**રૂા. ૩,૩૫,૭૮૬***

**મુંબઈ થી મુંબઈ***
(ડાયરેકટ ફલાઈટ/સાઉદી અથવા જેટ)*
**રૂા. ૩,૨૫,૭૮૬***

અંદાજીત પ્રવાસ દિવસ : ૩૫

• હોટલ : ૩ સ્ટાર મકકાહ શરીફ (350-500 મીટર) • હોટલ : ૩ સ્ટાર મદીના શરીફ (250-300 મીટર)

**નોંધ : બધી જ ચલણી નોટ સ્વીકારવામાં આવશે. છેલ્લી તારીખ : ૨૫/૧૨/૨૦૧૬**

# અમન ટ્રાવેલ

૧૪, આદર્શ માર્કેટ, ભરૂચ ગ્લોબલ હોસ્પિટલની નીચે,
પાંચબત્તી, ભરૂચ-૩૯૨૦૦૧. ફોન નં. ૦૨૬૪૨-૨૪૨૪૫૫

૯૪૨૮૬૮૬૨૬૬ ૯૭૨૪૨૯૪૨૦૫ મો. ૯૧૫૭૮૬૬૬૬૧

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક કરો